ભાગ ૨



# આધુનિક મનના મુંઝવતા પ્રશ્નોના જવાબ

25
CBGB2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-21

# બાઇબલ-અભ્યાસ

(બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૨જો

લેખક :
રેવ. જયાનંદ આઈ. ચૌહાન, એમ. એ. (જર્નાલિઝમ)
કનાન, મિશન રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

*પ્રકાશક :*
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ
અમદાવાદ-૩૮૦૦૦૬


આવૃત્તિ : પુનર્મુદ્રણ ૧૯૯૫
નકલ : ૧૦૦૦

**કિંમત : રૂ. ૧૨.૦૦**

ટાઈપસેટિંગ :
**શારદા મુદ્રણાલય**
જુમ્મા મસ્જિદ સામે
ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

*મુદ્રક :*
ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪

## સ્વ. વડીલ શ્રી રોબર્ટભાઈ શિવલાલ



જન્મ ખઢાણા તા. ૮-૧૨-૧૯૧૦ મૃત્યુ તા. ૨૪-૨-૧૯૭૪

સ્વ. વડીલ શ્રી રોબર્ટભાઈએ પત્ની આપલોન્યાબહેનનાં મૃત્યુ બાદ નાનાં બાળકોને ઉછેરવાની સાથે, ખ્રિસ્તી સમાજને ઉન્નતિને પંથે લઈ જવા ઘણી સંસ્થાઓમાં સક્રિય કામગીરી બજાવી. તેમાં મંડળી ઉપરાંત ઇન્ડિયન ક્રિશ્ચિયન એસોસીએશન અને ક્રિશ્ચિયન કોઓપરેટીવ ક્રેડિટ સોસાયટીની સેવા પણ નોંધપાત્ર છે. વર્ષો સુધી તેમણે વડીલ અને પંચમાં ઉપયોગી ને મૂલ્યવાન સેવા બજાવી. મંડળીની સેવા સાથે તેમણે મ્યુ. સ્કૂલબોર્ડમાં શિક્ષક તરીકે ઉત્તમ કામ કર્યું હતું. તેમનાં બાળકોએ પણ પિતાને પગલે ચાલી ઉત્તમ સામાજિક સેવા બજાવી છે. સ્વ. વડીલ શ્રી રોબર્ટભાઈના સ્મરણાર્થે પ્રસિદ્ધ થતા આ પુસ્તક માટે તેમના પુત્ર શ્રી વિજયકાંત તરફથી રૂ. ૫૦૦૦/-નું ઉમદા દાન મળ્યું છે.

# બે શબ્દો કહી લઉં –

આ 'બાઈબલ અભ્યાસ' આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના ઉત્તરો આપ્યા – 'ખ્રિસ્તીબંધુ' દ્વારા. એ પ્રશ્નોત્તરાવલી ક્રમશઃ ૧૯૭૫થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬થી કહું તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ.

પહેલો ભાગ બહાર પડી ચૂક્યો છે. આ બીજો ભાગ બહાર પડે છે. અને હવે લાંબી મુદત પછી ત્રીજો.

જાણકારીનો દાવો કરવાની અહીં ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ ચાલતી હતી. મનમાં ઘણા ઘણા પ્રશ્નો હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું-લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો લાગ્યો નહિ. પણ પછી પરમપિતાએ ક્રમશઃ ક્રમશઃ પ્રકાશ આપવા માંડ્યો.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઈબલ-અભ્યાસ, કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના ! એ બધાંનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું ! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો, મૂંઝવણોમાં સહાયરૂપ બનવા આ પ્રશ્નોત્તરાવલી શરૂ થઈ.

અને બાઈબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલા બનીને આ પ્રયાસને વધાવી લીધો, પત્રો લખ્યા, જાતે મળ્યા, આભાર અને આનંદ વ્યક્ત કર્યા. ખરું કહું ? મારી ઉપર મૂકેલા આ ભરોસા માટે છાનો છાનો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ.

આ કટારોને **ખ્રિસ્તીબંધુ**નાં તંત્રીથી જયવંતીબહેન જે. ચૌહાણે ઉદારભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન દઈ ઉત્તેજન આપ્યું માટે એમનો આભાર.

છેવટે, પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્ભુત વચન (બાઈબલ) માટે ત્રૈએક ઈશ્વરનો આભાર.

**આમીન.**

# બીજા ભાગની પ્રસ્તાવના

પહેલા ભાગને વાચકોએ અપૂર્વ ઉત્સાહથી વધાવી લીધો તેનો ખૂબ આનંદ છે. અને પછી તો બીજા ભાગ માટે માગ વધતી જ ચાલી ! એટલે આ બીજો ભાગ ઉતાવળે ઉતાવળે રજૂ કરું છું. ત્રીજો ભાગ લાંબી મુદત પછી બહાર પડશે. ભારે સહકાર બદલ વાચકોનો અને ચાહકોનો આભાર.

## અનુક્રમ


૧. પ્રભુ ઈસુનો જન્મ કયા મહિનામાં અને કઈ તારીખે ? . . ૧

૨. પ્રભુ ઈસુનો જન્મ ક્યારે થયો ? . . . . . . . . . . . ૬

૩. બેથલેહેમનો તારો એ કયો તારો ? . . . . . . . . . . ૯

૪. બળતું ઝાંડવું કેમ ભસ્મ નહોતું થતું ? . . . . . . . . . ૧૨

૫. પ્રભુ ઈસુના ભાઈઓ. . . . . . . . . . . . . . . . . ૧૫

૬. "ઝૂફાથી મને ધોજે" એટલે શું ? . . . . . . . . . . ૧૭

૭. શલોમોનની સેનાની વાર્ષિક આવક કેટલી ? . . . . . ૧૯

૮. "પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે" એટલે શું ? . . . ૨૦

૯. "ઈશ્વરના જેવું ભલુંભૂડું જાણનારાં" એટલે શું ? . . . ૨૧

૧૦. ઈસુ ખ્રિસ્ત પરિપૂર્ણ નહોતા શું કે તેમને દુ:ખ દ્વારા પરિપૂર્ણ કર્યા ? . . . . . . . . . . . . . . . . . . ૨૩

૧૧. દાનિયેલનાં સિત્તેર અઠવાડિયાંનો ખુલાસો. . . . . . . ૨૬
(સિત્તેર અઠવાડિયાં; પ્રભુ ઈસુનો જન્મ ક્યારે ?
પ્રભુ ઈસુનું મૃત્યુ ક્યારે થયું ? અઠવાડિયાનું માપ;
યહૂદીઓનું વર્ષ)

૧૨. પ્રભુ ઈસુ કેટલા દિવસ કબરમાં રહ્યા ? . . . . . . . ૩૦

૧૩. યોહાન એલિયાનો અવતાર ગણાય કે નહિ ? . . . . . ૩૩
૧૪. યહૂદીઓનું પંચાંગ (કેલેન્ડર). . . . . . . . . . . . . ૩૫
૧૫. પ્રતિષ્ઠાપર્વ શું છે ? . . . . . . . . . . . . . . . ૩૯
૧૬. ૧ થેસ્સા ૨:૬માં જણાવેલો ''અટકાવનાર'' કોણ ? . . . ૪૦
૧૭. પ્રભુ ઈસુના મૃત્યુ માટે યહૂદાને શા માટે દોષિત ગણવો ? ૪૨
(પ્રભુનું પૂર્વજ્ઞાન અને પૂર્વસંકલ્પ; નસીબવાદ, કિસ્મતવાદ)
૧૮. 'ભૂતો' શું છે ? એમની હયાતી છે ? . . . . . . . . ૪૪
(શમુએલ કબરમાંથી ઊઠીને આવ્યો હતો ?)
૧૯. પુનરુત્થાનમાં પરણવા-પરણાવવાનું નથી ? [સ્ત્રી-પુરુષની . ૫૨
જાતિ રહેશે કે નહિ ?)
૨૦. ભટકેલાં પાપીઓનો ન્યાય બે વખત થશે ? . . . . . . ૫૯
૨૧. માણસો માટે ઈશ્વરના ઠરાવો (પૂર્વસંકલ્પ) અને
કિસ્મતવાદમાં શો ફરક ? . . . . . . . . . . . . . ૬૨
૨૨. પ્રભુ ઈસુની વંશાવળી . . . . . . . . . . . . . . ૬૯
૨૩. મનુષ્યજાત પૃથ્વી પર કેટલાં વર્ષોથી છે ? . . . . . . . ૭૫
૨૪. જળપ્રલયનો વિસ્તાર કેટલો ? . . . . . . . . . . . ૮૦
૨૫. શાઉલનું મૃત્યુ કેવી રીતે થયું ? – લડાઈમાં મરાયો ?
આપઘાત કર્યો ? કે ખૂન થયું ? . . . . . . . . . ૮૬
૨૬. અયૂબ માણસના પુનરુત્થાનનો નકાર કરે છે કે,
પુનરુત્થાનમાં માને છે ? . . . . . . . . . . . . . ૮૮
૨૭. ઈસુ ખ્રિસ્ત પિતાની સમકક્ષ કે ઊતરતા ? . . . . . . . ૯૩
૨૮. 'ગિરિપ્રવચન'નાં બે વૃત્તાંતમાં તફાવત કેમ ? . . . . . ૯૪
૨૯. ઈશ્વર એક જ છે કે ત્રણ મળીને એક (ત્રૈએક) છે ? . . ૯૬
૩૦. 'પાસ્ખા' એટલે શું ? યહૂદીઓ પાસ્ખામાં હલવાન
કેમ નથી કાપતા ? . . . . . . . . . . . . . . . ૯૯

## ૧. પ્રભુ ઈસુનો જન્મ કયા મહિનામાં અને તારીખે ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુનો જન્મ ક્યારે થયો ? બાઇબલમાં તો કોઈ માસ કે તારીખ આપી નથી.

**જવાબ :** ખ્રિસ્તી મંડળીની શરૂઆતના સૈકામાં પ્રભુ ઈસુનો જન્મ જાન્યુઆરી છઠ્ઠીએ ઉજવવામાં આવતો. જાન્યુઆરીની પાંચમી તથા છઠ્ઠીએ પ્રભુ ઈસુનો જન્મ, ભરવાડો તથા માગીઓનું આવવું, કાનામાં લગ્ન-પ્રસંગ, પ્રભુ ઈસુનું બાપ્તિસ્મા, વગેરે ઉજવવામાં આવતાં. આજે પણ કેટલીક ઈસ્ટર્ન ઓર્થોડોક્સ મંડળીઓ પ્રભુ ઈસુના જન્મદિનની ઉજવણી જાન્યુઆરી છઠ્ઠીએ કરે છે.

સિરિયા (અરામ)ની મંડળીના પિતૃ એફ્રાઈમે તે ઉજવણી વિષેનું કરેલું વર્ણન આજે પણ સચવાઈ રહ્યું છે. ખ્રિસ્તી તહેવારોમાં એ બહુ ઉચ્ચ કક્ષાનો તહેવાર ગણાતો. એ દિને પ્રત્યેક ઘરને ફૂલહારથી સજવામાં આવતું. આ તહેવાર (પર્વ)ને ''ઈપીફની''નો તહેવાર કહેવામાં આવતો. 'એપીફની' એટલે દેખાવું.

એથેરીઆ નામની બાઈએ તે સમયમાં યાત્રી તરીકે ત્રણ વર્ષ પાલેસ્તાઈનમાં ગાળેલાં. તેણે જાન્યુઆરીની ૫ – ૬ તારીખોએ ઉજવાતા આ પર્વની ઉજવણીનું વર્ણન કર્યું છે. તે જણાવે છે કે, જાન્યુઆરી ૫-૬ની રાતે બિશપ સરઘસ સાથે બેથલેહેમ જતા, અને જે ગુફામાં પ્રભુ ઈસુનો જન્મ થયેલો ત્યાં રાતને સમયે ભક્તિસભા રાખતા. સૂર્યોદય થયા પૂર્વે તેઓ યરુશાલેમ આવી જતા, અને આખે રસ્તે ખ્રિસ્ત-મહિમાનાં ગીતો ગાતા. સવારમાં છઠ્ઠીએ યરુશાલેમમાં આવેલા ઉત્થાનના મંદિરમાં તેઓ પ્રવેશતા, ત્યાં હજારો મીણબત્તીઓથી બધું ઝળાંઝળાં પ્રકાશિત કરવામાં આવતું. ત્યાં તેઓ સ્તોત્રો ગાતા, અને ધર્મસેવકો પ્રાર્થનાઓ ચઢાવતા. પછી થોડા કલાકને માટે ઘેર જઈ આરામ કરતા. મધ્યાહ્ન સમયે તેઓ ફરીથી એ જ મંદિરમાં ભેગા મળતા.

લગભગ ચોથી સદીમાં જાન્યુઆરી ૬ઠ્ઠીને બદલે ડિસેમ્બરની ૨૫મીને ખ્રિસ્તના જન્મની જયંતી તરીકે ઉજવવાનું શરૂ કર્યું. આ વિષે ચોક્કસ કારણો અને ચોક્કસ સમય સંબંધી અભ્યાસકોમાં મતભેદ છે. પણ આ શક્યતા વધુ વજનદાર ગણી શકાય કે ઈ.સ. ૩૨૫થી ૩૫૪ના ગાળામાં રોમ શહેરમાં પ્રથમ ફેરફાર થયો, એટલે કે જાન્યુઆરી ૬ઠ્ઠીને બદલે ડિસેમ્બર ૨૫મી ઉજવાવા લાગી.

તે સમયે મિથ્રા નામનો ધર્મ રોમન સામ્રાજ્યના વિસ્તારમાં ખૂબ જોરશોરમાં ચાલતો હતો. મિથ્રા ધર્મમાં સૂર્યપૂજા હતી, અને એ ધર્મનો મુખ્ય તહેવાર ડિસેમ્બર ૨૫મીએ આવતો હતો. તે દિને ખાસ સૂર્યપૂજા થતી, અને ત્રીજી સદીમાં – જો કે રોમનોમાં મિથ્રા ધર્મ નહોતો છતાં – સૂર્ય-પૂજા હતી અને ડિસેમ્બર ૨૫મીએ ખાસ રમત-ગમત રાખવામાં આવતી. મોટાં મોટાં તાપણાં કરવામાં આવતાં જેથી શિયાળામાં ઠંડા જણાતા સૂર્યને ક્ષિતિજથી ઉપર ચઢવા રાહત મળે.

તે સમયની ગણતરી પ્રમાણે સૂર્ય દક્ષિણાયનમાં આખરી કક્ષાએ પહોંચતો મનાતો. પૃથ્વી આ દિવસે સૂર્યથી આઘામાં આઘી હોય છે. એ પછી દિવસ લાંબો થાય છે. આથી મિથ્રા ધર્મના સૂર્ય-પૂજકો ડિસેમ્બર ૨૫મીને આકાશી પુત્ર-જન્મના તહેવાર તરીકે ઊજવતા. ચોથી સદીમાં મિથ્રા ધર્મ રોમન સામ્રાજ્યમાં અને વિશેષ કરીને રૂમી સિપાઈઓમાં વધારે પ્રચલિત થયો, અને થોડો સમય લગી તો ખ્રિસ્તી ધર્મનો કટ્ટો હરીફ બની ગયો.

આથી એમ ધારવામાં આવે છે કે રોમન મંડળીએ વિધર્મી પૂજાનો વિરોધ કરવા ખાતર ડિસેમ્બરની ૨૫મીએ નાતાલ-ઉજવણી પાળવાનું નક્કી કર્યું. એ દિવસે વિધર્મીઓ સૂર્યપૂજા કરે એમાં ખ્રિસ્તીઓ કોઈ રીતે ખેંચાય નહિ, કે ભાગ લે નહિ, માટે એ જ દિવસે નાતાલનું પર્વ ઉજવવાનું નક્કી કર્યું. તેઓએ આવું વિચાર્યું : વિધર્મી તહેવારમાં સૂર્યપૂજા હતી; જ્યારે ખ્રિસ્ત પણ 'ન્યાયીપણાનો સૂર્ય જ' હતો ને ! ઘરડા સિમઓને પણ કહ્યું હતું ને (લૂક ૨:૩૨) કે, ''વિદેશીઓને પ્રકાશ

આપવા સારુ, તથા તારા ઈઝરાયેલી લોકોનો મહિમા થવા સારુ તે પ્રકાશરૂપ છે.'' તેથી જ મિલાનના બિશપ આમ્બ્રોસે કહેલું કે, ''ખ્રિસ્ત આપણો નવો સૂર્ય છે.''

શરૂઆતમાં એમ જ લાગે છે કે મિથ્યા ધર્મની અસર તળે આવેલા કેટલાક ખ્રિસ્તીઓ પણ સૂર્યપૂજા અપનાવતા. સંત ઑગસ્ટીન ખ્રિસ્તી લોકોને શિખામણ દેતાં કહે છે કે વિધર્મીઓની માફક ડિસેમ્બર ૨૫મીએ સૂર્યની પૂજા ન કરતાં સૂર્યના સૃજનારની આરાધના કરે.

ચોથી સદીના બીજા ભાગમાં ડિસેમ્બર ૨૫મી ખ્રિસ્તજયંતીના પર્વ તરીકે પશ્ચિમની મંડળી રોમથી શરૂ થઈ ખ્રિસ્તીજગતમાં કેવી રીતે પ્રચાર પામી ? રોમે પૂર્વની મંડળીઓમાં બહુ બહુ પ્રચાર કર્યો કે આ ડિસેમ્બર ૨૫મીને નાતાલના તહેવાર તરીકે ગણો. પૂર્વની ઘણીખરી મંડળીઓ હજીયે જાન્યુઆરી ૬ઠ્ઠીને ચુસ્ત વળગી રહી હતી. સિરિયાની મંડળીએ ડિસેમ્બર ૨૫મીનો જબરો વિરોધ કર્યો હતો, ને અંત્યોખમાં એક દાયકા લગી ડિસેમ્બર ૨૫મીને નિષ્ફળતા મળેલી. ક્રિસોસ્તમે પ્રથમ પોતાની મંડળીમાં ડિસેમ્બર ૨૫મીને તહેવાર તરીકે અપનાવી. કોન્સ્ટાન્ટીનોપલમાં ૩૭૯ની સાલમાં નાઝીઆન્ઝસના ગ્રેગરીની આગેવાની નીચે એ તહેવાર અપનાવવામાં આવ્યો. અને આ બધી પૂર્વની મંડળીઓ હતી. યરુશાલેમની મંડળી તો જાન્યુઆરી ૬ઠ્ઠીને જ લાંબા સમય માટે વળગી રહી. સંભવિત છે કે, ૬ઠ્ઠી સદીના મધ્યભાગમાં પાલેસ્તાઈનની મંડળીએ ડિસેમ્બર ૨૫મી સામેનો વિરોધ તજી દીધો. આર્મિનિયન મંડળી તો આજદિન લગી જાન્યુઆરી છઠ્ઠીને જ પાળતી આવી છે.

**ઈસુનો જન્મ ડિસેમ્બર સિવાય બીજા કોઈ મહિનામાં થયેલો, તેની કેટલીક સાબિતીઓ જોઈએ :**

**પહેલી સાબિતી : યોહાન બાપ્તિસ્તના જન્મ પરથી** (લૂક ૧ : ૨૯-૩૬ પરથી) જાણી શકાય છે કે યોહાન બાપ્તિસ્ત પ્રભુ ઈસુ કરતાં છ મહિના મોટો હતો. એનો અર્થ એ જ કે એલિસાબેતે ગર્ભ ધારણ

કર્યા પછી છ મહિને ગાબ્રિયેલ દૂતે મરિયમને દર્શન દીધું. તો હવે આપણે પ્રથમ એ જાણવું જરૂરી છે કે દૂતે ઝખાર્યાને યોહાનના જન્મ વિષે ક્યારે ભવિષ્યકથન જણાવ્યું અને યોહાનનો જન્મ ક્યારે થયો. લૂક ૧:૫, ૮, ૯માં આપવામાં આવ્યું છે કે, ''અબિયાના વર્ગમાંનો ઝખાર્યા નામે એક યાજક હતો... તે પોતાના વર્ગના વારા પ્રમાણે યાજકનું કામ દેવની આગળ કરતો હતો. એટલામાં યાજકપદના રિવાજ પ્રમાણે પ્રભુના મંદિરમાં ધૂપ ચઢાવવાનો તેનો વારો આવ્યો.'' દાવિદ રાજાએ યાજકોના ૨૪ વર્ગ પાડ્યા હતા, અને તેમના ક્રમ પ્રમાણે એ વર્ગોએ વારાફરતી પંદર પંદર દિવસ માટે મંદિરમાં સેવા આપવાની હતી [ ૧ કાળવૃત્તાંત ૨૪:૭-૧૮]. અબિયાના વર્ગનો વારો ૮મો હતો (જુઓ કલમ ૧૦). દરેક યાજકે વર્ષમાં ૧૫ દિવસ (એટલે કે એક પખવાડિયા) માટે યાજકપદ તરીકેની સેવા આપવી રહેતી. એ પ્રમાણે ઝખાર્યાનો વારો યહૂદી ચોથા માસ તામ્મુસ (અંગ્રેજી જુલાઈ)ના બીજા પખવાડિયામાં આવ્યો. આ વખતે દૂતે ઝખાર્યાને યોહાનના જન્મ સંબંધી ભવિષ્યકથન જણાવ્યું.

આથી ઝખાર્યા યાજકપદના વારામાંથી છૂટો થઈ ઘેર પાછો આવ્યો તે પછી એલિસાબેતે ઑગસ્ટની શરૂઆતમાં યોહાનનો ગર્ભ ધારણ કર્યો હોવો જોઈએ. પછીના વર્ષના મે માસની શરૂઆતમાં યોહાનનો જન્મ થયો હોવો જોઈએ. એલિસાબેતે ગર્ભ ધારણ કર્યાને છઠ્ઠે મહિને એટલે કે જાન્યુઆરીમાં ગાબ્રિયેલે મરિયમને ઈસુજન્મનું ભવિષ્યકથન કરી વધામણી દીધી. આથી સમજાય છે કે મરિયમે પવિત્રાત્માના યોગે જાન્યુઆરીમાં ગર્ભ ધારણ કર્યો, અને ઑક્ટોબરની શરૂઆતમાં ઈસુને જન્મ આપ્યો.

**બીજી સાબિતી : દાનિયેલનાં સિત્તેર અઠવાડિયાં પરથી :** દાનિયેલના પુસ્તકમાં (દાનિ. ૯ : ૨૧-૨૭) સિત્તેર અઠવાડિયાંની અગમવાણી આપવામાં આવી છે. સાત સાત દિવસનાં નહિ, પણ સાત સાત વરસોનાં અઠવાડિયાં છે (જુઓ ગણના ૧૪ : ૩૪; હઝ. ૪ : ૫-૬). ''યરુશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી

માંડીને ઇઝરાયેલને માથે ૭૦ અઠવાડિયાં (૭૦+૭૦=૪૯૦ ભવિષ્યકથનનાં વર્ષ) વીતવાનાં હતાં. આમ ૬૯મા અઠવાડિયામાં ખ્રિસ્ત (મસીહા = અભિષિક્ત) આવશે, અને ૭૦મા અઠવાડિયાની અધવચમાં તે પોતાના મૃત્યુ દ્વારા બધાં "બલિદાન તથા અર્પણ બંધ કરાવશે."

ઈરાની રાજા આર્તાહશાસ્તાએ નહેમ્યાને યરુશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ આપ્યો (નહેમ્યા ૨ : ૧-૮). આ ઈ.સ. પૂર્વે ૪૪૫માં બન્યું. આ બધી ગણતરી કરતાં પ્રભુ ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ૪થી ૨ સુધીમાં તેમાંના કોઈક વર્ષે ઑક્ટોબરમાં થયો.

**ત્રીજી સાબિતી : ઘેટાંપાળકો રાતે ખેતરમાં ટોળાં સાથે હતા.** પ્રભુ ઈસુના જન્મ સમયે ઘેટાંપાળકો ખેતરમાં પોતાનાં ટોળાં સાચવતા પડ્યા હતા, એવું બાઇબલમાં લખેલું છે. પાલેસ્તાઇનમાં ડિસેમ્બર માસ તો શિયાળાની અધવચમાં આવે છે, જ્યારે કડકડતી ઠંડી હોય છે. વળી મોટે ભાગે તે સમયે વરસાદ (પાછલો વરસાદ) અને તોફાન પણ હોય છે. (જુઓ અંદરનું યહૂદી કેલેન્ડર ચક્ર) તે દિવસોમાં ભરવાડો પાધર યા ખેતરોમાં પડાવ નાખતા નથી. તેઓ ટોળાં લઈને દૂર દૂર ગયા હોય ત્યાંથી ઑક્ટોબર આખર સુધીમાં ઘરે આવી જાય છે. ઑક્ટોબર માસની શરૂઆત ઉનાળાના અંતના દિવસો હોય છે, આથી ઑક્ટબરમાં ઘેટાંપાળકો ટોળાં સાથે ખેતરમાં હોય એ સંભવિત છે. આમ ઈસુનો જન્મ ઑક્ટોબર સુધીમાં હોઈ શકે, પણ તે પછી નહિ.

**ચોથી સાબિતી :** લૂક ૨માં જણાવ્યા પ્રમાણે ઑગસ્તસ બાદશાહે બધાંને પોતપોતાના વતનમાં નામ નોંધાવવા જવા ફરમાવેલું. એ ફરમાન ડિસેમ્બરમાં વરસાદ અને પુષ્કળ ઠંડી હોય ત્યારે જવાનું હોય નહિ. એટલે કે મરિયમ તથા યોસેફ ડિસેમ્બરની અગાઉના કોઈ મહિનામાં બેથલેહેમ ગયાં હશે.

એક વાત તો ચોક્કસ છે કે ઈસુનો જન્મ ઈ.સ. ૧માં નહોતો થયો, પણ ઈ.સ. પૂર્વે ચારેક વર્ષ પર થયો હતો. એ વાત તો બાઇબલના તેમ જ બહારના જગતના અભ્યાસકો માન્ય રાખે છે. ઈ.સ. ૫૩૩માં

એક સિથિયન સાધુ ડાયોનિસિયસ એકઝીગસને ઈસુના જન્મની ગણતરી કરવા સોંપેલું. તેની ગણતરીમાં ભૂલ હોવાથી એ પાંચ-છ વર્ષનો તફાવત રહ્યો છે. પ્રભુ ઈસુ આજથી ૧૯૯૪ નહિ, પણ આશરે ૧૯૯૮ થી ૨૦૦૦ વર્ષ પર જન્મ્યા. ડાયોનિસિયસે જે ગણતરી કરી તેમાં ઈ.સ. પૂર્વે ૧ અને ઈ.સ. ૧ વચ્ચેનું ખગોળવિજ્ઞાનનું 'શૂન્ય' વર્ષ ભૂલી જવામાં આવેલું. વળી રોમન શહેનશાહ ઑગસ્તસે પોતાના જ ઓકટેવીઅન નામ નીચે ચાર વર્ષ રાજ કરેલું તે હકીકત ડાયોનિસિયસ ગણતરીમાં ભૂલી ગયો હતો. એમ ગણતરીમાં એ પાંચેક વર્ષનો તફાવત પડી ગયો. હેરોદ રાજા ઈ.સ. પૂર્વે ૪૦માં ગાદીએ આવ્યો. તેનો રાજ્યકાળ ઈ.સ. પૂર્વે ૪માં ખતમ થયો. ઈસુનો જન્મ હેરોદ રાજાની હયાતીમાં થયેલો. આ પરથી જોઈ શકીએ છીએ કે ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ૪માં કે એ પહેલાં થયો હોવો જોઈએ. બૃહસ્પતિ તથા શનિના ગ્રહોના જોડાણ સાથે આ સમય બંધબેસતો થાય છે.

પ્રભુ ઈસુના જન્મનો દિન યા માસ કોઈ ચોક્કસ જાણતું નથી, એનાં ઘણાં કારણ છે. સૌથી પ્રથમ તો અત્યારે જેમ બધી જ બાબતની નોંધણી પુસ્તકો યા દફતરોમાં રખાય છે તેમ તે સમયમાં એવું નહોતું. નોંધ રાખવાનું કોઈને સૂઝેલું પણ નહિ. પ્રભુ ઈસુનાં ગરીબ માબાપના ઘરમાં જન્મેલાની કોણ નોંધ રાખે ! પાછળથી શિષ્યો પણ આત્મિક બાબતોમાં ધ્યાન આપતા હોઈને આની યાદી વિષે ધ્યાન આપ્યું નથી, કે મહત્ત્વ આપ્યું નથી.

અમુક તારીખ એ અગત્યની વાત નથી. પ્રભુ ઈસુ જગતમાં આવ્યા એ સત્ય ઐતિહાસિક ઘટના જગતને માટે અતિ અગત્યની છે.

## ૨ પ્રભુ ઈસુનો જન્મ ક્યારે થયો ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુનો જન્મ કઈ સાલમાં થયો ? પ્રભુ ઈસુના જન્મથી ઈસ્વીસનની શરૂઆત થઈ એ બરાબર છે ને ? તમે એક જગાએ તમારા

પ્રવચનમાં કહેલું કે પ્રભુ ઈસુ ઈસ્વીસન પૂર્વે ચાર-પાંચ વર્ષ પર જન્મ્યા હતા. તો એ કેવી રીતે ?

**જવાબ :** અગાઉ ઘણાં જણે આને લગતા પ્રશ્ન પૂછ્યા છે. ઈસુના જન્મની તારીખ (નાતાલની તારીખ) અંગે અગાઉ આપણે ખ્રિસ્તીબંધુમાં જોઈ ગયા છીએ. સામાન્ય માણસ એમ માને છે કે ઈસુના જન્મથી ઈસ્વીસન શરૂ થઈ. અને અગાઉની કેટલીક સદીઓમાં એમ જ માનવામાં આવતું. એટલે કે પ્રભુ ઈસુ ઈસ્વીસન એકમાં જન્મ્યા, અને ઈ.સ. ૩૩ કે ૩૪માં મરણ પામ્યા.

પણ ડાયોનિસિયસ કેલેન્ડરની ગણતરી ભૂલને લીધે આ ભૂલ થવા પામી. મહાન હેરોદ જેણે બેથલેહેમનાં બાળકોને મારી નાખ્યાં હતાં, તે હેરોદ ઈ.સ. પૂર્વે ૪માં મરી ગયો. એ ઈતિહાસ-પ્રમાણિત વાત છે. એનો અર્થ એવો થયો કે પ્રભુ ઈસુ મહાન હેરોદના મરણ પહેલાં એટલે કે ઈ.સ. પૂર્વે ૪ પહેલાં જન્મ્યા. કારણ, હેરોદની હયાતીમાં ઈસુનો જન્મ થયો, અને પૂર્વના માગીઓ હેરોદ પાસે માહિતી મેળવવા ગયા હતા. આમ, જુદા જુદા બાઈબલ-અભ્યાસકો માને છે કે પ્રભુ ઈસુ ઈ. પૂર્વે ૬ થી ૪ સુધીમાં કોઈક સમયે જન્મ્યા – કોઈ ઈ. પૂર્વે ૬ ગણે છે, કોઈ ૫ ગણે છે, તો કોઈ ૪ ગણે છે. પ્રભુ ઈસુનું ક્રૂસારોહણ એ લેખે ઈ.સ. ૨૮ થી ૩૦ સુધીમાં થયું. કોઈ ઈ.સ. ૩૨માં પણ ગણે છે.

આપણું સામાન્ય ખ્રિસ્તી કેલેન્ડર ડાયોનિસિયસ એકઝીગસ નામના રોમન કેથોલિક ફાધરે (એબટે) શરૂઆતમાં તૈયાર કર્યું. તે ઈ.સ. ૫૫૬માં મૃત્યુ પામ્યો. એણે રોમન વર્ષ ૭૫૪ને લક્ષમાં રાખીને એને ઈસુના જન્મનું વર્ષ ગણી એ પૂર્વેનાં વર્ષોને ઈ. પૂર્વે ગણ્યાં, અને એ સાલ પછીનાં વર્ષોને ઈસ્વીસન તરીકે ગણ્યાં. એ રોમના ૭૫૪મા વર્ષને ડાયોનિસિયસે ઈ.સ. ૧ તરીકે ગણ્યું. પણ યહૂદી ઈતિહાસકાર જોસીફસના લખાણ પ્રમાણે પ્રભુ ઈસુના જન્મ પછી ટૂંક સમયમાં હેરોદ રાજા મરી ગયો (માથ્થી ૨:૧૯-૨૨). રોમના ૭૫૪મા વર્ષ પહેલાં કેટલાંક વર્ષે

હેરોદ મરી ગયો હતો. હેરોદને રોમનોએ રાજા બનાવ્યાની સાલ, રોમના વર્ષ એ.યુ.સી.) ૭૧૪ હતી અને એ પછી ૩૭ વર્ષે હેરોદનું મરણ થયું, એટલે રોમના વર્ષ ૭૫૧ કે ૭૫૦ માં એનું મરણ થયું. (જોસીફસે વર્ષના ટૂંકા ગાળાને પણ વર્ષ ગણી લીધું કે કેમ તે ખબર નથી.) જોસીફસના લખાણ પ્રમાણે હેરોદ રાજાએ પોતાના મરણ અગાઉ થોડા જ સમય પહેલાં બે યહૂદી રાબ્બીઓને મારી નાખ્યા હતા અને તે જ રાતે ચંદ્રગ્રહણ હતું. ખગોળશાસ્ત્રનું કેલેન્ડર બતાવે છે કે રોમન વર્ષ ૭૫૦માં માર્ચની ૧૨મી કે ૧૩મીએ ચંદ્રનું ખંડગ્રાસ ગ્રહણ હતું, જ્યારે ૭૫૧માં કોઈ ચંદ્રગ્રહણ નહોતું.

વળી જોસીફસ જણાવે છે કે હેરોદ પાસ્ખાપર્વના થોડા જ સમય પહેલાં મર્યો હતો. આ પાસ્ખાપર્વ રોમના વર્ષ ૭૫૦ની એપ્રિલની ૧૨મી તારીખે શરૂ થયું હતું. આ બધા ઉપરથી આપણે સહીસલામત રીતે કહી શકીએ કે હેરોદનું મરણ રોમના વર્ષ ૭૫૦ના એપ્રિલની ૧લીએ થયું. આ રોમનું ૭૫૦મું વર્ષ તે ઈ. પૂર્વે ૪ હતું. એટલે સુવાર્તાઓમાં ઈસુના જન્મથી માંડીને હેરોદના મરણ સુધીની નોંધેલી બધી બીનાઓ હેરોદના મૃત્યુ અગાઉ બેત્રણ મહિના જેટલા ગાળામાં બની. આ પરથી ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ૫ ના તદ્દન અંતભાગમાં કે ઈ.સ. પૂર્વે ૪૦ના શરૂઆતના ભાગમાં થયો એમ સહેલાઈથી માની શકાય.

પ્રભુ ઈસુનો જન્મદિન ડિસેમ્બરની ૨૫મી છે કે બીજો કોઈ એ પ્રશ્ન તો ઈસ્વીસનની ચોથી સદીમાં ઉપસ્થિત થયો જ નહોતો, એટલે ડિસેમ્બર ૨૫ મીને પ્રભુ ઈસુના સાચા જન્મદિન તરીકે ગણી ન શકીએ, પણ સત્યની નજદીક ગણીએ, તો પ્રભુ ઈસુનો જન્મ ઈસ્વીસન ૫ ના ડિસેમ્બરની ૨૫ મીએ થયો ગણાય. એટલે કે ડાયોનિસિયસે ઈસ્વીસન ૧ ના ડિસેમ્બરની ૨૫ મીને કેલેન્ડરમાં ઈસુના જન્મદિન તરીકે ગણેલો, તેના કરતાં ઉપરની આપણી ગણતરી પ્રમાણે પાંચ વર્ષ વહેલો ઈસુનો જન્મ થયેલો ગણાય. આમ ઈ.સ. ૫ ના ડિસેમ્બરની ૨૫ મીએ પ્રભુ ઈસુનો જન્મ થયો એમ ગણી શકાય.

## ૩ બેથલેહેમનો તારો એ ક્યો તારો ?

**પ્રશ્ન :** બેથલેહેમનો તારો એ કોઈ નવો જ તારો હતો કે પછી હયાત તારાઓમાંથી એકનો ઈશ્વરે ઉપયોગ કર્યો ?

**જવાબ :** આ પ્રશ્નનો જવાબ કોઈ માનવી આપી શકે નહિ. ઈશ્વર એકલા જ એ જાણે. છતાં સંશોધકોએ આ તારા સંબંધી સંશોધનો માટે પ્રયત્નો કર્યા છે, અને અનુમાનો બાંધ્યાં છે. નીચે એ બધાં આપું છું. એ સાચાં છે કે ખોટાં એ સંબંધી અહીં કંઈ છણાવટ નથી કરી.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે પૂર્વના દેશોના માગીઓ તારાની એંધાણીએ ઈસુનું ભજન કરવા આવ્યા. માથ્થી ૨ : ૨ માં લખ્યું છે : ''યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે ? કેમ કે પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ.''

સૈકાંથી માણસોમાં જિજ્ઞાસા થયા કરે છે કે, આ તારો કઈ જાતનો યા ક્યો તારો હશે. એ વિષે અનેક સંશોધનો તથા અનુમાનો કરવામાં આવ્યાં છે, અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા છે, અને મતો પણ ઊભા થયા છે.

સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનમાં ચોથે દિવસે સૂર્ય, ચંદ્ર તથા તારાઓની રજૂઆત છે. તેમાં તેઓને ઋતુઓ તથા દિવસો તથા વર્ષોને અર્થે ઠરાવવામાં આવ્યા; તે ઉપરાંત તેમને **'ચિહ્નો'** અર્થે પણ ઠરાવવામાં આવ્યા. વળી જગતના અંત વિષે ભવિષ્યકથન કરતાં પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું, ''અને તે દહાડાઓની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે'' (માથ્થી ૨૪:૨૯).

''અમે પૂર્વમાં તેનો તારો જોયો'' એમાંથી ''પૂર્વમાં'' માટે ગ્રીક શબ્દ છે : 'એન તે આનાતોલે,' એનો અર્થ ''પૂર્વમાં'' થાય, અને ''એના ઉગમણન વખતે'' પણ થાય.

માથ્થી ૨:૨માં 'તેનો તારો' એ શબ્દ વાપર્યા છે. અસલની ખ્રિસ્તી મંડળીનો ઓરીગન નામનો ધર્મપિતૃ (ઈ.સ. ૨૦૦) માનતો હતો કે બેથલેહેમનો એ તારો તદ્દન 'નવો તારો' હતો, એટલે કે આ ખાસ પ્રસંગને માટે જ એ નવો તારો સૃજવામાં આવ્યો હતો.

કેટલાક બીજા માને છે કે, એ તો બે ગ્રહો એ સમયે ભેગા થયા હતા, અને તેથી મોટો પ્રકાશ તેમાંથી નીકળતો હતો. શાહી ગણિતશાસ્ત્રી અને ખગોળવેત્તા જોહાનીસ કેપલરે પ્રાગ શહેરમાં દૂરબીન વડે ઈ.સ. ૧૬૦૩ના ડિસેમ્બરની ૧૭મીએ બે ગ્રહો-શનિ તથા બૃહસ્પતિનો યોગ (યુતિ યા જોડાણ) જોયું અને નોંધ્યું હતું. બન્ને એક જ તારા જેવા દેખાતા અને બહુ પ્રકાશિત હતા. યહૂદી રાબ્બીઓનાં લખાણોમાં (રાબ્બી અબ-આર્બેનલના લખાણમાં) એવી માન્યતા નોંધેલી છે કે, મીન નક્ષત્રમાં શનિ અને બૃહસ્પતિના જોડાણ સમયે મસીહા જનમશે. કેપલરે વારંવાર કરેલી ગણતરી એમ બતાવે છે કે ઈ.સ. પૂર્વે ૬માં મીન નક્ષત્રમાં શનિ અને બૃહસ્પતિનો યોગ થયો. આ વિષે પુસ્તકો પણ છાપ્યાં. એ જ અરસામાં (ઈ.સ. પૂર્વે ૬માં) પ્રભુ ઈસુનો જન્મ થયો.

ઈ.સ. ૧૯૨૫માં જર્મન અભ્યાસક અને નિષ્ણાત એવા પી. સ્કેનાબેલે બાબિલોનની પાછળથી પ્રચલિત થયેલી શંકુ આકારની લિપિ ઉકેલી. તે જમાનાની સંસ્થાઓનું આ લિપિમાં વર્ણન હતું. એમાં બાબિલોનના સિપાર શહેરની વેધશાળા (જ્યોતિર્વિદ્યા)નાં નિરીક્ષણો વિષે પણ વિસ્તારથી નોંધ છે. આપણા કેલેન્ડરની કાળગણતરી પ્રમાણે ઈ.સ. પૂર્વે ૭માં પાંચ મહિના સુધીનો આ શનિ તથા બૃહસ્પતિના યોગનો અભ્યાસ (યા નિરીક્ષણ) આપ્યો છે.

આજે 'કોઝમિક' ઘડિયાળ દ્વારા હજારો વર્ષ પહેલાંની તારાઓ તથા નક્ષત્રોની કક્ષા જોઈ – જાણી શકાય છે. વળી આજે પ્લાનેટોરિયમ દ્વારા પણ એ જ રીતે હજારો વર્ષ પહેલાંની નક્ષત્રોની કક્ષા જોઈ – જાણી શકાય છે. ચાહે તે વર્ષ, માસ તથા તારીખની નક્ષત્રોની કક્ષા એ બંને રીતે અણીશુદ્ધ જાણી શકાય છે. એ બંને પદ્ધતિ દ્વારા પણ જોઈ

શકાયું છે કે, ઈ.સ. પૂર્વે ૭માં શનિ તથા બૃહસ્પતિ નક્ષત્રોની યુતિ થઈ હતી, – કેપલરે ગણ્યું હતું તેમ જ. વળી એ પણ જોઈ શકાયું છે કે, થોડા જ મહિનાના ગાળામાં ત્રણ વખત એ યોગ યા યુતિ થયાં હતાં. ગણિતની ચોક્કસ ગણતરીમાં દેખાયું એટલે કે પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે આ ત્રણે જોડાણ ભૂમધ્ય સમુદ્ર આસપાસ વધુ સ્પષ્ટ દેખાયાં.

અત્યારની ગણતરી મુજબ ઈ.સ. પૂર્વે ૭ના ફેબ્રુઆરીના અંતમાં શનિ તથા બૃહસ્પતિનું જોડાણ શરૂ થયું. બૃહસ્પતિ પોતાના કુંભ નક્ષત્રમાંથી નીકળીને મીન નક્ષત્રમાં શનિ તરફ વળ્યો. આ જોડાણ એપ્રિલની ૧૨મીએ સવારમાં દેખાવું શરૂ થયું. એ બંને ગ્રહોનું બીજું જોડાણ ઓક્ટોબર ૩જીએ (ઈ.સ. પૂર્વે ૭) થયું; અને ત્રીજો યોગ ડિસેમ્બર ૪ થીએ થયો. ઈ.સ. પૂર્વે ૬ના જાન્યુઆરીના અંતમાં બૃહસ્પતિ આઘો ખસી ગયો.

પ્રશ્ન એ પણ થાય કે પૂર્વ પ્રદેશના લોકો બેથલેહેમ કેમ ગયા ? ઈરાનના તથા આસપાસના વતનીઓ પ્રત્યેક જાણીતા તારાનો અર્થ કરતા. ખાલ્દીઓની માન્યતા મુજબ મીન નક્ષત્ર પશ્ચિમ ભણીના દેશોનું ચિહ્ન હતું. વળી યહૂદીઓમાં ચાલતી આવેલી માન્યતા પ્રમાણે મીન નક્ષત્ર 'ઈઝરાયલ'ની નિશાણી, યા મસીહનું ચિહ્ન હતું.

વળી સૂર્યના જૂના માર્ગ અને નવા ભ્રમણની વચ્ચે આ નક્ષત્ર હોઈને એ જૂના જમાનાનો અંત અને નવા જમાનાના ઉદયના પ્રતીક તરીકે મનાતું. તે ઉપરાંત બૃહસ્પતિને બધી પ્રજાઓ રાજવી ગ્રહ માને છે. અને જૂની યહૂદી માન્યતા મુજબ શનિ ઈઝરાયલના રક્ષણની નિશાની ગણાતું. બાબિલોનમાં શનિના ગ્રહને સિરિયા (અરામ) તથા પાલેસ્તાઈનનો ખાસ તારો કહ્યો છે.

હવે, ઓક્ટોબર ૩જીએ (ઈ.સ. પૂર્વે ૭માં) આગળ ઉપર જણાવેલું બૃહસ્પતિ તથા શનિનું જોડાણ થયું. એ દિવસ યહૂદીઓનો પ્રાયશ્ચિત્તનો દિવસ હતો. કદાચ એ તારો (યોગજોડાણ) જોઈને માગીઓએ મુસાફરી શરૂ કરી હોય. વેપારીઓની તથા અન્ય મુસાફરોની વણઝાર જે રસ્તે જતી તે પર ઊંટો દ્વારા મુસાફરી કરતાં દોઢ-બે માસ વીતી જાય. આમ

એ માગીઓ નવેમ્બરના અંત ભાગમાં યરુશાલેમ આવી પહોંચે. એ સમયે બે ગ્રહોનું જોડાણ દેખાતું બંધ થયું હોય, અને આથી માગીઓ હેરોદ રાજા પાસે ખબર કાઢવા જાય (માથ્થી ૨:૨-૩). ફરી તેઓ હેરોદ પાસેથી બેથલેહેમ જવા નીકળ્યા ત્યારે "તેઓ તારાને જોઈને મહા આનંદથી હરખાયા" (માથ્થી ૨:૯-૧૦). ખગોળવેત્તાઓના ઉપર જણાવેલા અભ્યાસ તથા નિરીક્ષણ પ્રમાણે બૃહસ્પતિ તથા શનિનું જોડાણ ફરી ડિસેમ્બર ૪થીએ ઈ.સ. પૂર્વે છમાં થયું.

બાઈબલના બીજા કેટલાક અભ્યાસકોનું માનવું એવું છે કે, આ ખાસ તારો એ કોઈ તારો નહોતો, પણ આકાશી દૂત હતો. સામાન્ય રીતે તારાઓ ચાલતા, એટલે કે મુસાફરોની આગળ આગળ ચાલતા, હોતા નથી, મકાન (ગભાણ) પર થંભતા નથી. આ તારો નહિ પણ ખાસ કામગીરી સોંપાયેલો દૂત હતો. બાઈબલમાં કેટલીયે જગાએ 'દૂતો'ને માટે 'તારા' શબ્દ વપરાયો છે. દાખલા તરીકે, અયૂબ ૩૮:૬ "જ્યારે – પ્રભાતના **તારાઓ** ભેગા મળીને ગાયન કરતા હતા, અને સર્વ દેવદૂતો હર્ષનાદ કરતા હતા...?" પ્રકટીકરણ ૯:૧, ૨ "જ્યારે પાંચમા દૂતે વગાડ્યું, ત્યારે મેં એક તારો આકાશમાંથી પૃથ્વી પર પડેલો જોયો; **'તેને'** ઊંડાણના ખાડાની કૂંચી આપવામાં આવી." એમાં 'તેને' માટે પુંલિગ (પુરુષવાચક સર્વનામ વાપર્યું છે; અંગ્રેજીમાં **Him/He** એટલે કે વ્યક્તિ માટે વપરાય તેવું સર્વનામ વાપર્યું છે. એટલે આ મત માનનારા કહે છે કે એ તારો એક દૂત હતો.

## ૪ 'બળતું ઝાડવું કેમ ભસ્મ નહોતું થતું ?'

**પ્રશ્ન** : નિર્ગમનના ૩જા અધ્યાયમાં ઈશ્વરે બળતા ઝાડવા મારફતે દર્શન આપ્યું તેની વાત આપેલી છે. એ ઝાડવું અગ્નિથી બળતું હતું પણ ભસ્મ થતું નહોતું. એ ઝાડવું કયું હશે ? એ કેમ ભસ્મ થતું નહોતું ? પ્રભુએ કેમ આવું દર્શન આપ્યું ?

જવાબ : સિનાયના અરણ્યમાં હોરેબ પર્વત પાસે આ બનાવ બન્યો. આ ઝાડવું ક્યું હશે એનો જવાબ શો આપી શકાય ? હા, એ પ્રદેશમાં અને અન્ય સ્થળે એક પ્રકારનો છોડ થાય છે જેનું નામ છે ફેકસીનેલા, અથવા 'વાયુવૃક્ષ'. એ મોટું વૃક્ષ હોતું નથી, પણ છોડવા યા ઝાડવા રૂપે થાય છે. એનાં ફૂલોનાં દીટાંઓ આસપાસ તેલની ગાંઠો હોય છે, અને એ તેલની ગાંઠોમાંથી હવામાં જલદી ઊડી – પ્રસરી જાય એવો, અને ઝડપથી ભડકારૂપે સળગી ઊઠે તેવો બાષ્પ યા વાયુ નીકળતો હોય છે. જો આ છોડની આસપાસનું વાતાવરણ ખૂબ તપી ઊઠે અથવા ગરમ થાય તો, અથવા કોઈ એ ફૂલો આગળ દીવાસળી પેટાવે તો વાયુ અગ્નિમાં પલટાય છે અને બહુ જ ચમકદાર એવા વાદળી રંગની જ્વાળાઓ એમાંથી આખાએ છોડ ઉપર નીકળે છે. કેટલાક લોકો માને છે કે મોશેએ જોયેલું બળતું ઝાડવું આ જ હતું.

મોશેને દેખાયેલું બળતું ઝાડવું આ જ હતું કે નહિ, એની કોઈ સાબિતી યા પુરાવા આપણી પાસે નથી. બાઈબલમાં એમ લખ્યું છે કે, ''મોશેએ કહ્યું કે, હવે હું પાસે જઈને આ ચમત્કારિક બનાવ જોઈશ'' (નિર્ગમન ૩:૩). આ કુદરતી બનાવ નહિ, પણ ચમત્કારિક બનાવ પણ હોઈ શકે. એ ચમત્કારિક દર્શન દ્વારા પ્રભુ મોશેને ખાસ પાઠ ભણાવવા માગતા હતા. પોતાના ઈઝરાયલ (હિબ્રૂ યા યહૂદી) લોકોને છોડાવવા પ્રભુ અત્યારે મોશેને તેડે છે, ત્યારે તે આ મહત્ત્વનો પાઠ શીખવે છે કે, જેમ ઝાડવું અગ્નિથી બળ્યા કરે છે, પણ ભસ્મ થતું નથી – નાશ પામતું નથી, તેમ જ ઈઝરાયલ પ્રજા જગતના ઈતિહાસમાં જલ્યા કરશે, પણ ભસ્મ નહિ થાય, ખત્મ નહિ થાય !

અને ઈતિહાસનાં પાનાંઓ પર એ જ હકીકત પ્રમાણે વાંચીએ છીએ. દાખલા તરીકે છેલ્લાં બે હજાર વર્ષથી દેશ વગરની આ ઈઝરાયલ પ્રજા દુનિયાની પીઠ ઉપર ૧૦૪ જેટલા દેશોમાં ભટકી રહી હતી. અને ક્યાંય તેમને આશરો મળતો નહોતો. સ્પેનમાં તેમની સામે અમાનુષી

વર્તાવ થયો; ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં પણ એક કાળે તેમની માલમિલકત લૂંટી લઈ હાંકી કાઢવામાં આવ્યા હતા. જર્મનીમાં તો આપણી આ સદીમાં જ હિટલરે દસ લાખ યહૂદીઓને મારી નાખ્યા, અને 'એન્ટી સેમિટિક' (યહૂદીઓની સામેની) ઝુંબેશ શરૂ કરી યહૂદીઓનું કાસળ કાઢવા નક્કી કર્યું. રશિયામાં પણ લાખો યહૂદીઓને આજના આપણા સમયમાં મારી નાખવામાં આવ્યા. છતાં યહૂદી પ્રજા ભસ્મીભૂત થઈ નથી.

આ પ્રજા દેશેદેશમાં કચડાયેલી, દેશ વગરની, રાજા કે રાજ્યાધિકારી વગરની, રાજધાની કે વતન કે મંદિર વગરની હોવા છતાં પ્રજા તરીકેનું તેનું અસ્તિત્વ ચાલુ જ રહ્યું છે. ઈતિહાસનો આ એક ચમત્કાર છે.

ધારો કે અન્ય કોઈ પ્રજાને, યહૂદી પ્રજાની જેમ, બે હજાર વર્ષ સુધી દેશ કે વતન વગરની, સરકાર વગરની, ઝંડા વગરની બનીને જગતની અન્ય પ્રજાઓમાં અને દેશોમાં અહીંથી તહીં ભટક્યા કરવું પડે, તો એ પ્રજાનું નોખું અસ્તિત્વ બે હજાર વર્ષ પછી રહે ખરું !

અંગ્રેજ લેખક ડીન ઈન્જ લખે છે: ''યહૂદી પ્રજા તેના બધા શત્રુઓની કબર આગળ ઊભી રહેતી આવી છે.'' મતલબ કે અન્ય અનેક બધી બળવાન પ્રજાઓ નાશ પામી ગઈ, પણ યહૂદી પ્રજા આજે અડીખમ હયાત છે. ચાર હજાર વર્ષથી યહૂદીઓનું પ્રજાપણું અને રાષ્ટ્રપણું સર્વ સંજોગોમાં, સંસ્કૃતિઓમાં, અને અનેક બધા દેશોમાં ચાલુ રહ્યું છે. તેને કચડનારી પ્રજાઓ ક્યારનીય કાળના કોળિયા બની ગઈ છે: હિત્તી, પરીઝી, અમોરી, યબૂસી, હિવ્વી, કનાની, અમાલેકી, પલિસ્તી, અદોમી, મોઆબી, આમ્મોની, આશ્શૂરી, ખાલદી, રૂમી અને એવી અનેક બીજી પ્રજાઓએ યહૂદીઓ સામે ઘાતકી હાથ ઉગામ્યો હતો. પણ આજે તેઓનાં નામનિશાન ભૂંસાઈ ગયાં છે. નીનવેહ અને બાબિલોનના આજે ઉજ્જડ ઉકરડા જ રહ્યા છે. યહૂદી પ્રજાને પરતંત્ર કરનારું એમનું સામ્રાજ્ય આજે તો નેસ્તનાબૂદ બની ગયું છે. પણ યહૂદી પ્રજા હયાત છે. એટલું જ નહિ, પણ બે હજાર વર્ષ પછી તેઓ વતનમાં આવીને વસ્યા છે, અને

૧૯૪૮માં ઈઝરાયલનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું છે ! બળતા ઝાડવાની પેઠે યહૂદી પ્રજા આજ સુધી સળગતી રહી, પણ ભસ્મ બની ગઈ નહિ.

અને હજી તો યહૂદીઓની સામે અતિ ભયંકર હલ્લો આવવાનો છે. ''યાકોબના સંકટનો સમય'' (યિર્મિયા ૩૦:૭; માથ્થી ૨૪:૨૧) હજી આવવાનો છે. દુનિયાની મોટા ભાગની પ્રજાઓ યરુશાલેમની સામે ઊઠવાની છે (પ્રક. ૨૦:૮-૯). પણ એમાં પણ પ્રભુ પોતે ઈઝરાયલનું રક્ષણ કરનાર છે.

આમ, પ્રભુ યહૂદી પ્રજાને મિસરમાંથી છોડાવવા મોશેને તેડે છે, તે વખતે જ આ બળતા ઝાડવા મારફતે પ્રભુ તેને બતાવે છે કે મારી પ્રેમી નજર મારી પસંદ કરેલી પ્રજા પર છે, અને તે માનવઈતિહાસમાં બળ્યા કરશે, પણ ભસ્મ નહિ થાય, ભસ્મીભૂત નહિ બની જાય.

## ૫. પ્રભુ ઈસુના ભાઈઓ :

**પ્રશ્ન :** પ્રભુ ઈસુને બીજા ભાઈઓ હતા ? માતા મરિયમને ઈસુ સિવાય બીજાં સંતાન થયાં હતાં ?

**જવાબ :** માથ્થી ૧૩:૫૫ તથા માર્ક ૬:૩ માં આપવામાં આવેલું છે કે ઈસુને ભાઈઓ તથા બહેનો હતાં. ત્યાં લખ્યું છે, ''શું એ સુતારનો દીકરો નથી ? એની માનું નામ મરિયમ નથી શું ? અને શું યાકોબ તથા યોસેફ તથા સિમોન તથા યહુદા તેના ભાઈઓ નથી ? અને શું એની સઘળી બહેનો આપણી પાસે નથી ?'' (માથ્થી ૧૩:૫૫-૫૬). વળી એ વિષે નીચેની કલમો પણ જોઈ શકાય : માથ્થી ૧૨:૪૬, ૪૭; માર્ક ૩:૩૧, ૩૨, ૬:૩; લૂક ૮:૧૯, ૨૦; યોહાન ૨:૧૨, ૭:૩,૧૦; પ્રે. કૃ. ૧:૧૪. પ્રભુ ઈસુની બહેનો પણ પરણીને એ જ વિસ્તારમાં રહેતી હતી અને માથ્થી ૧૩:૫૬ પ્રમાણે તો એવું લાગે છે કે તેઓ પરણીને નાઝરેથમાં જ રહેતી હતી.

માતા મરિયમ કાયમ કુંવારાં રહ્યાં નથી એની સાબિતીમાં પ્રથમ તો ઉપર જણાવેલી બીનાને **પ્રથમ** ગણી શકાય (એટલે કે પ્રભુ ઈસુના ભાઈઓનાં નામ આપવામાં આવ્યાં છે;) **બીજું** કે માથ્થી ૧૨:૪૬, ૪૭ માં લખ્યું છે, ''લોકોને તે (ઈસુ) હજુ વાત સંભળાવતો હતો એટલામાં જુઓ, તેની મા તથા તેના ભાઈઓ આવીને બહાર ઊભાં હતાં, ને તેની સાથે વાત કરવા ચાહતાં હતાં.'' વળી યોહાન ૨:૧૨ માં પણ કાનાના લગ્નમાં ઈસુની મા, ભાઈઓ તથા શિષ્યો નોતરેલાં બતાવ્યાં છે. ''એ પછી તે તેની મા, તેના ભાઈઓ તથા તેના શિષ્યો કાપરનાહુમમાં ઊતરી આવ્યાં, પણ ત્યાં તેઓ ઘણા દહાડા રહ્યાં નહિ'' ધ્યાનમાં રાખવાની **ત્રીજી** બાબત કે આખાયે બાઈબલમાં ક્યાંયે પતિ-પત્નીના શારીરિક સંબંધોને કુંવારાપણા કરતાં ઊતરતી કક્ષાના ગણ્યા નથી; ઊલટું ઈશ્વરે પોતે એને સ્થાપેલા છે અને માન્ય રાખેલા છે. ઉત્પત્તિ ૧:૨૮, ૯:૧, ૨૪:૬૦; નીતિ. ૫:૧૮; ગી. શા. ૧૨૭:૩; ૧ કરિંથી ૭:૫, ૯). (હા, અસંયમી જીવન નિષેધેલું છે.) **ચોથી** નોંધપાત્ર બાબત લૂક ૨:૭માં દેખાય છે : ''અને તેને **પોતાનો પ્રથમ** દીકરો જન્મ્યો.'' ''**પ્રથમ**'' શબ્દ કદાચ એવું દર્શાવે છે કે એ પછી મરિયમને બીજા દીકરા જન્મ્યા હશે.

પ્રભુ ઈસુના આ ભાઈઓએ ઈસુના જીવનકાળ દરમિયાન તેમનાં કામોમાં રસ લીધો નથી, અને તેમની ઉપર વિશ્વાસ કર્યો પણ લાગતો નથી. પરંતુ પ્રભુ ઈસુના સ્વર્ગગમન પછી તેમના ભાઈઓએ તેમના પર વિશ્વાસ કર્યો અને મંડળીમાં જોડાયા (પ્રે. કૃ. ૧:૧૪). ત્યાં લખ્યું છેઃ ''એ સઘળા સ્ત્રીઓ સહિત તથા ઈસુની મા મરિયમ અને તેના ભાઈઓ એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતા હતા.'' એમાંથી યાકોબ (પ્રભુ ઈસુનો ભાઈ) યરુશાલેમની મંડળીનો આગેવાન બન્યો (પ્રે. કૃ. ૧૨:૧૭, ૧૫:૧૩, ૨૧:૧૮; ગલાતિ ૧:૧૯, ૨:૯, ૧૨). એણે જ ''યાકોબનો પત્ર'' લખ્યો હતો.

## ૬. ઝુફાથી ધોવું એટલે શું ?

**પ્રશ્ન :** ગીતશાસ્ત્ર ૫૧:૭માં દાવિદ ગીતકર્તા લખે છે : ''ઝુફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઈશ. મને નવડાવ, તો હું હિમ કરતાં ધોળો થઈશ.'' દાવિદ રાજા પોતાના પાપ વિષે અહીં કબૂલાત કરી રહ્યો છે, ત્યારે ઝુફાથી પોતાને ધોવાની માગણી કરે છે. એ ઝુફો શું છે, અને એનાથી મનના પાપમાંથી કઈ રીતે શુદ્ધ થવાય ?

**જવાબ :** ઝુફો એક પ્રકારનું ઘાસ છે. જેમ ઘર ધોળવા માટે ભીંડી કે મુંજના રેસાનો ઝૂડો બનાવીને વાપરીએ છીએ, એવી જ રીતે આ ઝુફાના છોડ એકઠા કરીને એ વડે યહૂદીઓ યજ્ઞયાગમાં લોહીનો છંટકાવ કરતા હતા. ઘરની કે કોટની દીવાલોમાં અને ખડકોમાં બારથી અઢાર ઈંચના આ ઝુફાના છોડ ઊગી નીકળે છે (૧ રાજા ૪:૩૩). છોડમાંથી એક પ્રકારની આછી સુગંધ નીકળતી હોય છે. શુદ્ધીકરણને માટે પણ ઝુફો વપરાતો હતો. એ બધા વપરાશ માટે જુઓ લેવી ૧૪:૪,૬,૪૯,૫૧,૫૨; ગણના ૧૯:૬, ૧૮; હિબ્રૂ ૯:૧૯. ઝુફાની લાકડીની ટોચે સરકામાં ઝબોળેલી વાદળી બાંધીને પ્રભુ ઈસુને ચૂસવા (વધસ્તંભ પર) આપી હતી (યોહા. ૧૯:૨૯). સામાન્ય પ્રકારનો ઝુફો ફૂદિનાના વર્ગની વનસ્પતિ ગણાય છે. એનાં પાંદડાં પર અને ડાળીઓ પર ઘટાદાર વાળ હોય છે. એટલે લોહી યા પાણી એમાં સારા જથ્થામાં ઝીલાઈ રહે છે. મોટે ભાગે એરેજવૃક્ષની લાકડીએ ઝુફાનો ઝૂડો બાંધીને વાપરવામાં આવતો.

લેવી ૧૪:૪,૬-૭,૪૯,૫૧,૫૨માં કોઢી માણસના અને કોઢ વ્યાપેલા ઘરના શુદ્ધીકરણ માટે ઝુફો વાપરવામાં આવતો. દાવિદ એટલે જ ઝુફાની ઉપમા વાપરે છે. પાપરૂપી કોઢમાંથી શુદ્ધ થવા તે પ્રભુને પ્રાર્થનામાં આજીજી કરે છે કે ''ઝુફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઈશ.'' શુદ્ધીકરણ માટેનું રક્ત તથા પાણી ઝુફાથી છાંટવામાં આવતું હતું, એટલે દાવિદ ભક્ત એ જ ઉપમા વાપરે છે.

પણ દાવિદ ભક્ત ઝુફાથી પશુ કે પંખીનું રક્ત તેના પોતાના પર છાંટવા નથી કહેતો. કારણ દાવિદ ભક્તને ઊંડાણમાં એક વાતનું ભાન હતું કે ઈશ્વર "યજ્ઞથી રીઝતો નથી, નહિ તો હું તે અર્પણ કરત, તું દહનાર્પણથી આનંદ પામતો નથી" (ગી. શા. ૫૧ : ૧૬). તેના મનમાં એક વાત ઘોળાતી લાગે છે કે યજ્ઞાર્પણો, ઈત્યાદિ તો માત્ર ખરી બાબતના પડછાયા જ છે. ઈશ્વરપુત્ર મુક્તિદાતા પ્રભુ ઈસુનું જ રક્ત પાપમાંથી શુદ્ધ કરી શકે, એવું સ્પષ્ટ ભાન દાવિદ ભક્તને ન જ હોઈ શકે, પણ હૃદયના ઊંડાણમાંથી નીતરતો પસ્તાવો ભક્તને કંઈક આછું આછું ભાન કરાવે છે કે પોતાના પાપને લઈને પ્રભુની તથા પોતાની વચ્ચે અશુદ્ધતાની દીવાલ ખડી થઈ ગઈ છે, અને પશુઓનું રક્ત કદી એ દૂર કરી શકે નહિ; પણ પ્રભુ પોતે જ એ પાપ-દુઃખ પોતાના શિર પર લઈને, પોતે દુઃખ વહોરી લઈને ભક્તને માફી આપી શકે. (એ વધસ્તંભ જ થયો ને !) એટલે ભક્ત દાવિદ ઉપમા વાપરીને કહેવા માગે છે કે (ઈસુરૂપી) બલિદાનનું રક્ત ઝુફા વડે મને ધોઈ શુદ્ધ કરી શકે છે.

"મને નવડાવ, તો હું હિમ કરતાં ધોળો થઈશ." આકાશમાં અધ્ધર વાતાવરણમાં જે હિમકણો બંધાય છે તે પૃથ્વી પર સૌથી નિર્મળ અને શુદ્ધ ગણાય છે. પણ ભક્ત દાવિદ એમ નથી કહેતો કે, "મને નવડાવ, તો હું હિમ જેવો ધોળો થઈશ," પણ "**હિમ કરતાં** ધોળો થઈશ."

ભક્ત દાવિદને એ વાત કોણે જણાવી કે પૃથ્વી પર શુદ્ધમાં શુદ્ધ ગણાતા હિમકણો પણ પૂર્ણ શુદ્ધ નથી, પણ એમાં કંઈક મલિનતા છે ! એટલે જ એ ભક્ત કહે છે કે હિમ **કરતાં** ધોળો થઈશ." હમણાં વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે હિમના કણો બંધાવા માટે ધૂળકણો કે રજકણોની જરૂર રહે છે. વરસાદના એક જ ફોરામાં આવતા વરાળકણોને જામવા કે બંધાવા માટે પણ ધૂળકણોનાં રજકણોની જરૂર હોય છે, નહિ તો હિમકણો કે વરાળકણો બંધાય નહિ. એ બધા ધૂળકણો અવકાશમાં ખરતા તારાઓની

રાખ યા ભંગારના કણો છે. આમ, શુદ્ધમાં શુદ્ધ મનાતા હિમકણોના કેન્દ્રમાં ધૂળકણ હોય છે. એટલા પૂરતું એ અશુદ્ધ છે. તેથી જ કદાચ પવિત્ર આત્માએ ભક્ત પાસે બોલાવ્યું – લખાવ્યું કે ''મને નવડાવ તો હિમ કરતાં હું ધોળો થઈશ.''

## ૭ શલોમોનની સોનાની વાર્ષિક આવક કેટલી ?

**પ્રશ્ન :** બાઈબલમાં ૧ રાજા ૧૦ : ૧૪ માં લખ્યું છે : ''દર વર્ષે શલોમોનને ત્યાં સોનું આવતું તેનું વજન છસો છાસઠ તાલંત હતું.'' તો આજના ચલણી નાણાના રૂપિયામાં એ કેટલી કિંમતનું થયું ?

**જવાબ :** જૂના કરારના જમાનામાં 'તાલંત' તોલમાપમાં તોલવા માટેનું વજનિયું (કાટલું) હતું, એક રોયલ (શાહી) તાલંત એટલે ૬૦ કિલોગ્રામ થાય. (સામાન્ય 'તાલંત'ના ૩૦ કિલોગ્રામ થતા). છસોછાસઠ તાલંત સોનું શલોમોને દર વર્ષે દેશ બહારથી મળતું હતું. એ ૬૬૬ તાલંતના (૬૦ કિલોગ્રામ લેખે) ૩૯,૯૬૦ કિલોગ્રામ એટલે કે ૩,૯૯,૬૦,૦૦૦ ગ્રામ સોનું થયું. રૂ. ૧૩૭૦ના અત્યારના ભાવે એ ૬૬૬ તાલંત સોનાની કિંમત રૂપિયા ૫૪૭૪ કરોડ (રૂ. ૫૪,૭૪,૫૨,૦૦,૦૦૦) થાય. શલોમોન રાજાને દર વર્ષે પરદેશમાંથી મળતા માત્ર સોનાની આવક જ આટલી બધી થાય ! દર વર્ષે જો આટલી રકમ ભારતના સાઠ કરોડ લોકોને વહેંચવામાં આવે, તો ભારતની પ્રત્યેક વ્યક્તિને દર વર્ષે રૂ. ૯૧ મળે !

૧ રાજા ૧૦ : ૧૫ માં આગળ લખ્યું છે કે, ''વળી મુસાફર લોકો લાવતા હતા તે, ને વેપારીઓના વેપારથી તથા મિશ્ર લોકોના સર્વ રાજાઓ તરફથી તથા દેશના સૂબાઓ તરફથી જે (સોનું) મળતું તે જુદું.'' એટલે કેટલું બધું સોનું શલોમોનને મળતું તેનો કંઈક આછો ખ્યાલ આ પરથી આવી શકશે. એટલે તો ચાંદીરૂપા વિષે ૧ રાજા ૧૦ : ૨૭ માં લખ્યું છે : ''રાજાએ યરુશાલેમમાં રૂપું એટલું બધું વધારી દીધું કે

તે પથ્થરને તોલે થઈ પડ્યું.'' મંદિર બાંધવામાં તથા ઢાલો, વાસણો, ઈત્યાદિ સોનાનાં બનાવવામાં શલોમોને જે અઢળક સોનું વાપર્યું હતું તે આ પરથી સમજી શકાશે.

## ૮. "પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે" એટલે શું ?

**પ્રશ્ન :** ઉત્પત્તિ ૧:૨૬ માં લખ્યું છે : ''અને ઈશ્વરે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ.'' અને કલમ ૨૭ માં છે : ''એમ ઈશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું. ''ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કર્યું.'' તો ''દેવનાં સ્વરૂપ તથા પ્રતિમા'' એટલે શું ?

**જવાબ :** ઘણા લોકો એ વાક્યનો એવો અર્થ તારવે છે કે ઈશ્વરે, પોતાને છે એવું શરીર (હાથ, પગ, મોં, ઈત્યાદિ જેવું શરીર) માણસને આપ્યું. ના, એ માન્યતા બરાબર નથી. ઈશ્વર તો આત્મા છે, એટલે ઈશ્વરને ભૌતિક શરીરની જરૂર નથી. પૃથ્વી પર ઉત્પન્ન કરાયેલાં બીજાં પ્રાણીઓની પેઠે માણસ પણ ભૌતિક પૃથ્વી પર રહી શકે માટે તેને અન્ય પ્રાણીઓની પેઠે ચાલવા પગો, પકડવા હાથો, જોવા આંખો, સાંભળવા કાન, ખાવા-બોલવા જીભ, મોં-દાંત, વિચારવા કે વૃત્તિના તરંગ અનુભવવા મગજ-જ્ઞાનતંતુ આપ્યાં, શરીરના પોષણ કે વૃદ્ધિને માટે મેળવાતા ખોરાકને પચાવવા પેટ-પાચનતંત્ર આપ્યું, વગેરે. ઈશ્વરને આવું ભૌતિક શરીર નથી, અને તેને ઉપરની ક્રિયાઓ કરવાની જરૂર પણ હોતી નથી.

ઈશ્વર તો જીવંત અને ચૈતન્યપૂર્ણ આત્મિક વ્યક્તિ છે. (હિંદુ ધર્મ ઈશ્વરને માત્ર ચેતના-શક્તિ જ માને છે; વ્યક્તિ નહિ. પણ બાઈબલ પ્રમાણે ઈશ્વર ચૈતન્યપૂર્ણ આત્મિક વ્યક્તિ છે) વ્યક્તિમાં પોતાને વ્યક્ત કરવાના ગુણધર્મ હોય જ; શક્તિમાં ન હોય.

ઈશ્વરનું સ્વરૂપ અને પ્રતિમા એ આત્મિક ગુણધર્મ દર્શાવે છે. ત્રણ બાબતમાં ઈશ્વરે માણસને પોતાના સ્વરૂપ તથા પ્રતિમા બક્ષ્યાં :

(૧) **ઈશ્વર જેવી સમજબુદ્ધિ :** ઈશ્વર સમગ્ર બાબતોને જે દૃષ્ટિથી જુએ છે – સમજે છે તે પ્રમાણે જોવા – સમજવાની સમજબુદ્ધિ ઈશ્વરે માણસને આપી. પશુપંખીઓને એ સમજબુદ્ધિ આપવામાં આવી નથી. આમાં નૈતિક અને આત્મિક સ્વરૂપ અને પ્રતિમા સમાયેલાં છે.

(૨) **ઈશ્વર જેવી ઈચ્છાશક્તિ :** ઈશ્વર જેવું ઇચ્છે યા ચાહે તેવું ઈચ્છવા-ચાહવાની શક્તિ ઈશ્વરે માણસને બક્ષી. પશુપંખીને એ આપવામાં આવ્યું નથી. ઈશ્વર ભલું, સારું, નીતિયુક્ત, સર્વશ્રેષ્ઠ ઇચ્છી-ચાહી શકે તેવું ઈચ્છવા-ચાહવાની શક્તિ ઈશ્વરે માણસને જ આપી.

(૩) **ઈશ્વર જેવી લાગણી :** ઈશ્વર જેમાં આનંદે એવાંમાં જ આનંદવાની **લાગણી** ઈશ્વરે માણસને બક્ષી. ઈશ્વર પાપ, અનીતિમયતા તથા સર્વ પ્રકારની ભ્રષ્ટતાને ધિક્કારે, એ જ પ્રમાણે એ જ વાનાં તરફ ધૃણા થાય, તેમ જ ઈશ્વરને ગમે એ વાનાં યા વર્તનમાં આનંદ ઉપજે એવી લાગણી ઈશ્વરે માણસને બક્ષી. પશુઓને એ નથી આપવામાં આવ્યું.

પાપ તથા પતનને કારણે માણસે ઈશ્વરની પ્રતિમા તથા સ્વરૂપ ગુમાવ્યાં હોઈને આ ત્રણે બક્ષિસ માણસ ગુમાવી બેઠું છે. એટલે જ પાપી માણસ ઈશ્વરથી ઉલટું સમજે છે, ઉલટું ઈચ્છે છે અને ઉલટું આનંદે છે. નવા જન્મ દ્વારા જ આ ગુમાવેલાં સ્વરૂપ તથા પ્રતિમા પુનઃપ્રાપ્ત કરી શકાય.

## ૯. "ઈશ્વરના જેવાં ભલું ભૂંડું જાણનારાં" એટલે શું ?

**પ્રશ્ન :** ઉત્પત્તિ ૩:૫ માં શેતાન હવાને કહે છેઃ "કેમ કે ઈશ્વર જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે ઈશ્વરના જેવાં ભલુંભૂંડું જાણનારાં થશો." તેમ જ ૩:૨૨માં આદમહવાના પતન પછી ઈશ્વર કહે છે : "જુઓ, તે માણસ આપણામાંના એકના સરખો ભલુંભૂંડું જાણનાર થયો છે." તો 'ઈશ્વરના જેવાં ભલુંભૂંડું જાણનારાં' એટલે શું ? પાપ કરવાથી માણસ ઈશ્વરના જેવું કેવી રીતે બની શકે ? પાપ કરવાથી તો માણસ શેતાન જેવું થાય !

**જવાબ :** આદમ અને હવા ઉત્પન્ન કરાયાં તે સમયે તેઓ પાપરહિત અને નિર્દોષ બાળક જેવાં નિર્દોષ હતાં. જેમ નાના બાળકને ભલા કે ભૂંડાંનું કંઈ જ ભાન હોતું નથી, – તે ભલા અને ભૂંડાના ભેદ પારખી શકતું નથી – એવાં જ તે બંને જણ હતાં. ભલું શું કે ભુંડું શું તેનો ભેદ તેઓ જાણતાં નહોતાં.

ઈશ્વર અને આકાશી દૂતો ફક્ત ભલા અને ભૂંડાના ભેદ પારખી શકતા હતા. એટલે શેતાનની હકીકત તો સાચી જ કહી કે ઈશ્વર જેમ ભલુંભૂંડું જાણે છે, તેમ તમે પણ ફળ ખાવાથી ઈશ્વરની જેમ ભલુંભૂંડું જાણનારાં થશો. પણ હકીકત સાચી હોવા છતાં એ માત્ર છેતરામણભર્યું કથન હતું.

ઈશ્વર તો ઈશ્વર હોવાથી એના જ્ઞાન દ્વારા ભલું કે ભૂંડું જાણે છે. ઈશ્વરને ભલું કે ભૂંડું પારખવાની દૃષ્ટિ પામવા ભલા કે ભૂંડાના અંગત અનુભવમાં ઊતરવાની જરૂર હોતી નથી. આદમ અને હવા તો નિર્દોષ હતાં. ભલુંભૂંડું જાણવાની વિવેકબુદ્ધિ તેમનામાં ખીલી નહોતી. એટલે શેતાન જ્યારે પરીક્ષણ લાવે છે ત્યારે તેમાં તેઓ લપસી પડે છે. આ તેમનો અંગત અનુભવ બને છે. હવે તેમનાં આત્મચક્ષુઓ ભૂંડાઈને અંગત અનુભવથી પારખી શક્યાં છે, અને એનાં ભૂંડાં પરિણામો હથોડાની જેમ, તેમના હૃદયના પટ ઉપર જોર જોરથી ઠોકી ઠોકીને નૈતિક સભાનતાની જાણ કરે છે. આમ ઈશ્વરની જેમ તેઓ ભલાભૂંડાના જ્ઞાનવાળાં અથવા તો નૈતિક સભાનતાવાળાં બન્યાં.

પણ આમાં શેતાને તેમને ખરેખરાં છેતર્યાં ! તેઓ ઈશ્વરના જેવાં ભલુંભૂંડું પારખનારાં બન્યાં ખરાં, પણ ઈશ્વર જેવાં નિષ્કલંક તેઓ ન થયાં. આવા ભયંકર પરિણામ વિષે શેતાને તેમને જાણ કરી નહોતી. આમ પાપના અંગત અનુભવ દ્વારા તેઓ ઈશ્વરની જેમ ભલુંભૂંડું પારખનાર બન્યાં ખરાં, પણ ઈશ્વરની જેમ પુણ્યવાન કે પવિત્ર તેઓ બન્યાં નહિ; એટલું જ નહિ, પણ આપબળે પવિત્ર બનવાની શક્યતા તેમનામાં તલમાત્ર

રહી નહિ. પાઉલ એ પરથી કહે છે : ‘‘ઇચ્છવાનું તો મારામાં છે, પણ સારું કરવાનું મારામાં નથી, કેમ કે જે સારું હું ઇચ્છું છું તે હું કરતો નથી; પણ જે ભૂંડું હું ઇચ્છતો નથી તે હું કર્યા કરું છું’’ (રોમન ૭:૧૮,૧૯). આમ, ઈશ્વર જેવાં બનવા જતાં શેતાનનું માનવાથી તેઓ દુઃખી દુઃખી બની ગયાં.

હા, ઈશ્વર જેવાં ભલુંભૂંડું જાણનારાં, છતાં ઈશ્વર જેવાં નિષ્કલંક તથા પવિત્ર તેઓ બની શક્યાં હોત. શેતાન જ્યારે પરીક્ષણ લઈને આવ્યો ત્યારે તેઓ શેતાનથી દૂર ભાગી ગયાં હોત, અને પોતાની પસંદગીથી પ્રભુની આજ્ઞા પાળવાનું પસંદ કર્યું હોત, તો તેઓ અંગત પસંદગીના અંગત અનુભવ દ્વારા ઈશ્વરના જેવાં ભલુંભૂંડું જાણનારાં તો બન્યાં જ હોત, અને વધારામાં તેઓ ઈશ્વરની જેમ પવિત્ર, નિષ્કલંક બન્યાં હોત. આવી અંગત પસંદગી કરી હોત તો તેમની બાળક જેવી નિર્દોષતા (ભલુંભૂંડું જાણવાની ઊણપ) ગઈ હોત અને પવિત્ર બન્યાં હોત.

પતિત માનવી હવે તો, માત્ર બલિદાન થયેલા તથા મૃત્યુજય બનેલા ખ્રિસ્ત પર શ્રદ્ધા લાવવાથી નવો જન્મ પામે, અને એનામાં આવેલા ‘‘ખ્રિસ્તના સ્વભાવ’’ (ખ્રિસ્તના આત્મા યા પવિત્ર આત્મા) દ્વારા પવિત્ર બની શકે (હિબ્રુ ૨ : ૧૧).

## ૧૦. ઈસુ ખ્રિસ્ત પરિપૂર્ણ નહોતા શું કે તેમને દુઃખ દ્વારા પરિપૂર્ણ કર્યા ?

પ્રશ્ન : હિબ્રૂઓને પત્ર ૨:૧૦માં લખ્યું છે : ‘‘કેમ કે જેને અર્થે સઘળાં છે તથા જેનાથી સઘળાં ઉત્પન્ન થયાં છે, તેને એ ઘટિત હતું કે, તે ઘણા દીકરાઓને ગૌરવમાં લાવતાં તેઓના તારણના અધિકારીને દુઃખ દ્વારા પરિપૂર્ણ કરે.” તો પ્રશ્ન થાય છે કે શું ઈસુ ખ્રિસ્ત પરિપૂર્ણ નહોતા, કે તેમને દુઃખોની યાતનાઓ દ્વારા પરિપૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ :** આ પ્રશ્ન ઘણાં જણે અગાઉ પૂછ્યા છે. અને એ સ્વાભાવિક પ્રશ્ન છે. અહીં 'દુઃખ' શબ્દ ગીતશાસ્ત્ર ૧૧૯:૬૭ પ્રમાણે લેવાનો નથી. ગીતશાસ્ત્રમાં દાવિદ ભક્ત લખે છે, ''દુઃખી થયા પહેલાં હું આડે રસ્તે ગયો હતો; પણ હમણાં હું તારું વચન પાળું છું.'' પણ ખ્રિસ્તની બાબતમાં દુઃખરૂપી સોટી સોટી રૂપે નથી, પણ બલિદાન બનવા માટે હલવાનને મૃત્યુરૂપી દુઃખ ખમવું અતિ જરૂરી હતું, એ અર્થમાં છે.

પ્રભુ ઈસુ તો સંપૂર્ણ હતા, પણ આપણાં પાપોના પ્રાયશ્ચિત્ત માટે બલિદાન બની જવા માટે ક્રૂસના મોતનું દુઃખ તેમણે ભોગવવું જ રહ્યું. એ વગર તેઓ મુક્તિદાતા (તારણદાતા) બની શકે જ નહિ. પ્રભુ ઈસુ હજારો વર્ષો પૃથ્વી પર રહ્યા હોત અને માનવીઓને અજોડ નમૂનો આપ્યા કર્યો હોત, તોયે એ મુક્તિદાતા બન્યા ન હોત, માત્ર મૃત્યુના દુઃખ દ્વારા જ તેઓ મુક્તિદાતા બન્યા. દુઃખ ભર્યા મૃત્યુ દ્વારા જ તેમણે આપણું મુક્તિમૂલ્ય ચૂકવ્યું. એ સિવાય બીજો કોઈ માર્ગ જ નહોતો.

પતિત માનવીના મુક્તિદાતા બનવા માટે વ્યક્તિ પાસે ચાર બાબતો હોય તો જ તે પરિપૂર્ણ મુક્તિદાતા બની શકે. એમાંની એકાદેય ન હોય તો પણ એ મુક્તિદાતા બની શકે નહિ. આ બાબતો નીચે મુજબ છે : (૧) તેણે સંપૂર્ણ ઈશ્વર હોવું જોઈએ. ઈશ્વર હોવાથી તે નિષ્કલંક પણ હોય; (૨) સાથે સાથે તેણે સંપૂર્ણ માણસ પણ બનવું પડે; (૩) તેણે માણસની જગાએ માણસને બદલે મૃત્યુ વેઠવું જ પડે, બલિદાન બનીને મુક્તિમૂલ્ય ચૂકવવું જ પડે; અને (૪) મૃત્યુમાંથી પાછા સજીવન થવું પડે. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આ ચારેય બાબત જોવા મળે છે. જો ઈશ્વર માનવી બનીને પૃથ્વી પર વસ્યા હોત, પણ મૃત્યુનું દુઃખ ન ખમ્યું હોત – માણસને માટે તથા માણસને બદલે મૃત્યુ ન ખમ્યું હોત, તો પ્રભુ ઈસુ મુક્તિદાતા બની શક્યા ન હોત. એટલે જ હિબ્રૂ ૨:૧૦ કહે છે કે આપણા તારણનો અધિકારી (અગ્રેસર) મૃત્યુના દુઃખ દ્વારા જ પરિપૂર્ણ મુક્તિદાતા બન્યો.

દાખલા તરીકે મિસરમાંથી ઈઝરાયેલીઓ નીકળ્યા તેની આગલી રાતે (નિસાન માસની ચૌદમી તારીખે) તેમણે ખોડખાંપણ વગરનો ઘેટો લેવાનો હતો, અને તેને કાપીને તેનું રક્ત ઘરના દરવાજા પર છાંટવાનું હતું. તો જ મરણનો દૂત એ ઘરને પડતું મૂકે. હવે જો સારામાં સારો અને ખોડખાંપણ વગરનો ઘેટો લઈને તે રાતે એને ઘર બહાર બારણા આગળ બાંધી રાખ્યો હોત તો ? મરણનો દૂત એ ઘરને પડતું ન મૂકત, પણ ઘરનું પ્રથમજનિત જરૂર મરણ પામત. માત્ર મૃત્યુમાંથી એ ઘેટો પસાર થાય અને એનું લોહી દરવાજે છાંટવામાં આવે તો જ એ પરિપૂર્ણ ઈલાજ થાય. એવું જ પ્રભુ ઈસુના મૃત્યુનું પણ.

વળી, નિર્ગમન ૨૬ : ૩૧-૩૩ માં યરુશાલેમના મંદિરના પડદાની વાત આપી છે. પરમપવિત્રસ્થાનને પવિત્રસ્થાનથી જુદું પાડવા માટે વચ્ચે પડદો હતો. આ પડદો પ્રભુ ઈસુના માનવીપણાની એટલે કે તેમના શરીરની 'પ્રતિછાયા' તરીકે હતો. (હિબ્રૂ ૧૦:૧૯,૨૦ માં) લખ્યું છે, ''તેણે (પ્રભુ ઈસુએ) આપણે સારુ પડદામાં થઈને, એટલે પોતાના શરીરમાં થઈને એક નવો તથા જીવતો માર્ગ ઉઘાડ્યો છે, તે માર્ગમાં થઈને ઈસુના રક્ત દ્વારા પરમ પવિત્રસ્થાનમાં (પ્રભુની હજૂરમાં) પ્રવેશ કરવાને આપણને હિંમત છે.'' મંદિરનો આ પડદો પ્રભુ ઈસુના મૃત્યુ સમયે ઉપરથી નીચે ફાટીને બે ભાગ થઈ ગયા. પરમપવિત્ર સ્થાન હવે ખુલ્લું થયું. એમ જ પાપી માનવી હવે વીંધાયેલા ઈસુના શરીર દ્વારા જ પરમપિતા પરમેશ્વરની હજૂરમાં જઈ શકે. પરમપવિત્રસ્થાનમાં જવા માટે પડદો ચીરાવો - ફાટવો જરૂરી હતો. એમ જ પરમેશ્વરની હજૂરમાં માણસને લઈ જવા માટે ઈસુના શરીરે વીંધાવું તથા મૃત્યુ દ્વારા ચીરાઈ જવું જરૂરી હતું. ત્યારે જ તે પરિપૂર્ણ મુક્તિદાતા બને. એટલે પ્રભુ ઈસુ મૃત્યુ દ્વારા પરિપૂર્ણ મુક્તિદાતા બન્યા.

## ૧૧. દાનિયેલનાં સિત્તેર અઠવાડિયાંનો ખુલાસો

**પ્રશ્ન :** દાનિયેલ ૯.૨૪-૨૭ માં ઈઝરાયલને માથે વીતનાર સિત્તેર અઠવાડિયાં વિષે ભવિષ્યકથન આપવામાં આવ્યું છે. અને એમાં પ્રભુ ઈસુના મૃત્યુના વર્ષની આગાહી પણ આપવામાં આવી છે, એવું કહેવાય છે. તો તે કેવી રીતે આપવામાં આવ્યું છે તે, તથા "યરુશાલેમની મરામત કરવાનો ...હુકમ" ક્યારે આપવામાં આવ્યો, તે બધું સમજાવવા વિનંતી છે.

**જવાબ :** આ અને એના સંબંધીના લેખિત પ્રશ્નો અનેક વાર મારી પર મોકલવામાં આવ્યા છે, અને રૂબરૂમાં મૌખિક પણ પૂછવામાં આવ્યા છે. જવાબમાં કેટલીક ઝીણીઝીણી વિગતો આપવાની જરૂર છે એટલે હું, જવાબ આપવાનું મુલતવી રાખતો હતો. પણ મને લાગે છે કે ઝીણી વિગતો જવા દઈને માત્ર મહત્ત્વના મુદ્દા અહીં જોઈ લઈએ.

દાનિયેલ ૯:૨૫માં લખ્યું છે : "યરુશાલેમની મરામત કરવાનો તથા તેને (ફરી) બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી તે અભિષિક્ત સરદારના ...અઠવાડિયામાં...તે ફરી બંધાશે." આ હુકમ ક્યારે પ્રગટ થયો ? જોઈએ. **સૌ પ્રથમનો હુકમ** કોરેશ રાજાએ ઈ.સ. પર્વે ૫૩૬માં આપ્યો. પણ તે મંદિર ફરી બાંધવા પૂરતો મર્યાદિત હતો. (એઝરા ૧:૧-૪; ૨ કાળવૃત્તાંત ૩૬:૨૨-૨૩). **બીજો હુકમ** દાર્યાવેશ રાજાએ ઈ. પૂ. ૫૧૯માં આપ્યો (જુઓ એઝરા ૬:૧-૧૨). પણ દાર્યાવેશનો આ હુકમ માત્ર કોરેશના પહેલા હુકમને પુનઃ મંજૂરી આપતો જ છે, અને માત્ર મંદિર સંબંધી જ છે. **ત્રીજો હુકમ** ઈરાનના રાજા આર્તાહશાસ્તાએ (અં. આર્તઝર્કઝીસે) ઈ.સ. પૂર્વે ૪૫૮માં આપ્યો, (જુઓ એઝરા ૭:૧૧-૨૨). આ ખરેખર તો હુકમ નથી, પણ એઝરા યરુશાલેમ જાય, અને સાથે યાજકો તથા લેવીઓને લેતો જાય, તેમ જ સોનુંરૂપું પણ લઈ જાય, એવો અધિકારયુક્ત પત્ર તેને આપે છે.

ચોથો હુકમ આર્તાહશાસ્તા (અં. આર્તઝર્કઝીસ લોન્જીમાનસ) રાજાએ નહેમ્યાને ઈ. પૂર્વે ૪૪૫માં આપ્યો (નહે. ૨ : ૧-૮). એ હુકમ યરુશાલેમ શહેર ફરીથી બાંધવા માટેનો હુકમ છે. ત્યાં તારીખ આપી છે; ''આર્તાહશાસ્તા રાજાને વિસમે વર્ષે નિસાન માસમાં...'' (૨:૧). નહેમ્યાની વિનંતી છે; ''યહુદાહના જે નગરમાં મારા પિતૃઓની કબરો છે, ત્યાં મને મોકલો; જેથી હું તે ફરીથી બાંધું' (૨:૫). રાજાએ યરુશાલેમ ફરી બાંધવા પરવાનો આપ્યો (૨:૮). જોસીફસનાં લખાણો તેમ જ અન્ય ઐતિહાસિક વિગતો પરથીં જાણી શકાય છે કે આ ઈ.સ. પૂર્વે ૪૪૫ની સાલ હતી. દાનિયેલ ૯:૨૫ નો જવાબ આમાં આવી જાય છે. જુલિયન કેલેન્ડર પ્રમાણે નિસાન ૧, ૪૪૫ (ઈ. પૂર્વે) એ ઈ. પૂર્વે ૪૪૫ માર્ચની ૧૪મી તારીખ થઈ. આમ, યરુશાલેમની મરામત કરવા તથા તેને ફરીથી બાંધવાનો હુકમ ઈ. પૂર્વે ૪૪૫માં માર્ચની ૧૪મીએ આપવામાં આવ્યો.

ઈ.સ. પૂર્વે માર્ચ ૧૪, ૪૪૫થી ગણતાં પ્રભુ ઈસુ ''કાપી નંખાવા માટે'' (ક્રૂસે જડાવા માટે) યરુશાલેમપ્રવેશ કરે છે તે તારીખ, એટલે કે ઈ.સ. એપ્રિલ ૬, ૩૨ સુધીમાં કુલ ૪૭૬ વર્ષ થયાં. આ આપણાં કેલેન્ડર પ્રમાણેનાં ૩૬૫ દિવસવાળાં વર્ષ થયાં. એના કુલ કેટલા દિવસ થયા તે ગણીએ.

| | |
|---|---|
| ૪૭૬ × ૩૬૫ = | ૧,૭૩,૭૪૦ દિવસ |
| ૧૪ માર્ચથી ૬ એપ્રિલ સુધી | ૨૪ દિવસ |
| 'લીપ' પ્લૂત વર્ષનો એક દિવસ ગણતાં (જેમાં ફેબ્રુ.માં ૨૯ દિવસ હોય) | ૧૧૯ દિવસ |
| દર ૧૨૮ વર્ષે ૧ દિવસ કાપતાં * | −૩ દિવસ |
| કુલ | ૧,૭૩,૮૮૦ દિવસ થયા. |

* આપણું હાલનું વર્ષ સૂરજની ગતિ પ્રમાણે ગણતાં ૧/૧૨૮ દિવસ જેટલું લાંબું છે. એટલે આપણાં કેલેન્ડરોમાં દર ૧૨૮ વર્ષે ૧ દિવસ કમી કરવો પડે છે. એટલે ઉપરની ગણતરીમાં ૪૭૬ વર્ષના ૩ દિવસ કમી કર્યા.

ઉપરની ગણતરી જુલિયન કેલેન્ડરનાં વર્ષ અથવા ખગોળશાસ્ત્રનાં વર્ષ થયાં, જેમાં વર્ષના ૩૬૫$\frac{૧}{૪}$ દિવસ હોય છે. પણ યહૂદી પંચાંગ ૩૬૦ દિવસનું વર્ષ બતાવે છે. અને બાઈબલની કાળમાન ગણતરીમાં આ ૩૬૦ દિવસવાળું વર્ષ વપરાયું છે. એટલે ઉપર આપેલા દિવસોને ૩૬૦ વડે ભાગીએ તો યહૂદી વર્ષો આવે. જોઈએ.

૧,૭૩,૮૮૦ ÷ ૩૬૦ = ૪૮૩ વર્ષ (યહૂદી વર્ષ)

આમ, દાનિયેલ ૯;૨૫-૨૬માં સાત અઠવાડિયાં + ૬૨ અઠવાડિયાં મળીને ૬૯ અઠવાડિયાં આપવામાં આવ્યાં છે, જે પછી અભિષિક્ત [સરદાર] કાપી નંખાશે, એટલે કે ઈસુ ખ્રિસ્ત કાપી નંખાશે. આ ૬૯ અઠવાડિયાં તે દિવસોનાં નહિ, પરંતુ વર્ષોનાં અઠવાડિયાં છે એ આપણે જોયું. આ ૬૯ યહૂદી વર્ષોનાં અઠવાડિયાંને સાત વડે ગુણીએ તો ૪૮૩ યહૂદી વર્ષ આવ્યાં, અને એને ૩૬૦ વડે ગુણીએ તો ૧,૭૩, ૮૮૦ દિવસે આવે. આમ, માર્ચ ૧૪, ૪૪૫ (ઈ. પૂર્વે)થી માંડીને પ્રભુ ઈસુના યરુશાલેમપ્રવેશ સુધી, એટલે કે એપ્રિલ ૬, ૩૨ (ઈ.સ.) સુધી બરાબર ૪૮૩ યહૂદી વર્ષ યા ૧,૭૩,૮૮૦ દિવસ થયા; બીજા અર્થમાં ૬૯ ''અઠવાડિયાં'' થયાં.

**સિત્તેરમું અઠવાડિયું (સાત વર્ષ)** દાનિયેલ ૯:૨૭); પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે, – મંડળી ઉપર તણાઈ જશે – ત્યારથી શરૂ થશે. અને ઈસુ ખ્રિસ્ત એ બધા સંતો સાથે ગગનથી પૃથ્વી પર (જૈતૂન પર્વત પર) ઊતરશે ત્યારે એ સાત વર્ષ (અથવા સિત્તેરમું અઠવાડિયું) પૂરું થશે. હા, ૬૯ અઠવાડિયાં અને ૭૦મા અઠવાડિયા વચ્ચે ખાલી પડેલો લાંબો ગાળો છે, જેને બાઈબલમાં **"વિદેશીઓનો સમય"** કહ્યો છે, અને એ ગાળામાં યરુશાલેમ વિદેશીઓથી ખૂંદાશે.

આપણો જવાબ પૂરો થયો. હવે એક-બે વધુ બાબતો જોઈ લઈએ.

**(૧) પ્રભુ ઈસુનો જન્મ ક્યારે ?** ઘણા એમ માને છે કે ઈસુના જન્મના દિવસથી જ 'ઈસ્વીસન' શરૂ થઈ, અને પ્રભુ ઈસુ ઈ.સ. ૩૩માં

મરણ પામ્યા. ના, એમ નથી. શરૂઆતમાં જેમણે કેલેન્ડરની ગણતરી કરી તેમની ગણવાની ભૂલથાપને લીધે આમ થયું.

પ્રભુ ઈસુ મહાન હેરોદ રાજાના મૃત્યુ પહેલાં જન્મ્યા એ તો સ્પષ્ટ છે (એ હેરોદે જ તારો ક્યારે દેખાયો તે વિષે પૂછપૂરછ કરેલી). એ હેરોદના મૃત્યુ સમયે તો બાળ ઈસુની સાથે મરિયમ તથા યોસેફ મિસરમાં હતાં (માથ્થી ૨:૧૯,૨૦). જોસીફસનાં લખાણો તેમ જ રોમની તવારીખો પરથી એક વાત નક્કી છે કે મહાન હેરોદ ઈ.સ. પૂર્વે ૪માં આખરી દિવસોમાં મરી ગયો. એટલે પ્રભુ ઈસુનો જન્મ તે પહેલાં થોડા દિવસો પર જ થયો.

(૨) **પ્રભુ ઈસુનું મૃત્યુ ક્યારે થયું ?** પ્રભુ ઈસુની જાહેર સેવા ક્યારે શરૂ થઈ તે વિષે અછડતો તો ઉલ્લેખ લૂકે આપ્યો છે. લૂક ૩:૨૩ ''ઈસુ પોતે બોધ કરવા લાગ્યો, ત્યારે તે આશરે ત્રીસ વર્ષનો હતો.'' વળી યોહાન બાપ્તિસ્તની ધર્મસેવાની શરૂઆત વિષે પણ લૂકે વિગતવાર લૂક ૩:૧,૨ માં આપ્યું છે. પ્રભુ ઈસુ ઈ.સ. પૂર્વે ૪ માં જન્મ્યા તે પરથી જાહેર સેવા વખતે તેઓ આશરે ત્રીસ વર્ષના હોય તો એ વર્ષ ઈ.સ. ૨૮-૨૯નું થાય. પ્રભુ ઈસુની જાહેર સેવા લગભગ ૩.૧/૨ વર્ષની હતી. એમ, ઈસુ ઈ.સ. ૩૨ ના એપ્રિલના પાસ્ખા વખતે (નિસાન ૧૪મીએ) એપ્રિલ ૧૧મી એ ક્રૂસ પર બલિદાન બન્યા, અને એપ્રિલ ૧૩ મીને રવિવારે મૃત્યુંજય બનીને પુનઃ સજીવન થયા.

(૩) **અઠવાડિયાનું માપ : દિવસો કે વર્ષો** એ સંબંધી જુઓ ગણના ૧૪:૩૪. વળી બાબિલોનના બંદિવાસનાં ૭૦ વર્ષ પ્રમાણે આ વર્ષોનાં ૭૦ અઠવાડિયાં આપ્યાં છે.

(૪) **યહૂદીઓનું વર્ષ ૩૬૦ દિવસનું હતું :** એને માટે જુઓ ઉત્પત્તિ ૭ : ૧૧-૨૪; ૮:૩-૪.

**કલમ ૧૧: ''નુહના આયુષ્યના છસેંમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દહાડે,** તે જ દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ને

આકાશનાં દ્વારો ઊઘડી ગયાં.'' કલમ ૨૪: ''અને દોઢસો દહાડા લગી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું.'' કલમ ૮:૪. ''અને સાતમા મહિનાને સત્તરમે દહાડે વહાણ અરારાટના પહાડો પર થંભ્યું.'' એમ પાંચ મહિના માટે ૧૫૦ દિવસ ગણ્યા છે, એટલે એક માસમાં ૩૦ દિવસ થયા.

## ૧૨. પ્રભુ ઈસુ કેટલા દિવસ કબરમાં રહ્યા ?

**પ્રશ્ન :** પ્રભુ ઈસુ કેટલા દિવસ અને કેટલી રાત કબરમાં રહ્યા ? અને કેટલા દિવસ પછી તેઓ સજીવન થયા ? માર્ક ૮:૩૧માં ત્રણ દહાડા પછી આપ્યું છે, જ્યારે માર્ક ૯:૩૧માં ''ત્રીજે દહાડે'' આપ્યું છે. વળી માથ્થી ૨૦:૧૯ અને લૂક ૧૮:૩૩માં પણ ''ત્રીજે દહાડે'' આપ્યું છે. ''ત્રણ દહાડા પછી'' એટલે ત્રણ દિવસ વિત્યા બાદ ચોથે દિવસે એવો અર્થ ન થાય શું ? અને ''ત્રીજે દિવસે'' એટલે ત્રીજે દિવસે ગમે ત્યારે એમ થાય.

**જવાબ :** પ્રભુ ઈસુ ત્રીજે દિવસે સજીવન થયા. શુક્રવારે સવારના નવ વાગે તેમને વધસ્તંભે જડ્યા અને બપોરના ત્રણ વાગે તેમણે પ્રાણ છોડ્યો. આપણો નવો દિવસ રોમન (તેમ જ બ્રિટિશ) કાળમાન મુજબ રાત્રે બાર વાગ્યા પછી શરૂ થાય છે, જ્યારે યહૂદીઓનો નવો દિવસ સાંજે છ વાગ્યા પછી શરૂ થતો. એટલે વિશ્રામવાર (શનિવાર) યા 'સાબ્બાથ દિન' શુક્રવારે સાંજે છ વાગ્યા પછી શરૂ થાય તે પહેલાં પ્રભુ ઈસુના શબને ઝડપથી દફનાવવામાં આવ્યું. એટલે પ્રભુ ઈસુ કબરમાં શુક્રવારનો થોડોક સમય; શનિવાર આખી રાત અને આખો દિવસ; તથા રવિવાર (અઠવાડિયાનો પહેલો દિવસ) સાંજે છથી લગભગ આખી રાત કબરમાં રહ્યા, અને લગભગ અર્ધો રવિવાર (રાતનો ભાગ) પસાર થઈ ગયો હોય તેવામાં મળસ્કે કબરમાંથી ઊઠ્યા.

માથ્થી ૨૭:૬૩, ૬૪માં 'ત્રણ દહાડા પછી' આપ્યું છે તેમ જ માર્ક ૮:૩૧ માં ''ત્રણ દિવસ પછી'' (મૂળ ગ્રીકમાં ''મેતા ત્રૈસ હેમેરાસ'') આપ્યું છે, જ્યારે માર્ક ૯:૩૧ અને ૧૦:૩૪માં (તેમ જ માથ્થી ૨૦:૧૯ લૂક ૧૮:૩૩માં પણ) ''ત્રીજે દિવસે'' (મૂળ ગ્રીકમાં ''ત્રે ત્રીતે હેમેરા'') આપ્યું છે, એ બંને બોલવા - લખવાની રૂઢિનો અર્થ યહૂદીઓને મન એક જ છે, એટલે કે 'ત્રીજે દિવસે'.

યહૂદી વિચારસરણી પ્રમાણે 'ત્રીજે દિવસે' અને 'ત્રણ દિવસ પછી' સરખું હતું. જુઓ ૨ કાળવૃત્તાંત ૧૦:૫-૧૨ કલમ ૫ માં રહાબઆમ કહે છે : **"ત્રણ દહાડા પછી** તમે મારી પાસે પાછા આવજો,'' જ્યારે કલમ ૧૨માં આપ્યું છે : ''રાજાના ફરમાવ્યા પ્રમાણે **ત્રીજે દિવસે** યહોબઆમ તથા સર્વ લોકો રહાબઆમ પાસે આવ્યા.'' વળી જુઓ એસ્તેર ૪:૧૬ અને ૫:૧. સોળમી કલમમાં છે : ''તમે સર્વ આજે મારે સારુ ઉપવાસ કરો, **ત્રણ દિવસ સુધી** રાત્રે કે દિવસે તમારે કંઈ ખાવું કે પીવું નહિ..''; પણ ૫:૧માં આપ્યું છે : **"ત્રીજે દિવસે** એસ્તેર રાજપોશાક પહેરીને રાજમહેલના અંદરના ચોકમાં...ઊભી રહી'' (એવું જ એપોક્રીફાના તોબીત ૩:૧૨,૧૩માં પણ છે).

પ્રભુ ઈસુ તો શુક્રવારે સાંજે મૃત્યુ પામ્યા અને શુક્રવારે સાંજે જ (છ વાગ્યા પહેલાં) દફનાવવામાં આવ્યા; તથા રવિવારે મળસ્કે સજીવન થયા, એ આપણે જોયું. આ માટે સરખાવો માર્ક ૧૫:૪૨; લૂક ૨૩:૫૪; યોહાન ૧૯:૧૪,૪૨; માથ્થી ૨૭:૫૭,૬૨; ૨૮:૧; માર્ક ૧૬:૨; લૂક ૨૪:૧; યોહાન ૨૦:૧, આ બધાં સૂત્રો (કલમો) ઉપર જણાવેલી વાતનેજ પુરવાર કરે છે.

પણ કેટલાક લોકો માથ્થી ૧૨:૩૯-૪૦ ના લખાણ પ્રમાણે કહે છે કે પ્રભુ ઈસુ પૂરા ત્રણ દિવસ અને પૂરી ત્રણ રાત કબરમાં રહ્યા હોવા જ જોઈએ. ઉપરના સંદર્ભમાં આપવામાં આવ્યું છે : ''પણ યૂના પ્રબોધકની નિશાની સિવાય કોઈ નિશાની તેને અપાશે નહિ. કેમ કે જેમ યૂના ત્રણ રાતદહાડા મોટા માછલાના પેટમાં રહ્યો હતો, તેમ માણસનો

દીકરો પણ ત્રણ રાતદહાડા પૃથ્વીના પેટમાં રહેશે.'' આ વાત યૂના ૧:૧૭ માં છે : ''અને યૂના ત્રણ દિવસ અને ત્રણ રાત તે માછલીના પેટમાં રહ્યો.'' આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે પ્રભુ ઈસુ પૂરા ત્રણ દિવસ અને પૂરી ત્રણ રાત કબરમાં રહ્યા !

એ પુરવાર કરવા એ લોકો કહે છે કે પ્રભુ ઈસુ શુક્રવારે નહિ પણ ગુરુવારે મૃત્યુ પામ્યા અને દટાયા. પણ એ પ્રમાણે લઈએ તો પણ પૂરા બે દિવસ અને પૂરી બે રાત થાય. (શુક્ર તથા શનિ) અને બીજી એક આખી રાત (રવિવારની) તથા ગુરુવારના દિવસના થોડાક કલાક થાય. એમ ગણવાથી પણ ત્રણ દિવસ અને ત્રણ રાત પૂરાં થતાં નથી. આથી કેટલાક વળી કહે છે કે ના, ના, ગુરુવારે નહિ, પણ બુધવારે પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા અને દટાયા. તો એ ગણતરીએ તો ત્રણ પૂરા દિવસ અને ત્રણ પૂરી રાત (ગુરુ, શુક્ર, શનિ) ઉપરાંત રવિવારની લગભગ આખી રાત (એટલે ચાર રાત થઈ) અને બુધવારનો થોડોક દિવસ (એટલે પૂરા સવા ત્રણ દિવસ થયા) ! બાઈબલમાં સ્પષ્ટ રીતે શુક્રવારનો ઉલ્લેખ છે. **'શુક્રવાર'** નામ લખ્યું નથી, પણ 'વિશ્રામવારની (શનિવારની) તૈયારીનો દિવસ' (એટલે શુક્રવાર), 'પાસ્ખા (સાબ્બાથવારે શનિવાર જ આવે)ની તૈયારીનો દિવસ (એટલે શુક્રવાર).

યહૂદીઓ દિવસ કે રાતના ઓછાવત્તા ગાળાને પણ આખો દિવસ કે આખી રાત ગણી લેતા હતા, એ સમજવાથી જ મુશ્કેલીનો પાર આવે.

આપણો દિવસ મધરાતથી શરૂ થાય છે, અને બીજી મધરાત સુધી ચાલે છે. અને આપણાં કાયદાશાસ્ત્રોમાં દિવસનો થોડો ભાગ પણ આખા દિવસ તરીકે ગણાય છે. કોઈ માણસને ત્રણ દિવસની જેલની સજા આપવામાં આવી હોય તેમાં લખાણ પ્રમાણે ૭૨ કલાક જેટલી સજા ગણાય. પણ વાસ્તવમાં કચેરીમાંથી સજા ફરમાવીને જેલમાં લઈ જવાનું કાર્ય લગભગ સાંજે પતતું હોવા છતાં મધરાત પૂરી થાય એટલે કેદીનો એક દિવસ પૂરો થયો ગણાય. એ મધરાતથી બીજી મધરાત સુધીમાં

બીજો દિવસ પૂરો થયો ગણાય. અને કાયદાની રૂએ દરોગો કેદીને એ પછીની સવારે સવારમાં (પહેલી સવાર પછીની બીજી સવારમાં) કેદીને જેલ-મુક્ત કરી શકે છે. એટલે કે શુક્રવારે સાંજે એને જેલમાં પૂર્યો હોય તો રવિવાર સવારમાં એને છોડી શકાય છે. આમ કેદીને ત્રણ દિવસની જેલ હોય, છતાં તે ભાગ્યે જ ૪૮ કલાક કરતાં વધારે સમય જેલમાં રહે છે. છતાં તેની સજાના ત્રણ દિવસ પૂરા થયા ગણાય છે. ઈંગ્લાંડ અને અમેરિકાની પોલીસ કચેરીઓમાં પણ આવી જ ગણતરી હોય છે. આપણી પોલીસ કચેરીઓની આ ગણતરી જેવી યહૂદીઓની ગણતરી હતી. પ્રભુ ઈસુ શુક્રવાર સાંજે મૃત્યુ પામ્યા તથા દટાયા, અને રવિવારને મળસ્કે સજીવન થયા.

[આ વિષેની વધુ દલીલ હવે પછી બહાર પડનાર ત્રીજા ભાગમાં આપવામાં આવશે.]

## ૧૩. યોહાન એલિયાનો અવતાર ગણાય કે નહિ ?

**પ્રશ્ન :** માલાખી ૪:૫ માં લખ્યું છે : ''જુઓ, યહોવાનો મહાન તથા ભયંકર દિવસ આવે તે પહેલાં હું તમારી પાસે એલિયા પ્રબોધકને મોકલી દઈશ...'' વળી માથ્થી ૧૧:૧૩,૧૪ માં પ્રભુ ઈસુ પોતે યોહાન બાપ્તિસ્ત વિષે વિવરણ કરતાં આમ કહે છે : ''કેમ કે બધા પ્રબોધકોએ તથા નિયમશાસ્ત્રે યોહાન લગી પ્રબોધ કર્યો છે. અને જો તમે માનવા ચાહો તો એલિયા જે આવનાર છે તે એ જ છે.'' એટલે પ્રભુ ઈસુ મંજૂર રાખે છે કે એલિયા પાછો આવવાનો છે તે આ બાપ્તિસ્મા આપનાર યોહાન છે. તો એલિયા પાછો અવતાર લઈને યોહાન બનીને આવ્યો કે શું ?

**જવાબ :** ઘણા હિંદુ પંડિતો (દા.ત. વિવેકાનંદ) 'જન્માંતર'ના સિદ્ધાંતને અનુમોદન આપતાં આ સૂત્રો ટાંકીને કહે છે કે બાઈબલ અને ઈસુ ખ્રિસ્ત 'પુનર્જન્મ'માં માનતા હતા. પણ એ દલીલ ખરી નથી.

પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા આ વ્યર્થ ફાંફાં છે. આપણે વધુ જોઈએ.

બાઈબલનું તેમ જ પ્રભુ ઈસુનું શિક્ષણ છે કે, માણસ એક જ વાર જન્મ લે છે, અને પછી તેનું મૃત્યુ થાય, અને તે પછી તેનો ન્યાયકાળ થાય. હિન્દુ માન્યતા જનમ-જનમના ફેરામાં (ચોર્યાસી લાખ અવતારમાં) માને છે. એ માન્યતા પ્રમાણે તો એક જ આત્મા જનમે જનમે જુદું જુદું ખોળિયું લે છે. એટલે આ માન્યતામાં મરણ પછીના ન્યાયકાળનો સિદ્ધાંત હોતો જ નથી. જો એલિયા પુનઃ અવતાર લઈને આવ્યો હોય તો ન્યાય કોનો થવાનો ? – એલિયાનો કે યોહાનનો ? ના, બાઈબલ પુનર્જન્મમાં માનતું નથી. હિન્દુ માન્યતા પ્રમાણે જો એક જ માણસ જન્મમરણની ઘટમાળમાં અનેક જન્મોમાં થઈને સો જેટલી વ્યક્તિઓનાં ખોળિયાં ધારણ કરે, તો વ્યક્તિનું મહત્ત્વ રહેતું નથી. વ્યક્તિ એટલે શરીર, પ્રાણ અને આત્મા, એ ત્રણે મળીને જ વ્યક્તિ બને છે. પણ જન્માન્તરના સિદ્ધાંતમાં તો એક જણ અનેક ખોળિયાં ઓઢે છે કે ધારણ કરે છે ! જન્માંતરની માન્યતા અને આખરી ન્યાયકાળની માન્યતા વચ્ચે કો' કાળે પણ મેળ બેસી શકે નહિ. બાઈબલ એક જ જન્મ, એક જ વાર મૃત્યુ અને પછી ન્યાયકાળ એવું શીખવે છે.

બીજું જે જે દેશો, પ્રજાઓ અને ધર્મો પુનર્જન્મના સિદ્ધાંતમાં માને છે તેઓ માનવીદેહને (અને એમ તો ગમે તે દેહને) વિસાતહીન, બિનજરૂરી અને મોટે ભાગે પાપી ગણે છે, અને એ પ્રજાઓ કે એ માન્યતાવાળા ધર્મો મરણ પછી માણસના દેહને બાળે છે. કારણ, એ દેહની ફરી કોઈ કાળે જરૂર પડવાની નથી. પણ પુનરુત્થાનમાં માનતા ધર્મો તથા પ્રજાઓ મૃત્યુ બાદ દેહને જમીનમાં દાટે છે. બાઈબલમાં તો ઊંઘાડવાની કે વાવવાની ઉપમાઓ (૧ કરિંથી ૧૫, વિગેરે) વાપરવામાં આવી છે. આ બધા પાછળ ખ્રિસ્તીઓની એ મહાન આશા છે કે પુનરુત્થાનની ધન્ય પ્રભાતે એ દેહ મહિમાવંતુ રૂપ ધારણ કરીને ઊઠશે.

પ્રભુ ઈસુ માથ્થી ૧૧:૧૩,૧૪માં એટલું જ કહેવા માગે છે કે યોહાન બાપ્તિસ્ત એલિયાના આત્મામાં તથા એલિયાના સામર્થ્યમાં આવ્યો. લૂક ૧:૧૭માં આમ આપ્યું છે : ''તે (યોહાન) **એલિયાના આત્માએ તથા પરાક્રમે** તેની (ઈસુની) આગળ ચાલશે.'' અને નહિ કે એલિયાનો અવતાર લઈને આવશે. આ બંને પ્રબોધકો વચ્ચે ઘણું સામ્ય હતું. તેઓ રાન મધ્યે રહેનાર, ખરબચડા-બરછટ રહેણીકરણીના, ભડકબોલા, એટલે કે સીધેસીધું કહી દેનારા, નીડર પ્રબોધકો હતા.

એમ તો યિર્મેયા ૩૦:૯ માં દાવિદ ફરી પાછો આવશે એમ લખેલું છે. ''તથા તેઓને સારુ તેઓના રાજા તરીકે હું દાવિદને ઊભો કરીશ, તેની સેવા તેઓ કરશે.'' અહીં, ખરેખર 'દાવિદ ફરી આવશે એમ કહેવાનો ભાવાર્થ નથી, પણ દાવિદપુત્ર ઈસુખ્રિસ્ત આવશે એ વાતનો ઉલ્લેખ છે. વળી હઝકીએલ ૩૭:૨૪માં એ જ વાત ફરી કહેવામાં આવી છે. ''મારો સેવક દાવિદ તેઓને શિર રાજા થશે,...'' ત્યાં પણ ભાવાર્થમાં પ્રભુ ઈસુની જ વાત છે.

એટલે એલિયા ફરી જન્મ લઈને યોહાનરૂપે આવ્યો એવું ક્યાંયે બાઈબલ શીખવતું નથી. ખુદ યોહાન પોતે ના પાડે છે કે આવનાર એલિયા હું નથી. યાજકોએ યરુશાલેમથી મોકલેલા માણસો આવીને યોહાનને પૂછે છે, ''તો શું ? તું એલિયા છે ? તે (યોહાન) કહે છે હું તે નથી.'' વાંચો યોહાન ૧:૧૯-૨૩.

હા, એલિયા મહિમાવંતા સદેહે પ્રભુ ઈસુના સમયમાં આવ્યો. રૂપાંતરના પહાડ ઉપર એલિયા તથા મોશે બંને આવ્યા (માથ્થી ૧૭:૧-૫). વળી યુગના અંતમાં તેઓ ફરી આવશે. (સરખાવો માલાખી ૪:૬,૭ અને પ્રકટીકરણ ૧૧:૫,૬).

## ૧૪. યહૂદીઓનું પંચાંગ :

**યહૂદીઓનું પંચાંગ :** યહૂદીઓનું વર્ષ, મહિના, તારીખો અને તહેવારો વગેરે. (પંચાંગના ચિત્ર માટે જુઓ ૩ જું કવર પૃષ્ઠ.)

આ કોઈનો પૂછેલો પ્રશ્ન નથી, પણ પુછાયેલા પ્રશ્નો માટે માર્ગદર્શક માહિતી મળી રહે, અને કેટલીક સ્પષ્ટતા મૂંઝાતાં મનોને મળી રહે, માટે નીચેની માહિતી આપી છે.

૧. **નિસાન મહિનાને અબીબ** તરીકે પણ ઓળખવામાં આવતો. (નિર્ગ. ૧૩:૪; નહે. ૨:૧.) પાલેસ્તાઈનમાં ''પાછલો વરસાદ'' આ મહિનામાં આવે છે. શણ કાપવાની મોસમ (યહોશુ. ૨:૬) યરદન નદીમાં પૂર આવે છે (યહોશુ. ૩:૧૫; ૧ કાળવૃ. ૧૨:૧૫) જૂના જમાનામાં મેદાન વિસ્તારમાં જવની કાપણી શરૂ થતી. યરદનના ગરમાળ વિસ્તારમાં ઘઉં પાકી જતા. સૂકું હવામાન શરૂ થાય, અને છેક ઑક્ટોબરની અધવચ સુધી એટલે કે યહૂદી સાતમા (તીશરી) મહિના સુધી ચાલુ રહે. ઉત્તર-પશ્ચિમનો ચાલુ પવન સુસવાયા કરે.

૨. **ઈયાર અથવા ઝીવ** (૧ રાજા ૬:૧) મહિનામાં ઉપલાણના પ્રદેશમાં જવની કાપણી. ઘઉંની કાપણી નીચલાણ પ્રદેશમાં. સામાન્ય કાપણી આ મહિનામાં.

૩. **સીવાન** (એસ્તેર ૮:૯) દરિયાઈ કંઠાળ પ્રદેશમાં સફરજન થાય. શરૂઆતનાં અંજીર પણ મળે. દ્રાક્ષવેલાની સંભાળનો આ મહિનો. બદામ પાકવા માંડે. તાપ સખત પડે.

૪. **તામ્મુઝ**(યર્મિ. ૫૨:૬). પર્વતો પર ઘઉંની કાપણી. પ્રથમ પાકેલી દ્રાક્ષા.

૫. **આબ** (એઝરા ૭:૮). નીચલાણ વિસ્તારમાં જૈતફળ (ઓલિવ), ખજૂર અને ઉનાળુ અંજીર. ઉનાળુ ફળો ભરપૂરપણે થાય. ગરમી પણ પુષ્કળ પડે.

૬. **એલુલ** (નહે. ૬:૧૫). જૈતફળો વેડવાની ઋતુ.

૭. **તીશરી (એથાનીમ)** (૧ રાજા ૮:૨). દાડમો પાકે. આ માસના પાછલા ભાગથી (ઑક્ટોબરના દશેક દિવસ પછી) શિયાળાની શરૂઆત થાય. ખેડ-ખાતરનો સમય.

૮. **મારચેશ્વાન** (બુલ) (૧ રાજા ૬:૩૮). બાઈબલમાં "આગલા વરસાદ" તરીકે ઓળખાતો વરસાદ શરૂ થાય છે. અનાજ, ખાસ કરીને ઘઉં અને જવની વાવણી. ઉત્તર ગાલીલમાં જૈતફળ વેડવામાં આવે. અંજીરી પર શિયાળુ અંજીર બેસે.

૯. **કિસ્લેવ** (ઝખાર્યા ૭:૧). વરસાદ વધતો જાય છે. (સરખાવો એઝરા ૧૦:૯,૧૩).

૧૦. **તીબેત** (એસ્તેર ૨:૧૬). કરાં, ઊંચા ડુંગરો પર હિમ (બરફ)- કોઈ વાર યરુશાલેમમાં પણ હિમ (બરફ) વર્ષા થાય. નીચલાણ પ્રદેશનાં ખેતરોમાં અને ગૌચરોમાં વગડાઉ ફૂલો ભરપૂરપણે ખીલે. વાસંતી લીલોતરી પુષ્કળ થાય.

૧૧. **શેબાત** (ઝખાર્યા ૧:૭). બદામડીને ફૂલો ખીલે. અંજીરીને મોર આવે. કેરુબ વૃક્ષને ફૂલો.

૧૨. **અદાર** (એસ્તેર ૩:૭). નારંગી અને લીંબુ નીચાણવાળા પ્રદેશોમાં પાકે. દાડમડીને પ્રથમ ફૂલો લાગે. "પાછલા વરસાદ"ની શરૂઆત. યરેખો વિસ્તારમાં જવની કાપણી.

**યહૂદી વર્ષ :** જૂના કરારના સમયમાં તથા પ્રભુ ઈસુના જમાનામાં યહૂદી વર્ષ બાર મહિનાનું અને ચંદ્રની ગણતરી પ્રમાણેનું ચાંદ્રવર્ષ હતું. આજે પણ ઇઝરાયલ રાજ્યમાં ચાંદ્રવર્ષ ચાલે છે. ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસ ૮ કલાક, ૪૮ મિનિટ અને ૩૨.૪ સેકન્ડનું હોય છે. યહૂદીઓનાં પર્વો ખાસ કરીને ખેતીવાડીને અનુસરતાં હોવાથી એ પર્વોની તારીખો બદલાયા કરતી. આ ચાંદ્રવર્ષને સૌર્યવર્ષ (સૂર્ય પ્રમાણેનું વર્ષ) પ્રમાણે બંધબેસતું કરવા દર ૧૯ વર્ષે ૨૩૫ મહિના ગણતાં ૭ મહિના ચાંદ્રવર્ષ પ્રમાણે વધે. આથી ૧૯ ચાંદ્રવર્ષમાં ૭ અધિક માસ ઉમેરવામાં આવતા. દર ત્રણ કે ચાર વર્ષે બારમો માસ (અદાર માસ) બેવડાવવામાં આવતો. (આપણા ભારતમાં પણ ચાંદ્રવર્ષ ચાલે છે, અને 'પુરુષોત્તમ માસ' યા 'અધિક માસ' અવારનવાર પંચાંગોમાં ઉમેરવામાં આવે છે તેમ જ.)

ચાંદ્રવર્ષ પ્રમાણે દરેક માસમાં ૨૯ દિવસ અને અમુક માસમાં ૩૦ દિવસ થાય. પણ બાઈબલના ધાર્મિક ઈતિહાસમાં તેમ જ ભવિષ્યકથનોની ગણતરીમાં બારેય માસના ત્રીસ ત્રીસ દિવસ ગણવામાં આવતા. અને સૌર્યવર્ષ પ્રમાણે ૩૬૫ દિવસ કરવા પાંચ દિવસ ઉમેરવામાં આવતા. જળપ્રલયના વૃત્તાંતમાં વરસના દરેક મહિનાના ત્રીસ-ત્રીસ દિવસ ગણવામાં આવ્યા છે (ઉત્પત્તિ ૭:૧૧,૨૪; ૮:૩,૪). વળી પ્રકટીકરણ ૧૧:૨ માં ''બેંતાળીસ મહિના'' આપવામાં આવ્યા છે, અને એ જ સમયને માટે ૧૧:૩ માં તથા ૧૨:૬ માં ''એક હજાર બસો સાઠ દિવસ'' લખવામાં આવ્યું છે. એમ, એક માસના ૩૦ દિવસ થયા. વળી એ જ સમયને માટે પ્રકટીકરણ ૧૨:૧૪ માં ''સમય તથા સમયો તથા અર્ધા સમય સુધી'' બેંતાળીસ મહિના, કે સાડાત્રણ વર્ષ - એ સરખો કાળ છે. વળી દાનિયેલ ૭:૨૫ માં પણ એ જ સમય માટે ''કાળ, તથા કાળો તથા અડધા કાળ સુધી'' વાપર્યું છે. જે મહાવિપત્તિ (માથ્થી ૨૪;૨૧) આવનાર છે તે માટેનો આ સાડાત્રણ વર્ષનો ગાળો છે.

યહૂદીઓનું રાજકીય વર્ષ તેમ જ ખેતીનું વર્ષ સાતમા માસ **તીશરી** માસથી શરૂ થતું. ખેડ-ખાતર એ માસમાં થતું. અને એની પહેલાંના બે માસમાં (પાંચમો **'આબ'** અને છઠ્ઠો **'એલુલ'** માસમાં) કાપણી થતી અને ફસલ લેવામાં આવતી. એમ એ ખેતીનું વર્ષ ગણાતું. પણ ધાર્મિક વર્ષ પહેલા માસ **નિસાન** (અથવા **અબીબ** તરીકે પણ ઓળખાતા) માસથી શરૂ થતું. યહોવાનું ફરમાન, મિસરની ગુલામગીરીમાંથી તેઓ નીકળ્યા ત્યારે, આ પ્રમાણે હતું (નિર્ગમન ૧૨:૨) : ''આ માસને (**નિસાન** માસને) તમારા માસોમાં પ્રથમ ગણવો. તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય.'' ત્યારથી યહૂદી વર્ષનો એ પ્રથમ માસ બન્યો (વળી જુઓ નિર્ગમન ૨૩:૧૫; એસ્તેર ૩:૭).

ઈતિહાસની યાદી માટે રાજાઓના ગાદીનશીનના વર્ષથી પણ ગણતરી થતી (એઝરા ૧:૧. નહેમ્યાહ ૧:૧. ૨:૧. લૂક ૩:૧, ૨).

## ૧૫. પ્રતિષ્ઠાપર્વ શું છે ?

**પ્રશ્ન :** યોહાન ૧૦:૨૨માં ''પ્રતિષ્ઠાપર્વ'' વિષે ઉલ્લેખ છે. એ પર્વ કયું ? અને ક્યારે સ્થાપવામાં આવ્યું ? જૂના કરારમાં એનો ઉલ્લેખ આવતો નથી.

**જવાબ :** જૂના કરારમાં મોશેનાં પાંચ પુસ્તકમાં બધાં પર્વો આપવામાં આવ્યાં છે. એમાં આ 'પ્રતિષ્ઠાપર્વ' આવતું નથી. આ પર્વની સ્થાપના ઈ.સ. પૂર્વે ૧૬૫ માં (પ્રભુ ઈસુના જન્મ પહેલાં લગભગ ૧૬૫ વર્ષ પર) થઈ. સિરિયાના રાજા અંત્યોખસ એપિફાનસે પાલેસ્તાઈન દેશ કબજે કર્યો હતો, અને યરુશાલેમ પર પણ પોતાની સત્તા જમાવી હતી. એણે યહૂદીઓ પર સખત જુલમ ગુજાર્યો, અને ગ્રીક સંસ્કૃતિ તેમની ઉપર લાદી. વળી યરુશાલેમના મંદિરમાં એણે મૂર્તિની સ્થાપના કરી, તથા પવિત્ર વેદી ઉપર ભૂંડ વધેર્યાં. અંત્યોખસ એપિફાનસ ઈ.સ. પૂર્વે ૧૬૫ માં જ મરી ગયો.

યહૂદીઓએ એનો સખત સામનો કર્યો. મક્કાબી ભાઈઓએ યુદ્ધનો મોરચો સંભાળ્યો. યહૂદા મક્કાબીઓ મંદિરનું શુદ્ધીકરણ કર્યું. મંદિર ભ્રષ્ટ થયા પછી બે વર્ષ બાદ (ઈ.સ. પૂર્વે ૧૬૫ માં) મંદિરની પ્રતિષ્ઠાક્રિયા કરી. ત્યારથી એ દિવસ 'પ્રતિષ્ઠાપર્વ' તરીકે પળાતો આવ્યો છે. પ્રભુ ઈસુના સમયમાં એ પળાતો હતો, અને આજે વીસમી સદીમાં પણ એ 'પ્રતિષ્ઠા-પર્વ' યહૂદીઓ પાળતા આવ્યા છે. એને **'હાનુખા'** તરીકે તેઓ ઓળખે છે. 'હાનુખા' એટલે 'દીપાવલી.' એટલે આ પર્વ 'દીપાવલીપર્વ' તરીકે પણ ઓળખાય છે. યહૂદીઓ આ દિવસે ખાસ દીવડા પેટાવે છે.

'માંડવાપર્વ'ની પેઠે આની ઉજવણી થાય છે. યહૂદી કીસ્લેવ માસની પચીસમીએ (ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં) એ ઉજવણી શરૂ થાય અને આઠ દિવસ ચાલે. પાલેસ્તાઈનમાં આ પર્વ શિયાળામાં આવતું. પ્રભુ ઈસુ ઓછામાં ઓછું એક વખત તો આ પર્વ સમયે યરુશાલેમમાં હતા (યોહાન ૧૦:૨૨).

## ૧૬. "અટકાવનાર" કોણ ?

**પ્રશ્ન :** નવા કરારમાં ૧ થેસ્સા. ૨:૬ માં લખ્યું છે : "વળી તેને નિર્માણ થયેલે સમયે પ્રગટ થતાં **શું અટકાવે છે** તે હવે તમે સમજો છો." વળી ૭ મી કલમમાં આપ્યું છે : "કેમ કે અધર્મની ગુપ્ત અસર ચાલુ થઈ ચૂકી છે; પણ જે હાલ **અટકાવનાર છે, તેને વચમાંથી દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી તેને અટકાવવામાં આવશે."** તો આ "અટકાવનાર" એ કોણ ? અને કોને અટકાવવામાં આવે છે ?

**જવાબ :** આ અધ્યાયની શરૂઆતથી જ 'ખ્રિસ્તવિરોધી' અથવા 'પાપના માણસ' યા વિનાશના પુત્ર, વિષે લખવામાં આવ્યું છે. આ છેલ્લા સમયોમાં 'પાપનો માણસ' કે 'ખ્રિસ્તવિરોધી' દુનિયામાં બધાંને ભમાવશે. અને કલમ ૪ થીમાં લખ્યું છે તેમ તે યરુશાલેમના મંદિરમાં ઈશ્વરને સ્થાને બિરાજશે, અને પોતાને 'ઈશ્વર' તરીકે મનાવશે. પણ કલમ ૬ માં લખ્યું છે કે તેને હાલ અટકાવવામાં આવે છે.

પ્રભુ ઈસુના પુનરાગમનના પ્રથમ તબક્કામાં પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે, અને મંડળી ઉપર ગગનમાં લઈ લેવાય, એ પછી 'ખ્રિસ્તવિરોધી' વિશ્વસત્તા હાથમાં લેશે, યહૂદીઓની સાથે તેમ જ અન્ય કેટલીક પ્રજાઓ સાથે સાત વર્ષનો કરાર કરશે, અને એ સાત વર્ષની અધવચમાં એ કરાર તોડશે (દાનિયેલ ૯:૨૭), અને યરુશાલેમના મંદિરમાં પોતે ઈશ્વર તરીકે પોતાની પૂજા કરાવશે અને મંદિર ભ્રષ્ટ કરશે.

આ 'પાપનો માણસ' યા 'ખ્રિસ્તવિરોધી' યા 'વિનાશનો પુત્ર'' હાલ આવે એ સામે પ્રભુનો પવિત્ર આત્મા એને અટકાવી રહ્યો છે. પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે, અને મંડળી ઉપર લઈ લેવાય તે પહેલાં બની શકે તેટલા લોકો ઉદ્ધાર પામી લે એ માટે 'ઈશ્વર વિલંબ કરે છે.' પ્રભુ ઈસુ પાછા આવવામાં જાણે કે વિલંબ કરે છે. પવિત્ર આત્મા જાણે કે ખ્રિસ્તવિરોધીને અટકાવી રહ્યો છે.

પણ મંડળી ગગનમાં તણાઈ જશે ત્યારે પવિત્ર આત્મા પણ મંડળીને લઈને ઉપર જશે. જેમ અબ્રાહામે પોતાના પુત્ર ઈસહાકને માટે કન્યા લેવા પોતાના ચાકર એલિઆઝરને મોકલ્યો હતો, અને એલિઆઝર કન્યાને લઈને પાછો આવ્યો, એમ પવિત્ર આત્મા પ્રભુપુત્ર માટે મંડલીરૂપી કન્યા તૈયાર કરવા માટે મોકલવામાં આવ્યો છે. મુક્તિ મેળવીને મંડળીરૂપી 'કન્યામાં દાખલ થનારાંની સંખ્યા પૂરી થાય ત્યાં સુધી પવિત્ર આત્મા' ખ્રિસ્તવિરોધીને અટકાવી રહ્યો છે. મંડળીરૂપી કન્યા તૈયાર થઈ જશે, એટલે પવિત્ર આત્મા કન્યાને લઈને ગગનમાં જશે. આમ, 'ખ્રિસ્તવિરોધી'ને અટકાવી રાખનાર પવિત્ર આત્મા વચમાંથી દૂર થશે, એ પછી 'ખ્રિસ્તવિરોધી'નું જોર બધે પ્રવર્તશે.

નુહે ૧૨૦ વર્ષ સુધી 'બચાવ' માટે પ્રચાર કર્યો. એ જળપ્રલયને અટકાવનાર નુહ વહાણમાં લેવાયો એ પછી ન્યાયકરણ આવ્યું. લોટ વચ્ચેથી દૂર કરાયો એ પછી વિનાશ.

'ખ્રિસ્તવિરોધી'નો સત્તાકાળ સાત વર્ષનો હશે. એ દિવસો દરમિયાન ભયંકર વિપત્તિ પણ પૃથ્વી પર આવશે. પ્રભુ ઈસુ ગગનથી પોતાના સંતો સાથે પૃથ્વી પર ઊતરશે ત્યારે ખ્રિસ્તવિરોધીનો તે વિનાશ કરશે.

આ 'ખ્રિસ્તવિરોધી'ને બાઈબલમાં અનેક નામોથી ઓળખવામાં આવ્યો છે, જેમ કે, ''પાપનો માણસ'' (૧ થેસ્સા. ૨:૩); અથવા 'વિનાશનો પુત્ર' (૧ થેસ્સા ૨:૩); 'ઉજ્જડની અમંગળપણાની નિશાની' (માથ્થી ૨૪:૧૫); 'ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર આવનાર વેરાન કરનાર' (દાનિ. ૯:૨૭).

હાલ ખ્રિસ્તવિરોધીની ભૂંડી અસરો જગતમાં શરૂ થઈ ચૂકી છે. પણ પ્રભુ ઈસુ મંડળીને લેવા સારુ ગગનમાં ઊતરે એ પછી આ 'ખ્રિસ્તવિરોધી' જાહેર પ્રગટ થશે, અને દુનિયાની સત્તા પોતાના હાથમાં લઈ(પ્રકટી. ૧૩:૭) પૃથ્વીના લોકોને ઈશ્વરથી દૂર લઈ જશે-ભટકાવી દેશે. પણ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે ત્યાં સુધી તેને **અટકાવવામાં આવ્યો છે.**

## ૧૭. પ્રભુ ઈસુના મૃત્યુ માટે યહૂદાને શા માટે દોષિત ગણવો ?

**પ્રશ્ન :** એક ભાઈએ આ પ્રમાણે પ્રશ્ન લખી મોકલ્યો છે : "પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વધસ્તંભ પરનું મૃત્યુ નિશ્ચિત એટલે કે ઠરાવેલું હતું. પ્રભુ ઈસુ પણ આ જાણતા હતા. છતાં યહૂદા માટે પ્રભુ ઈસુ "તે જન્મ્યો ન હોત તો સારું" શબ્દો ઉચ્ચારે છે (માથ્થી ૨૬:૩૪). વળી પ્રભુ ઈસુના બલિદાન વિના માનવજાતનું તારણ હોત જ નહિ. તો એમ શા માટે કહ્યું ?

**જવાબ :** આ પ્રશ્નનો જવાબ જોઈએ તે પહેલાં બાઈબલનું કેટલુંક શિક્ષણ આપણે જોઈ લઈએ. હિન્દુ ધર્મમાં 'નસીબવાદ' અને ઈસ્લામમાં 'કિસ્મતવાદ' છે; એવું બાઈબલમાં નથી. નસીબવાદ કે કિસ્મતવાદ એમ શીખવે છે કે ઈશ્વરે (વિધિએ, વિધાતાએ, અલ્લાએ આપણા જીવનના અને વિશ્વ-જીવનના બધા પ્રસંગોને) અગાઉથી ઠરાવ્યા છે. એમના સમયો – સંજોગો ઠરાવ્યા છે, અને એની પ્રક્રિયાઓના માર્ગો અગાઉથી ઝીણામાં ઝીણી વિગતો સાથે યોજ્યા - ઠરાવ્યા છે. અને એ જ પ્રમાણે બધું બન્યા કરવાનું; એમાં મીન-મેખ ફેર પડવાનો નહિ.

બાઈબલનું શિક્ષણ જુદું છે. ઈશ્વર ત્રિકાળજ્ઞાની હોવાથી ભૂત અને ભવિષ્ય તેમની આગળ વર્તમાન જ બની રહે છે. એટલે ઈશ્વરે પોતાની આ અગમદૃષ્ટિ (પૂર્વદૃષ્ટિ) દ્વારા બધું અગાઉથી બનતું હોય તેમ જોયું, અને પછી એ જ પ્રમાણે ઈશ્વરે ઠરાવ્યું પણ. ફલાણું આ પ્રમાણે બનનાર છે એ ઈશ્વરે અગાઉથી જોયું, અને એ પ્રમાણે ઈશ્વરે એને નિર્માણ કર્યું. બાઈબલમાં 'પૂર્વજ્ઞાન' અને 'પૂર્વસંકલ્પ' સાથે સાથે જ જાય છે. પ્રે. કૃ. ૨:૨૩ "દેવના સંકલ્પ તથા પૂર્વજ્ઞાન પ્રમાણે તેને (પ્રભુ ઈસુને) પરસ્વાધીન કરવામાં આવ્યો." વળી, જુઓ રોમન ૮:૨૮,૨૯. ઈશ્વરનાં **પૂર્વજ્ઞાન અને પૂર્વસંકલ્પ સાથે સાથે જ જાય છે.**

એટલે જ પ્રત્યેક માણસના પ્રત્યેક કૃત્યની પસંદગીની કે યોજનાની પૂરેપૂરી જવાબદારી એ માણસની જ રહે છે. એના પ્રત્યેક કૃત્ય, પસંદગી કે યોજનાની જવાબદારી એની પોતાની જ હોઈને એનાં પરિણામ પણ એના શિરે રહે છે એને માટે એ જ જવાબદાર છે, – એને માટેની શાબાશી કે શિક્ષા તેની જ રહે છે.

એમ, પ્રભુ પરમેશ્વરની જગતના મંડાણ અગાઉની કરેલી યોજના યા પૂર્વસંકલ્પ (પૂર્વઠરાવ) એમના પૂર્વજ્ઞાન પ્રમાણે હતાં. અને એ પ્રમાણે પ્રભુ ઈસુ પરસ્વાધીન કરાવાના હતા, અને ક્રૂસ પર બલિદાન બનવાના હતા. છતાં યહૂદાએ તેમને પરસ્વાધીન કર્યા તે કૃત્યની પૂરેપૂરી જવાબદારી યહૂદાની જ છે, એને માટે એ જ જવાબદાર છે, એના પરિણામનો ભોક્તા યહૂદાએ જ બનવાનું રહે છે. પ્રભુ ઈસુ અગાઉથી (પૂર્વજ્ઞાન દ્વારા) જાણતા હતા કે યહૂદા પોતાને પકડાવશે. માટે પ્રભુ ઈસુએ પેલું વાક્ય ઉચ્ચાર્યું કે, ''તે જન્મ્યો ના હોત તો એના માટે સારું થાત.'' યહૂદા પોતાના મનના મનસૂબા (વિચારણા) પ્રમાણે પ્રભુ ઈસુને પકડાવે છે, એટલે એ નર્કાધીન બની જાય છે.

આમ છતાં જો યહૂદાએ પશ્ચાત્તાપ કરીને પ્રભુ ઈસુની માફી માગી લીધી હોત, તો એને માફ થયું હોત, અને યહૂદાને વધાવવા આખું આકાશ ઊમટ્યું હોત. તેણે શોક કર્યો, પણ પશ્ચાત્તાપ ન કર્યો, પ્રભુ ઈસુની માફી ન માગી ! અને એ પણ પ્રભુ ઈસુએ પૂર્વદૃષ્ટિથી જોયું હશે કે આમ જ બનશે.

પોતાની પસંદગીની જવાબદારી વ્યક્તિની પોતાની જ રહે છે, એના કેટલાક દાખલા બાઈબલમાંથી જોઈએ. યર્મિયા ૨૭:૫-૮ સુધીમાં યહોવા પોતે નબૂખાદનેસ્સારને ઈઝરાયલને શિક્ષા કરવા વાપરશે, અને નબૂખાદનેસ્સાર યહોવાના હાથમાં સબળ સાધન તરીકે વપરાશે એવું ભવિષ્યકથન કર્યું છે. અને એ પ્રમાણે જ બન્યું. પરંતુ ૫૦ મા અધ્યાયમાં ઈશ્વરનાં વચનો એ જ પ્રબોધકની મારફતે બાબિલોન સામે ઉચ્ચારવામાં આવ્યાં છે (ખાસ કરીને જુઓ કલમો ૧૧-૧૬, ૧૭-૧૯).

યોસેફના ભાઈઓએ યોસેફને ખાડામાં નાખી દીધો, અને વેચી દીધો. યોસેફ મિસરનો ધણી બન્યા પછી પોતાના ભાઈઓને પોતાની ઓળખ આપતાં કહે છે : "હવે તમે મને અહીં વેચી દીધો, એને લીધે તમે દિલગીર ન થાઓ, ને તમારા મનમાં બળાપો ન કરો. કેમ કે જાન બચાવવાને દેવે તમારી આગળ મને મોકલ્યો...એ માટે તમે તો નહિ, પણ દેવે મને અહીં મોકલ્યો" (ઉત્પત્તિ ૪૫:૫,૮). હા, યોસેફના આ બધા સંજોગોને રોમન ૮:૨૮,૨૯ પ્રમાણે ઈશ્વરે પોતાની સનાતન યોજનામાં ગૂંથી લઈને માત્ર યોસેફને માટે જ ફાયદાકારક નીપજાવ્યા એમ નહિ, પણ મિસરને માટે, ઈઝરાયલનાં કુળોને માટે, અને આસપાસના અન્ય દેશોને માટે પણ ફાયદાકારક નીપજાવ્યા. હા, બૂરાઈ કરનાર ભાઈઓને માટે પણ એમાંથી ફાયદો નીપજાવ્યો. ઈશ્વરે એ યોજના કરી, પણ યોસેફના ભાઈઓની બૂરાઈ એમને માથે રહી; એનાં પરિણામ એમણે વેઠવાં જ રહ્યાં.

## ૧૮. ભૂતો શું છે ? એમની હયાતી છે ?

**પ્રશ્ન :** બાઈબલમાં જૂના તેમ જ નવા કરારમાં ભૂતોની હયાતી તથા કનડગત વિષે વિસ્તારપૂર્વક આપવામાં આવ્યું છે. પ્રભુ ઈસુએ પણ ભૂતો કાઢ્યાં હતાં. તો આ ભૂતો શું છે ? મરેલાં માણસોના અવગતિયા આત્માઓ છે ? – કે પછી બીજું કંઈક ? આજે ભૂતોની હયાતી છે ?

**જવાબ :** અનેક જણે આ પ્રશ્ન વારંવાર પૂછ્યા છે. અગાઉ ચૌદ-પંદર વર્ષ પર આનો જવાબ મેં ખ્રિસ્તીબંધુમાં આપેલો. પણ આ પ્રશ્ન ફરી ફરી પુછાતો હોઈને એનો ફરી એક વાર જવાબ આપવા પ્રેરાયો છું.

ભૂતો સંબંધી જુદી જુદી માન્યતાઓ હસ્તી ધરાવે છે, જેમ કે (૧) જે અવગતિ પામ્યાં તેઓ 'ભૂત' થયાં; (૨) બીજા કેટલાક કહે છે કે ભૂતો કદી હતાંએ નહિ અને છે પણ નહિ. અને ઈસુના જમાનામાં જે

ભૂત વળગેલાં માનવીઓ હતાં, એ તો મગજના અસ્થિરપણાના રોગોથી પીડાતાં માણસો હતાં; (૩) ત્રીજા પ્રકારના લોકો કહે છે કે ભૂતો હતાં ખરાં, પણ ઈસુએ બધાં ભૂતોને કાઢ્યાં પછી હવે તેઓની હયાતી રહી નથી. આ ત્રણે મત ખોટા છે.

**ભૂતો છે અને તેમને વ્યક્તિત્વ છે :** ઈસુએ ભૂતો કાઢ્યાં એ તો નવા કરારમાં સ્પષ્ટ કહેલું છે (માથ્થી ૮:૨૮-૩૪ માર્ક ૫:૧-૨૦. લૂક ૮:૨૬-૩૬, ઈત્યાદિ). ભૂતોની હયાતી છે, અને તેમને વ્યક્તિત્વ છે, એ નીચેના મુદ્દાઓ પરથી જણાય છે : (૧) ઈસુ ભૂતોને સંબોધીને તેઓ સાથે વાત કરે છે, (૨) તેઓને નીકળી જવાની આજ્ઞા કરે છે, અને (૩) ભૂતો પણ સામેથી જવાબ આપે છે. હા, તેઓને ભૌતિક શરીર નથી, પણ 'આત્મિક' (અપાર્થિવ) શરીર છે. તેઓ માત્ર આભાસ કે પડછાયો નથી. યહૂદીઓને પ્રભુ ઈસુના દેવત્વ (ઈશ્વરપણા) વિષે ખબર નહોતી, પણ ભૂતો એ જાણતાં હતાં (લૂક ૮:૨૮).

**ભૂતનો વળગાડ એ માત્ર માનસિક કે શારીરિક રોગ નથી,** – જો યહૂદીઓને પ્રભુ ઈસુના દેવત્વની જાણ નહોતી, તો અસ્થિર મગજવાળાં માણસો તો ઈસુને કહી જ ના શકે કે, 'તું પરાત્પર દેવનો દીકરો છે.' પ્રેરિતોનાં કૃત્યો ૧૬:૧૬ માં જણાવેલી અગમસૂચક આત્મા વળગેલી છોકરી પાઉલ તથા સિલાસ સંબંધી બૂમો પાડી જાહેર કરતી હતી કે, "આ માણસો પરાત્પર દેવના સેવકો છે કે, જેઓ તમને ઉદ્ધારનો માર્ગ પ્રગટ કરે છે." આ અગમસૂચક કથન આ છોકરી માનસિક મંદવાડને લીધે નહિ, પણ અશુદ્ધ આત્માના વળગાડને કારણે જ ઉચ્ચારી શકી હતી. જો એ છોકરી અસ્થિર મગજવાળી યા માંદી હોત, તો એવું સત્યકથન તે ન કહી શકત. પરંતુ તેનામાં બહારનો કોઈ 'આત્મા' વસવાટ કરતો હતો એ નક્કી વાત. વળી, યાકોબ ૨:૧૯ માં લખ્યું છે કે, "ભૂતો પણ વિશ્વાસ કરે છે, ને કાંપે છે." એ પણ બતાવે છે કે તેઓને વ્યક્તિત્વ છે.

અહીં એક વાત તરફ ધ્યાન ખેંચું. આપણા દેશમાં – ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં – ઘણી વખતે અણસમજુ લોકો શારીરિક કે માનસિક માંદગીને પણ ભૂતપ્રેતનો વળગાડ માની બેસે છે, અને દવા-ઉપચાર ન કરતાં ભૂવા તથા ભૂતવૈદ્યોને નાણાં પધરાવે છે. અને ઉપરથી હેરાન હેરાન થાય છે એ જુદું. આ ખોટું છે. હિસ્ટીરિયા, વાયુ, ચકરી, અપસ્માર (ફેકરું), સીઝોફ્રેનિયા, અનેક જાતનાં સાયકોસીસ દરદો વગેરે રોગો છે, અને અશુદ્ધ આત્માઓના વળગાડ કરતાં જુદાં છે.

**પ્રભુ ઈસુએ ભૂતોનો નાશ કર્યો નહોતો :** પ્રભુ ઈસુના સમયમાં ભૂતો હતાં, પણ તેમણે બધાં ભૂતોને કાઢ્યાં હોવાથી હવે ભૂતોની હયાતી રહી નથી, એમ કહેવું એ સત્યથી ક્યાંય વેગળું છે. પ્રથમ તો, પ્રભુ ઈસુએ વળગાડવાળાં થોડાંક જ માણસોમાંથી ભૂતો કાઢ્યાં હતાં. બીજાં ઘણાં એવાં વળગાડવાળાં પાલેસ્તાઈનમાં તેમ જ પૃથ્વી પર અન્ય ઠેકાણે હશે જેઓ પ્રભુ ઈસુના સંસર્ગમાં આવ્યાં જ નહોતાં. બીજું કે, પ્રભુ ઈસુએ ભૂતોનો નાશ કર્યો નહોતો; એમણે તો વળગાડવાળી વ્યક્તિઓમાંથી ભૂતોને બહાર કાઢી મૂક્યાં હતાં. આમ બહાર કાઢવાથી ભૂતોનો નાશ થતો નથી, એમની હયાતી મટી જતી નથી, ફક્ત એટલું જ કે એ ભૂતો હવે પછી વ્યક્તિઓથી દૂર અન્ય ઠેકાણે ફરતાં રહેતાં હોય છે. એટલે આજે પણ પૃથ્વી પર ભૂતોનું અસ્તિત્વ છે; પ્રભુ ઈસુએ તેમનો નાશ કર્યો નથી.

**ભૂતોના વિનાશનો સમય ભવિષ્યમાં આવવાનો છે :** પેલા ગાડરેનોના દેશના બે ભૂતવળગાડવાળા માણસોને પ્રભુ ઈસુ સાજા કરતા હતા ત્યારે એમનામાંનાં ભૂતો બોલી ઊઠ્યાં, ''ઓ દેવના દીકરા, અમારે ને તમારે શું છે ? સમય [આવ્યા] અગાઉ તું અમને પીડા દેવાને અહીં આવ્યો છે શું ?'' (માથ્થી ૮:૨૯). આ કથનમાં બે બાબતો સમાયેલી છે : (૧) પ્રભુ ઈસુ ભૂતોનો નાશ કરી શકે છે, અને તે તેમનો નાશ કરવાના છે, (૨) એમના વિનાશનો સમય અચૂક આવવાનો છે. ભૂતો યા અશુદ્ધ

આત્માઓને માટે છેલ્લા સમયમાં – ન્યાયકાળના સમયમાં – સદાકાળ માટે શિક્ષા આપવામાં આવનાર છે. તે સમય હજી આવ્યો નથી, એટલે ભૂતો આજે પણ હયાત છે. ભૂતોને પોતાના આખરી અંત વિષે ખબર છે. એ સમયે શેતાન અને તેના દુષ્ટાત્માઓ એટલે કે ભૂતોનો નાશ થવાનો છે.

**આ ભૂતો શું છે ?**

(૧) **ભૂતો સ્વર્ગમાંથી ફેંકી દેવાયેલા દૂતો નથી.** એ પતન પામેલા દૂતોને તો ન્યાયકરણના સમય સુધી બંધનમાં રાખેલા છે. તેઓ છૂટા તથા ગમે ત્યાં ભટકી શકે તેવી સ્થિતિમાં નથી. ૨ પિતર ૨:૪ કહે છે : ‘‘કેમ કે જે દૂતોએ પાપ કર્યું તેઓને દેવે છોડ્યા નહિ, પણ તેઓને નરકમાં નાખીને ન્યાયકરણ થતાં સુધી અંધકારના ખાડાઓમાં રાખ્યા.’’ વળી એ જ વાત યહૂદા ૧:૬ માં પણ છે. ‘‘વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે.’’

(૨) **આ ભૂતો દુનિયા પરથી મરેલાંના ભટકતા આત્મા નથી :** કેટલાક લોકો માને છે કે અવગતિ પામેલાં યા અકાળે મરણ પામેલાંના આત્મા ભૂત બને છે. પણ એ વાત ખરી નથી. મરેલાં માણસોના આત્મા પૃથ્વી પર પાછા આવતા નથી, અને આવી પણ શકતા નથી. (૧) મૃત્યુ પામેલાંના આત્માઓ ઈશ્વરની પાસે જાય છે, અને ઈશ્વરના કબજામાં છે – ભલે પછી તેઓ પારાદેશમાં હોય કે હાદેશમાં હોય; (૨) મૃત્યુ પામેલાંના આત્માઓને પૃથ્વી પર પાછા આવવાનો હક નથી; (૩) તેઓ ભટકતા ફરી પણ શકે નહિ, અને કોઈના (ભૂવા, ભૂતવૈદ્યો, કે માધ્યમોના) બોલાવ્યા તેઓ પૃથ્વી પર પાછા આવી શકે પણ નહિ. લૂક ૧૬:૧૯-૩૧માં શ્રીમંત માણસ તથા ભિખારી લાજરસની વાત આપી છે, એમાં હાદેશમાં પીડા ભોગવતા શ્રીમંત માણસનો આત્મા પ્રભુને વિનંતી કરે છે કે,

''પિતા હું તમને વિનંતી કરું છું કે, તેને (લાજરસને) મારા પિતાને ઘેર મોકલો...કે તે તેઓને શાહેદી આપે, રખેને તેઓ પણ આ પીડાને સ્થાને આવી પડે.'' ત્યારે જવાબમાં એને ''ના'' સાંભળવા મળે છે. એટલું જ નહિ પણ ન્યાયી લોકોના આત્મા અને ભૂંડાજનોના આત્મા મરણ પછી અલગ અલગ ઠેકાણે હોય છે, અને તેમની વચ્ચે મોટી ખાઈ છે, જેથી તેઓ સ્થળાંતર કરી શકે નહિ. ના, મૃત્યુ પામેલાંના આત્માઓ પૃથ્વી પર પાછા આવી શકતા નથી.

એક દુઃખની વાત છે કે ગુજરાતી બાઈબલમાં 'ભૂત' શબ્દ વાપર્યો છે. 'ભૂ' એટલે પૂર્વે હતું તે. એટલે એનો અર્થ એવો ખોટો થાય છે કે અગાઉ હયાત હતા અને મરી ગયા પછી તેઓના આત્મા ભૂત બન્યા. આ તો પરધર્મીઓની ભ્રામક માન્યતાને લીધે આવો શબ્દ ગુજરાતીમાં બન્યો. જૂના કરારમાં અસલ હિબ્રૂ ભાષામાં તેમ જ નવા કરારની મૂળ ગ્રીક ભાષામાં તો આ જગાએ 'ભૂત' – 'ભૂતકાળમાં હતું' એ પ્રકારનો કે એવો અર્થવાળો શબ્દ છે જ નહિ. ગ્રીકમાં 'દીમન' શબ્દ વાપર્યો છે, જેનો અર્થ લગભગ **'શેતાન'** **અથવા** **'અશુદ્ધ આત્મા'** થાય છે. આથી જ નવા કરારના રોમન કેથોલિક તરજુમામાં ('શુભ સંદેશ'માં) 'અપદૂત' શબ્દપ્રયોગ વાપરવામાં આવ્યો છે. ગ્રીક નવા કરારમાં બીજો એક શબ્દ પણ વપરાયો છે. **'આકાથાર્તોન ન્યુમા'** એટલે કે **'અશુદ્ધ આત્મા'** (માથ્થી ૧૨:૪૩). જો આને માટે 'અશુદ્ધ આત્મા' શબ્દપ્રયોગ કર્યો તો 'દીમન' માટે 'દુષ્ટાત્મા' શબ્દપ્રયોગ કરી શકાય. વળી ૧ તિમોથી ૪:૧ માં ભુલાવનાર આત્મા' લખ્યું છે એને માટે ગ્રીકમાં 'પ્લાનોઈસ ન્યુમાસીન' વાપર્યું છે.

આ અશુદ્ધ આત્માઓ ઓછી કે વત્તી ભૂંડાઈવાળા હોય છે એવું બાઈબલનું શિક્ષણ દેખાય છે. **''પોતાનાં કરતાં ભૂડા બીજા સાત આત્માઓને તે પોતાની સાથે લાવે છે''** માથ્થી ૧૨:૪૫. 'શેતાન તો ભૂંડાઈનો' કે

'જૂઠાનો બાપ' છે. આ ભૂંડા આત્માઓ માણસને શારીરિક પીડા અને આધિવ્યાધિ પણ આપે છે (માથ્થી ૧૦:૧. માર્ક ૫:૨;૭:૫. લૂક ૮:૨૭-૨૯. પ્રકટી. ૧૬:૧૩. ૧૮:૨). ૧ તિમોથી ૪:૧-૩ માં છે: "પવિત્ર આત્મા સ્પષ્ટ કહે છે કે પાછલા સમયમાં કેટલાએક માણસો ભુલાવનાર આત્માઓ પર તથા ભૂતોના ઉપદેશ પર ધ્યાન આપીને...વિશ્વાસનો ત્યાગ કરશે." અશુદ્ધ આત્મા માણસને વળગે, તેનો કબજો લે એ વાત, અને અશુદ્ધ આત્મા માણસને ભમાવે, ખોટે માર્ગે લઈ જાય, એ બે અલગ બાબતો છે.

**મરણ પામેલાં સાથે વાતચીત :** ભારત અને દુનિયાના સર્વદેશોમાં મૃત્યુ પામેલાં સગાંવહાલાં કે સ્નેહીઓના આત્માઓ સાથે વાતચીત કરાતી હોવા વિષે સૈકાંઓથી મનાતું આવ્યું છે. અને આ છેલ્લા સમયમાં એ પ્રકારના સંઘ તથા ધામો બહુ ફૂટી નીકળ્યાં છે. પણ મૃત્યુ પામેલાંઓ સાથે પૃથ્વીનાં માણસો વાત કરી શકતાં નથી. એ કહેવાતી 'વાતચીત' તે શેતાનના આત્માઓએ ઊભી કરેલી માયાજાળ અને બનાવટ છે. અશુદ્ધ આત્માઓ પોતે જ મરેલાં સગાંસ્નેહીઓનું રૂપ યા સ્વાંગ ધારણ કરે છે, અને વાત કરે છે.

**શાઉલની માગણીથી કોણ આવ્યું ? – શમુએલનો આત્મા કે બીજું કોઈ ?**

બાઈબલમાં ૧ શમુએલ ૨૮:૩-૨૫ માં શાઉલ રાજા, ભૂતવૈદણ, તથા શમુએલના આત્માની વાત આપેલી છે, એ સંબંધી કોઈને અહીં પ્રશ્ન થાય ખરો : શું ભૂતવૈદણના કહેવાથી શમુએલનો આત્મા આવ્યો હતો કે બીજું કોઈ ? શાઉલ રાજા એનદોરમાં મેલી વિદ્યા જાણનાર એક સ્ત્રી પાસે ગયો. અને તેને કહ્યું, "કૃપા કરીને **તારા સાધેલા** ભૂતની **મદદથી** મારું ભવિષ્ય જો. ને જેનું નામ હું તને કહું તેને મારે સારુ હાજર કર." એમ શાઉલે મરી ગયેલા શમુએલને ઉઠાડી લાવવા કહ્યું. એ પછી બહાર નીકળી આવનાર આત્માને શાઉલે શમુએલ તરીકે

ઓળખ્યો. આ નીકળી આવેલો આત્મા કોણ હતો ? એ વિષે ત્રણ મત છે :

(૧) **કોઈ જ આવ્યું નહોતું.** કેટલાક માને છે કે કોઈ જ આત્મા નીકળી આવ્યો નહોતો – ન તો શમુએલ ન તો બીજો કોઈ આત્મા. ભૂતવૈદેણ માત્ર જૂઠું બોલી. કોઈ દેખાયું હોય તેવી તેણે બનાવટ કરી. તેણે અગાઉ શમુએલને જીવતો જોયો હતો. તેના સ્મરણ પરથી તેણે બનાવટી વર્ણન કર્યું : 'વૃદ્ધ પુરુષ,' અને 'જામો પહેરેલો.' શાઉલે તો શમુએલને આ પ્રસંગે જોયો જ નહિ. પાઠવેલો સંદેશો પણ ભૂતવૈદેણે પોતે સંજોગો પરથી કલ્પી-યોજી કાઢ્યો. શમુએલની વાત યા સંદેશો પણ, જેમ અન્ય 'મૃતોના કહેવાતા સંદેશા'માં બને છે તેમ અહીં પણ 'માધ્યમ' એટલે ભૂતવૈદેણ મારફતે જ બોલાયા હતા.

(૨) **કોઈ અશુદ્ધ આત્મા શમુએલનું રૂપ ધરીને આવ્યો.** શમુએલ ઊઠીને આવ્યો નહોતો પણ કોઈ અશુદ્ધ આત્મા, એટલે કે શેતાનનો અપદૂત યા શેતાનનો સહાયક શમુએલનો સ્વાંગ યા રૂપ ધરીને આવ્યો એવું કેટલાક માને છે. શેતાનના અપદૂતો એટલે કે અશુદ્ધ આત્માઓ મૃત્યુ પામેલાંનું રૂપ કરી શકે છે, પણ મૃત્યુ પામેલાંને સાચોસાચ બોલાવી લાવી શકતા નથી. ૨ કોરીંથી ૧૧:૧૪-૧૫ માં છે કે, 'એમાં કંઈ આશ્ચર્ય નથી; કેમ કે શેતાન પોતે પ્રકાશના દૂતનો વેશ લે છે. તેથી જો તેના સેવકો પણ ન્યાયપણાના સેવકોનો વેશ લે તો તે કંઈ મોટી વાત નથી...'' શેતાનના અપદૂતો (દુષ્ટાત્માઓ) મુક્ત છે, ભટકતા છે અને જૂઠા છે. તેઓ ભવિષ્યકથન પણ કરી શકે છે. આવા કોઈ અશુદ્ધ આત્માએ શમુએલનું રૂપ ધરીને ભવિષ્યકથન કર્યું, – શાઉલને બનનારી વાતોની જાણ કરી.

(૩) **શમુએલ જ આવ્યો હતો – ઈશ્વરના મોકલવાથી.** વળી મારા જેવા બીજા કેટલાક માને છે કે આ તો ખરેખર શમુએલ જાતે જ આવ્યો હતો. ભૂતવૈદેણના બોલાવ્યાથી નહિ, પણ ઈશ્વરના મોકલવાથી શમુએલ

હાજર થયો હતો. (૧) પવિત્ર અને મહાસંતપુરુષ એવા શમુએલનો આત્મા એક મામૂલી જાદુગરેણના હુકમથી હાજર થાય એમ બની શકે જ નહિ. (૨) ભૂતવૈદેણ પોતાના મંત્ર-તંત્ર શરૂ કરે તે પહેલાં જ શમુએલ આવ્યો. (૩) ઈશ્વરે તેને અપવાદરૂપે મોકલ્યો એમાં ઈશ્વરે ભૂતવૈદ્યોનું પોકળ બહાર પાડ્યું. (૪) જો ભૂતવૈદેણનો તેડાવ્યો શમુએલ આવ્યો હોય તો પછી શમુએલને જોઈને ભૂતવૈદેણ શા માટે ચમકી ઊઠે ? અંદર લખ્યું છે : ''તે સ્ત્રીએ શાઉલને જોઈને મોટી બૂમ પાડી; અને તે સ્ત્રીએ શાઉલને કહ્યું કે, તેં મને કેમ ઠગી છે ?'' (૧ શમુએલ ૨૮:૧૨). સ્ત્રી તો માધ્યમ અથવા સાધેલા આત્માને બોલાવવાની હતી, જ્યારે આ તો ખુદ શમુએલ પોતે આવ્યો, એટલે જ તે સ્ત્રી ચમકી ઊઠી. શમુએલને તો ઈશ્વરે મોકલ્યો હતો. (૫) આ શમુએલને પરમેશ્વરે ચોક્કસ સંદેશો લઈને શાઉલ પાસે મોકલ્યો હતો. ઈશ્વરે જ શાઉલની હાર તથા મરણ સંબંધીનો ભવિષ્યકથન રૂપ સંદેશો મોકલ્યો હતો. (૬) શમુએલનો આત્મા દેખાયો કે તરત જ ભૂતવૈદેણ બાજુ પર ઠેલવામાં આવી. (૭) શાઉલની સાથે શમુએલના આત્માએ સીધી વાત કરી.

**અન્ય સમયે કેટલાંક મૃત્યુ પામેલાંના આત્મા પાછા આવ્યા હતા :**

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની કે શમુએલનો આત્મા શરીર ધારણ કરીને આવ્યો નહોતો. જૂના નવા કરારમાં કેટલાક દાખલાઓ બનેલા છે જેમાં **પ્રભુની પરવાનગીથી** જ મરેલાંના આત્માઓ પૃથ્વી પર પાછા આવ્યા હતા. પણ તેઓ અસલ (અગાઉનાં) દૈહિક શરીરો ધારણ કરીને આવ્યા હતા, જેમ કે, શૂન્નામીનો દીકરો, યાઈરસની દીકરી, નાઈનની વિધવાનો દીકરો, લાજરસ, દરકાસ, વગેરે. મૃત્યુ પછી તેમને થયેલા અનુભવો તેઓ ભૂલી ગયાં છે – જાણે ઊંઘમાંથી ઊઠ્યાં હોય તેમ એ બધા વિષે તેમને કંઈ જ સ્મરણ હોતું નથી. તેઓ આત્મા તરીકે આવ્યાં નથી, પણ ઉત્થાન પામેલાં તરીકે આવે છે. પુનરુત્થાનનાં મહિમાવંત શરીરોમાં તેઓ આવ્યાં નહોતાં, પણ અસલના દૈહિક શરીરમાં જ આવ્યાં હતાં. તેઓ પાછાં મૃત્યુ તો પામ્યાં જ.

## ૧૯. પુનરુત્થાનમાં પરણવા-પરણાવવાનું નથી ?

**પ્રશ્ન :** માથ્થી ૨૨:૩૦ (અને માર્ક ૧૨:૨૫ માં આમ લખ્યું છે : "કેમ કે પુનરુત્થાનમાં તેઓ પરણતા નથી અને પરણાવતા નથી, પણ આકાશમાંના દૂતો જેવા હોય છે." એ વાક્યનો અર્થ શો થાય છે ? શું પુરુષ તેમ જ સ્ત્રી સ્વર્ગમાં જાતિરહિત (સેક્સલેસ) બની જશે ? દૂતોને જાતિ નથી ? દૂતો વિષે કંઈક વધુ જણાવી પ્રકાશ પાડો તો સારું.

**જવાબ :** પુનરુત્થાનમાં બધા જાતિરહિત (સેક્સલેસ) બની જશે એવો અર્થ ઉપરના વાક્યમાંથી નીકળતો નથી. પરંતુ સ્વર્ગીય જીવનમાં મૃત્યુ નહિ હોય એટલે કોઈ મરશે નહિ, અને પુનરુત્થાનના જીવનમાં પ્રવેશેલાંની સંખ્યા જેટલી ને તેટલી અનંત યુગો સુધી રહેશે. (દૂતોની જેમ). એટલે પ્રજનનક્રિયાની કે શરીર-સહયોગની જરૂર પડશે નહિ (જુઓ લૂક ૨૦ : ૩૪-૩૬).

આમ છતાં પુરુષ તે પુરુષ અને સ્ત્રી તે સ્ત્રી તરીકે જ ત્યાં હશે. વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વ સાથે એની જાતિ પણ એક ભાગ છે. વ્યક્તિનું વ્યક્તિત્વ પુનરુત્થાનના જીવનમાં ખંડિત થવાનું નથી, અધૂરું વ્યક્તિત્વ રહેવાનું નથી.

સાદુકીઓ પુનરુત્થાનમાં માનતા નહોતા, એટલે પ્રભુ ઈસુને સાણસામાં પકડવા સાત ભાઈઓ અને તેમની દરેકની પત્ની બની ચૂકેલી સ્ત્રીની ઉપજાવી કાઢેલી વાત કહે છે, અને પૂછે છે કે પુનરુત્થાન જો થવાનું જ છે, તો એ પુનરુત્થાનમાં આ સ્ત્રી સાતમાંથી કોની પત્ની થશે ? એમને સણસણતો જવાબ આપતાં પ્રભુ ઈસુએ ઉપરોક્ત વાક્ય ઉચ્ચાર્યું હતું. પ્રભુ ઈસુ એટલું કહેવા માગતા હતા કે પુનરુત્થાન પછીના જીવનમાં પરણવા-પરણાવવાની જરૂર રહેતી નથી, કારણ, પ્રજોત્પત્તિની ત્યાં જરૂર નથી. પ્રભુ ઈસુના કહેવાનો ભાવાર્થ એવો નીકળતો જ નથી કે પુરુષ અને સ્ત્રી ત્યાં જાતિરહિત બની જશે.

પ્રભુએ આ પૃથ્વી છ દિવસમાં બનાવી તે અગાઉ દૂતોને બનાવ્યા યા ઉત્પન્ન કર્યા હતા. ''સફળ થાઓ અને વધો, અને પૃથ્વીને (કે પછી સ્વર્ગને) ભરપૂર કરો,'' એવું તેઓને કહેવામાં આવ્યું નહોતું. તેઓને તો તેમના સૃજન સમયે જેટલી સંખ્યામાં ઉત્પન્ન કર્યા તેટલા ને તેટલા જ આજે પણ છે, – એમાં એકનોયે વધારો કે ઘટાડો થયો નથી. (હા, કેટલાકે ઈશ્વર સામેના શેતાનના બંડમાં ભાગ લીધો, પતિત બન્યા, અને એમ શેતાનના 'અપદૂતો'' યા ''દુષ્ટાત્મા'' યા 'અશુદ્ધ આત્મા'' બન્યા). તેઓની સંખ્યામાં વધારો થવાનો નથી, અન ઘટાડો પણ થવાનો નથી. એટલે દૂતોએ પરણવા – પરણાવવાની જરૂર નથી. એ તેમને આપવામાં આવ્યું નથી. એમ પુનરુત્થાન પછીના જીવનમાં માણસોએ પણ પરણવા – પરણાવવાનું હશે નહિ.

હા, પુનરુત્થાનના જીવનમાં પુરુષો અને સ્ત્રીઓનો, એટલે કે માનવોનો સત્સંગ, સહચાર કોઈ મહાઆનંદ, હા, દિવ્ય અને અલૌકિક આનંદભર્યો હશે. પૃથ્વી પરના શરીર-સહયોગના આનંદ કરતાં એ અધિકાધિક ચઢિયાતો હશે. પ્રભુએ પ્રેમપૂર્વક એ આપણે માટે રાખી મૂક્યો છે.

દૂતોને જાતિ (નર કે નારી જાતિ) છે કે નહિ એ વિષે પ્રભુ ઈસુ ઉપરના વાક્યમાં કાંઈ જ કહેતા નથી. કેટલાક લોકો એ વાક્યમાં જે અર્થ નથી તે જોતા હોય છે. જો તેઓને જાતિ નથી, તો પરણવા – પરણાવવાનો સવાલ જ રહેતો નથી. જો તેઓને જાતિ છે એમ કેટલાકના કહેવા પ્રમાણે માનીએ, તો પછી પ્રશ્ન થાય છે કે કેટલાક દૂતો પુરુષ જાતિના અને કેટલાક સ્ત્રી જાતિના હશે શું ? પણ પ્રભુ ઈસુના કહેવા પ્રમાણે જો તેઓ પરણતા – પરણાવતા નથી, તો પછી જાતિની શી જરૂર ? કંઈ જ નહિ.

કેટલાક એમ કહે છે કે દૂતો બધા પુરુષજાતિમાં જ હોય છે; સ્ત્રી દૂતો હોતા નથી. બાઈબલમાં દૂતોને બધે પુંલિંગમાં ઉલ્લેખ્યા છે, અને

સંબોધ્યા છે. એ તો માનવી – ભાષાઓની પરિસિમિતતાને લઈને એમ લખવું પડે. જ્યાં પ્રજોપત્તિની જરૂર કે જોગવાઈ નથી ત્યાં લિંગભેદની જરૂર ક્યાં રહી ? એમ તો પરમેશ્વર પણ માનવી – ભાષાઓમાં પુંલિંગ તરીકે જ ઓળખાય – સંબોધાય છે.

આ વિષે વધુ ચર્ચા લેખકના ''બાઈબલ અભ્યાસ'' ભાગ ૧ લોના પ્રશ્ન નં. ૨ (પૃ,ઠ ૩-૧૦) ચર્ચવામાં આવ્યો છે તેમાં જોઈ લેવા વિનંતી છે.

દૂતો વિષે આપણે વધુ બાબતો જોઈએ :

(૧) દૂતોને ઈશ્વરે ઉત્પન્ન કર્યા છે. તેઓ ઈશ્વરની સાથે સનાતન નથી. (૨) તેઓ શરીરવિહોણા નથી. તેઓને માણસની જેમ ભૌતિક શરીર નથી, પણ આત્મિક શરીર છે. એટલે તેઓ ભૌતિક આંખોથી જોઈ શકાતા નથી. ઘણી વખતે પ્રભુ તેમને કંઈ સંદેશો લઈ મોકલે છે, ત્યારે પ્રભુની પરવાનગીથી તેઓ માનવરૂપ ધારણ કરે છે, અને ત્યારે ચર્મચક્ષુથી તેમને જોઈ શકાય છે. (૩) તેઓને ઈશ્વરની સેવા કરવા, સ્તુતિ કરવા અને ''તારણના વારસદારો''(માનવો)ની સેવા કરવા બનાવવામાં આવ્યા છે (હિબ્રૂ ૧:૧૪.) (૪) તેઓ પ્રચંડ શક્તિ ધરાવે છે (ગી. શા. ૧૦૩ : ૨૦): ''હે બળમાં પરાક્રમી તેના દૂતો''). માત્ર એક જ દૂતે આશ્શૂરી સાન્હેરીબના સૈન્યના એક લાખ પચ્યાસી હજાર યોદ્ધાઓનો એક જ રાતમાં સંહાર કર્યો (૨ રાજા ૧૯:૩૫). એક જ દૂતે પ્રભુ ઈસુની કબર પરનો મહા વજનદાર પથ્થર ગબડાવી દીધો હતો (માથ્થી ૨૮:૨). એક જ દૂતે મોટી સાંકળ વડે શેતાનને પકડીને બાંધી રાખ્યો (પ્રકટી ૨૦:૧-૨). એક જ દૂતે પ્રેરિતોને જે જેલમાં પૂર્યા હતા તે જેલનાં બારણાં ખોલી નાખ્યાં (પ્રે. કૃ. ૫ : ૧૯). હા, દૂતે સિંહોનાં મોં બંધ કર્યાં (દાનિયેલ ૬:૨૨). એમનું આવું અદ્‌ભુત સામર્થ્ય તે બાહુબળનું એટલે કે સ્નાયુઓનું નહિ, પણ આત્મિક સામર્થ્ય છે. પણ તેઓ સર્વસમર્થ નથી.

(૫) તેઓની સંખ્યા ''હજારોહજાર અને લાખોલાખ''ની છે, એટલે કે અગણિત છે (દાનિયેલ ૭:૧૦). હિબ્રૂ ભાષામાં દશ લાખની સંખ્યા દર્શાવવા માટે કોઈ શબ્દ નહોતો એટલે ''હજારો-હજાર'' શબ્દ વપરાતો, અને એનો અર્થ દશ લાખ થાય છે, અને ''લાખોલાખ'' એટલે દશ કરોડ થાય છે. પ્રક્ટીકરણ ૫:૧૧માં પણ આપ્યું છે : તેઓની ગણતરી લાખો-લાખ અને હજારોહજાર હતી.'' વળી હિબ્રૂ ૧૨:૨૨ માં ગુજરાતીમાં લખ્યું છે : ''હજારોહજાર'' અને અંગ્રેજીમાં છે ''અગણિત'' (વળી જુઓ ગી.શા. ૬૮:૧૭. માથ્થી ૨૬:૫૩). આ બધી આપેલી સંખ્યાનો અર્થ ''અગણિત'' જ થાય છે. ઘણા અભ્યાસકો એમ માને છે કે શેતાનની સાથે મળીને જે દૂતોએ ઈશ્વરની સામે બંડ કર્યું તેઓની સંખ્યા સમગ્ર દૂતોની કુલ સંખ્યાનો ત્રીજો ભાગ હતો. પ્રક્ટીકરણ ૧૨:૪માં આપ્યું છે : ''તેના (અજગરના, શેતાનના) પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા.''

(૬) તેઓમાં જુદી જુદી કક્ષાઓ અને હોદ્દાઓ પણ છે, અને તેમને જુદી જુદી સત્તાઓની સોંપણી કરવામાં આવી હોય છે. તેઓમાં આગેવાનો પણ હોય છે. બે આગેવાન દૂતોનાં નામ જાણીતાં છેઃ **મીખાએલ** અને **ગાબ્રીએલ**. મીખાએલને ઇઝરાયલ પ્રજાની ખાસ સોંપણી કરાઈ હોય એમ લાગે છે. શેતાન પણ પતન પહેલાં લ્યુસીફર તરીકે ઓળખાતો હતો, અને એક આગેવાન હતો. પતિત થયેલા દૂતોને પણ આગેવાનો છે, જેમાંનો એક આબાદ્દોન અથવા આપોલ્યોન છે (પ્રકટી. ૯:૧૧).

(૭) તેઓ અતિ ત્વરિત ગતિથી અંતર કાપતા હોય છે, પ્રકાશની ગતિ કરતાંયે તેઓની ઝડપ વધુ છે. છેક આકાશથી તેઓ એક ક્ષણમાં પૃથ્વી પર આવી શકે છે. બાઈબલમાં એના અનેક દાખલા છે. પણ તેઓ સર્વવ્યાપી એટલે કે એક જ સમયે એક કરતાં અનેક જગાએ હાજર રહી શકે તેવા નથી. તેઓને પાંખો હોતી નથી. ચિત્રોમાં પાંખવાળા દૂતો ચિતર્યા હોય છે, પણ એ તો માત્ર કલ્પના જ છે. તેઓ ચારેય પરિમાણમાં આપો-આપ વિહરી શકે છે. નાતાલનાં કાર્ડ ઉપર પાંખાળા બાળ-દૂતો

ચિતર્યા હોય છે. પણ એ માત્ર કલ્પના જ છે. બાળદૂતો હોતા જ નથી. ઈશ્વરે દૂતોને ઉત્પન્ન કર્યા ત્યાર પછી ફરી બનાવ્યા નથી; અને દૂતો જનમતા હોતા નથી. બાળદૂતો એ માત્ર મધુરી પણ વ્યર્થ કલ્પના છે. કેટલાક એવું માને છે કે બાલ્યાવસ્થામાં જ ગુજરી જતાં બાળકો સ્વર્ગમાં દૂતો બને છે. પણ આ બાઈબલથી વિરુદ્ધની વાત છે. મનુષ્ય પુરુષ હોય કે સ્ત્રી, બાળક હોય કે ઘરડું, પણ પુનરુત્થાન પછી એ મનુષ્ય જ રહે છે, દૂત બનતું નથી. વળી, સ્ત્રી દૂતો પણ હોતા નથી.

કરુબો અને સરાફોને પાંખો હોય છે એમ બાઈબલ જણાવે છે. પણ સામાન્ય દૂતો કરતાં એ જુદા વર્ગ છે. (કરુબ એકવચન છે, અને કરુબિમ બહુવચન છે; એવું જ સરાફ અને સરાફિમનું છે). આપણે પણ સ્વર્ગમાં જઈશું ત્યારે આપણને પાંખો મળવાની નથી, છતાં દૂતોની માફક વિહરી શકીશું.

(૮) તેઓ કુશાગ્રબુદ્ધિવાળા હોય છે, એટલે કે તેમનું ડહાપણ અપાર હોય છે. પણ આપણી માફક જ તેમના જ્ઞાન માટે ઈશ્વરના પ્રકટીકરણ ઉપર તેમને આધાર રાખવાનો હોય છે. તેઓ ત્રિકાળજ્ઞાની કે સર્વજ્ઞ નથી.

(૯) શેતાન અને શેતાનના અપદૂતો (અશુદ્ધ આત્માઓ અથવા દુષ્ટાત્માઓ) માણસોમાં પ્રવેશી શકે છે, અને માણસોના શરીરનો તથા વ્યક્તિત્વનો કબજો લઈ શકે છે. નવા કરારમાં અશુદ્ધ આત્મા પ્રવેશેલા માણસોના ઘણા કિસ્સા વિષે આપણે વાંચીએ છીએ. શેતાન પોતે પણ એદન બાગમાં સર્પમાં પ્રવેશ કરતો જણાવ્યો છે. અને પ્રકટીકરણમાં આપ્યું છે તેમ છેલ્લા સમયમાં શેતાન આવનાર ''ખ્રિસ્તવિરોધી''માં પ્રવેશશે, અને તેની મારફતે પરાક્રમી કામો કરશે. યોહાન ૧૩:૨૭ જણાવે છે કે યહૂદા ઈસ્કારિયોતમાં શેતાને પ્રવેશ કર્યો હતો. ''કોળિયો લીધા પછી તરત તેનામાં શેતાન પેઠો.'' ઈશ્વરની હાજરી હૃદયમાં નહિ રાખનારા લોકોમાં પણ શેતાન પ્રવેશે છે, અને તેમને ભૂંડાઈ માટે વાપરે છે.

પણ દૂતો માણસોમાં પ્રવેશી શકતા નથી તેમ જ તેમનાં શરીરોનો કબજો પણ લઈ શકતા નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને પ્રભુ પવિત્રાત્મા માણસોમાં પ્રવેશી શકે છે, અને તેમનો કબજો લઈ શકે છે (યોહાન ૧૪:૧૭,૨૦. "તે...તમારામાં વાસો કરશે.").

(૧૦) દૂતો સેવા કરનાર આત્માઓ છે. હિબ્રૂ ૧:૧૪ જણાવે છે કે, "શું તેઓ (દૂતો) સેવા કરનારા આત્મા નથી, તેઓને તારણનો વારસો પામનારાઓની સેવા કરવા સારુ બહાર મોકલી દેવામાં આવ્યા નથી ?" તેઓ માત્ર સ્વર્ગમાં ઉડ્ડયન કરી રહ્યા છે, એમ નહિ પણ આપણી પૃથ્વી પર – આપણી આસપાસ – પણ – અગણિત દૂતો ભ્રમણ કરી રહ્યા છે. પ્રભુએ આપણું રક્ષણ કરવાનું તેમને સોંપેલું છે.

દૂતો આપણું શારીરિક રક્ષણ કરે છે. આપણા આવી પડનારા શત્રુઓની સામે તેઓ આપણો બચાવ બની રહે છે. અરામનાં ઘાડાં યહૂદીઓ સામે ચડી આવ્યાં હતાં, ત્યારે એલિશાનો ચાકર એ લશ્કરો જોઈ ગભરાઈ જાય છે. પણ એલિશાની પ્રાર્થનાને કારણે તેની આંખો ખૂલી જાય છે, અને તે આસપાસ અસંખ્ય અગ્નિરથો અને અગ્નિઘોડા જોઈ શકે છે. દૂતોની છાવણી તેમની આસપાસ હતી. આજે પણ એમ જ બને છે. પાઉલ અને બીજા ૨૦૦ જેટલા મુસાફરો વહાણમાં હતા. વહાણભંગથી જાનહાનિ થવાની ભીતિ હતી, ત્યારે દૂતે પાઉલને જણાવ્યું, "તારી સાથે સફર કરનારા સર્વને ઈશ્વરે તારી ખાતર બચાવ્યા છે" (પ્રે.કૃ. ૨૭:૨૪).

પ્રભુએ દરેકને માટે ખાસ સંરક્ષક દૂત આપેલો છે, જે તેની સાથે સતત રહે છે, અને તેની સંભાળ કરે છે. પ્રભુ ઈસુ કહે છે : "આ નાનાઓમાંના એકને તમે ન વખોડો, કેમ કે હું તમને કહું છું કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાંના બાપનું મોં સદા જુએ છે" (માથ્થી ૧૮:૧૦). વળી જુઓ ગી. શા ૯૧:૧, ૧૧, ૧૨. ૩૪ : ૭. યોસેફને મિસર ભાગી જવા તેમ જ ત્યાંથી પાછા આવવા ચેતવણી આપનાર દૂત જ હતો. પિતરને બંદિખાનેથી છોડાવનાર દૂત જ હતો.

દરેક મનુષ્યની સાથે શેતાનનો અપદૂત પણ હોય છે, જે એ વ્યક્તિના જન્મથી માંડીને કબરમાં જાય ત્યાં સુધી તેની સાથે રહે છે, અને એ વ્યક્તિને ભમાવવા, ઈશ્વરથી દૂર રાખવા, અને ભયમાર્ગોમાં લઈ જવા સતત યત્ન કરતો રહે છે.

પ્રભુના દૂત અને પ્રભુનાં સૈન્યો જેમ વ્યક્તિની સાથે, તેમ પ્રજાઓ, દેશો અને સમૂહોની સાથે હોય છે. અને એમ જ શેતાનના અપદૂતો, સરદારો અને સૈન્યોને દેશો તથા સમૂહો માટે શેતાને મૂક્યાં હોય છે. દાનિયેલ ૧૦:૧૩માં આપેલો ''ઈરાનના રાજ્યનો સરદાર'' એ કોઈ માનવી સરદાર નહિ, પણ ઈરાન દેશને માટે શેતાને રાખેલા અપદૂતોના સૈન્યનો સરદાર હતો. એફેસી ૬:૧૧-૧૩ માં જણાવેલા ''અધિપતિઓ'' ''અધિકારીઓ'', અને અંધકારરૂપી જગતના સત્તાધારીઓ, ''આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરો :'' – એ બધાં શેતાનના સૈન્યોના અદૃશ્ય આગેવાનો વગેરે છે.

માણસના ઉદ્ધાર માટે પણ દૂતો બહુ ઈંતેજાર છે, અન એ માટે પણ તેઓ ખૂબ પ્રયત્નો કરે છે. અને જ્યારે પ્રભુનો માણસ, પ્રભુની દાસી મૃત્યુ પામે છે ત્યારે તેના આત્માને દૂતો પ્રભુની પાસે લઈ જાય છે (લૂક ૧૬:૨૨). ''લઈ જાય છે'', એમ નહિ, પણ ગ્રીક પ્રમાણે ''ઊંચકી લઈ જાય છે'', એમ જોઈએ. અને આપણનેય મૃત્યુકાળે પ્રભુએ મોકલેલો દૂત આવીને ઊંચકી લઈ જશે !

હજુ તો પ્રકટીકરણના પુસ્તકની કેટલીક વાતો બાકી છે તે બધાંમાં દૂતો કેટલો બધો ભાગ ભજવનાર છે ! અને પછી પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરશે ત્યારે મંડળી પણ સાથે હશે, તેમ જ દૂતોની ફોજો પણ સાથે આવશે ! માથ્થી ૨૫ : ૩૧.

(લેખકના આગામી પુસ્તક – દૂતો અને ભૂતો વિષે – માંથી ટૂંકાવીને સારરૂપ.)

## ૨૦. ભટકેલાં પાપીઓનો ન્યાય બે વખત થશે ?

**પ્રશ્ન :** શું જે પાપીઓ ખ્રિસ્ત પાસે આવ્યા નથી તેઓનો ન્યાય અહીં પૃથ્વી પર પણ થશે, અને મૃત્યુ પછી ન્યાયકાળે પણ થશે ? નીચેની બે વિરોધાભાસી કલમો એવું નથી સૂચવતી શું ? (૧) યોહાન ૩:૧૮ 'તેના (ઈસુ) પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી, જે વિશ્વાસ કરતો નથી તે અપરાધી ઠરી ચૂક્યો છે ; કેમ કે દેવના એકાકીજનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કર્યો નથી. અપરાધી ઠરાવવાનું કારણ એ છે કે, જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળાનાં કરતાં અંધારું ચાહ્યું, કેમ કે તેઓનાં કામ ભૂંડાં હતાં.'' એથી ઊલટું હિબ્રૂ ૯:૨૭ જણાવે છે કે, "...માણસોને એક જ વાર મરવાનું અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે.'' આ બંને કલમો સરખાવતાં શું એવું નથી દેખાતું કે મૃત્યુ પહેલાં ન્યાય થઈ ચૂકે છે અને મૃત્યુ પછીથી પણ ?

**જવાબ :** યોહાનની સુવાર્તાની જે કલમો ઉપર ટાંકી તે સ્પષ્ટ કરે છે કે તેઓએ જાતે વિનાશનો માર્ગ પસંદ કરીને ભવિષ્યમાં આવી પડનાર શિક્ષા વહોરી લીધી છે. યોહાન ૩:૧૬ માં પણ એ જ છે : "કેમ કે દેવે જગત ઉપર એટલી પ્રીતિ કરી કે,... જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે.'' આ કલમ પણ એ જ બાબત બતાવે છે કે, જેમણે વિશ્વાસ ન કર્યો તેઓ નાશ પામવાના એ નક્કી. એટલે કે માણસો ખ્રિસ્ત વિષેની પોતપોતાની પસંદગી દ્વારા જ ન્યાયી કે અપરાધી ઠરી ચૂકે છે. આપોઆપ તે અપરાધી ઠરી ચૂકે છે. જેમ દેશમાં ખૂન કરનાર માણસ ખૂન કરતાંની સાથે અપરાધી બની ચૂકે છે – ભલે તે પકડાય કે ન પકડાય. કોર્ટમાં કેસ ચાલે ને દોષિત ઠરે ત્યારે એને ખરેખરી શિક્ષા ફરવામાં આવે એમ જ.

વળી બીજી બાબત કે પૃથ્વીનું એકેએક માણસ કોપ, નાશ, નર્ક અને અનંત અગ્નિ માટે નિર્માણ છે જ, પણ ઈસુ ખ્રિસ્તના ઉદ્ધારક અને

અજોડ બલિદાન પર શ્રદ્ધા લાવનાર જન આ આવનાર કોપ, નાશ, નર્ક અને અનંત અગ્નિમાંથી બચી જાય છે. મોશેએ રાનમાં પિત્તળનો સાપ ઊંચો કર્યો જેથી જેમને જેમને આગિયા સાપ કરડ્યા છે, તે આ પિત્તળના સાપ સામે જુએ, અને મૃત્યુમાંથી ઊગરી જાય. જે ન જુએ તે પોતે જ મૃત્યુને વહોરી લે છે – બચાવ સામે હોવા છતાં પણ – જેને બચવું નથી, એને કોણ બચાવે ?

એમ, અવિશ્વાસી માણસ મૃત્યુ પામે ત્યારે પહેલાંથી દંડાજ્ઞા તેના શિર પર છવાયેલી હોય છે. મૃત્યુ પછી ઈશ્વરના શ્વેત ન્યાયાસન આગળ (પ્રકટી. ૨૦:૧૧-૧૫) ન્યાયકાળે સહુ ભૂલ્યાં-ભટક્યાં પાપીઓનો ન્યાય થશે, એ તો પાપીના દોષનું અને એની દંડાજ્ઞાનું પુનરુચ્ચારણ થશે.

આને લીધે જ ઉદ્ધાર નહિ પામેલાં પાપીઓ મૃત્યુ બાદ સીધાં હાદેશમાં જાય છે, અને ત્યાં પીડા ભોગવે છે, અને ઉદ્ધાર પામેલાં પ્રભુનાં લોક મૃત્યુ બાદ સીધાં ''પારાદૈસમાં'' અથવા ''અબ્રાહામની ગોદમાં'' જાય છે (લૂક ૧૬:૨૨, ૨૩). ઉદ્ધાર પામેલા પ્રભુના લોક તો કાયમ પ્રભુની પાસે રહેશે, અને પુનરુત્થાન પછી પણ મહિમાવતાં શરીરો ધારણ કરીને પ્રભુની સાથે રહેશે. પરંતુ ઉદ્ધાર નહિ પામેલાં પાપીઓ મૃત્યુ પછી હાડેસમાં પીડા ભોગવશે અને તેમના ''પુનરુત્થાન પછી તેમને **તેમનાં કામો પ્રમાણે** અનંતકાળના અગ્નિની ખાઈમાં નાખવામાં આવશે. ખુદ હાદેસ પણ અગ્નિની ખાઈમાં નંખાવાનું છે.

આ અગ્નિખાઈમાં પાપીઓને પોતપોતાનાં પાપી કૃત્યોના પ્રમાણમાં જુદી જુદી અને ઓછીવત્તી સજા થશે. ઓછાવત્તા પ્રમાણની સજાનો ઉલ્લેખ નીચેની કલમોમાં આપ્યો છે : ''જે દાસ પોતાના ધણીની ઈચ્છા જાણ્યા છતાં પોતે સિદ્ધ થયો નહિ હોય, અને તેની ઈચ્છા પ્રમાણે વર્ત્યો નહિ હોય, તે **ઘણો માર ખાશે,** પણ જેણે અજાણતાં ફટકા યોગ્ય કામ કર્યું હશે, તે **થોડો જ માર ખાશે''** (લૂક ૧૨ : ૪૭-૪૮ વળી પ્રભુ ઈસુ ખ્રિસ્ત અન્ય ઠેકાણે આમ કહે છે, ''હું તમને કહું છું કે, તે દહાડે તે

શહેરના કરતાં સદોમના હાલ સહેલ થશે. ઓ ખોરાજીન, તને હાયહાય ! ઓ બેથસાઈદા, તને હાયહાય ! કેમ કે તમારામાં જે પરાક્રમી કામો થયાં છે, તે જો તૂર તથા સીદોનમાં થયાં હોત તો તેઓએ ક્યારનોયે તાટમાં તથા રાખમાં બેસીને પસ્તાવો કર્યો હોત. તથાપિ ન્યાયકાળે તમારા કરતાં તૂર તથા સીદોનને સહેલું પડશે (લૂક ૧૦:૧૨-૧૫). પ્રકટીકરણ ૨૦:૧૧-૧૫માં જણાવેલા શ્વેત રાજ્યાસન આગળ પ્રકાર પ્રકારની સજાઓ ફરમાવવામાં આવશે.

આ ખુલ્લો ન્યાયકાળ ઈશ્વરને જાહેરમાં સર્વ દુનિયાની આગળ, દૂતોની આગળ અદલ ઈન્સાફી અને ન્યાયી બતાવશે. રોમ. ૩:૩-૬ એ મુદ્દાને સ્પષ્ટ કરે છે : ''અને જો કેટલાએક અવિશ્વાસી હતા તો શું ? તેઓનો અવિશ્વાસ શું દેવના વિશ્વાસુપણાને નિરર્થક કરે ? ના, એવું ન બને; હા, દરેક માણસ ભલે જૂઠું ઠરે તો પણ દેવ સાચો ઠરો. લખેલું છે કે તું તારાં વચનોમાં ન્યાયી ઠરે, અને તારો ન્યાય કરવામાં આવે ત્યારે તારો વિજય થાય.'' વળી ગીતશાસ્ત્ર ૫૧:૩-૪માં એ જ વાત રજૂ કરી છે : ''તેથી જ્યારે તું બોલે ત્યારે તું ન્યાયી ઠરે, અને તું ન્યાય કરે ત્યારે તું નિર્દોષ ઠરે.''

કેટલાક ભ્રામક યા પાખંડી મત ધરાવનારાઓ એમ માને છે કે મૃત્યુ પછી માણસનો આત્મા ન્યાયકાળ સુધી તંદ્રાવસ્થામાં રહે છે. એને એ લોકો **"આત્માની ઊંઘ"** કહે છે. પણ એ મત બાઈબલ-શિક્ષણથી ઊલટો છે. માણસનો આત્મા મૃત્યુ બાદ ''પારાદૈસ'' (અબ્રાહામની ગોદ)માં અથવા હાડેસમાં જાય છે, એ આપણે જોયું. પ્રભુ ઈસુએ મરતા ચોરને કહ્યું, ''હું તને ખચીત કહું કે, આજ તું મારી સાથે પારાદૈશમાં હોઈશ'' (લૂક ૨૩:૪૩). જો પ્રભુ ઈસુનો આત્મા ઊંઘમાં નહોતો તો મુક્તિ પામેલા ચોરનો આત્મા પણ ઊંઘમાં નહોતો પડ્યો. વળી લાજરસ તથા ધનવાનની બાબતમાં પણ બંને જણ તંદ્રામાં નહીં પણ પૂર્ણ ભાનમાં અને સજાગ હતા.

## ૨૧. માણસો માટેના ઈશ્વરના ઠરાવોમાં અને કિસ્મતવાદમાં શો ફરક ?

**પ્રશ્ન :** રોમન ૯:૧૮માં લખ્યું છે : "માટે ચાહે તેના પર તે દયા કરે છે, અને ચાહે તેને તે હઠીલો કરે છે." બાઈબલમાં 'પસંદગીનો સિદ્ધાંત' અને બીજા ઘણાખરા ફકરાઓ જાણે એવું શીખવતા હોય કે ઈશ્વર પોતાની આપખુદ મરજી પ્રમાણે અગાઉથી માણસોના સર્વ પ્રસંગો નક્કી કરે છે, અને પોતાનાં પસંદ કરેલાંને સ્વર્ગમાં લે છે, અને નર્કને માટે નિર્માણ કરેલાંને નર્કમાં નાખે છે. તો એમાં માણસને માથે પાપ કે ગુનો કેવી રીતે પડે ? નસીબવાદ, પ્રારબ્ધવાદ કે કિસ્મતવાદમાં અને ઈશ્વરના પૂર્વ ઠરાવોમાં શો ફરક ?

**જવાબ :** ઘણાં જણે અત્યાર સુધીમાં આ અને આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા છે. એ બધાનો ભેગો જવાબ અહીં આપવા પ્રયત્ન કરીશ.

अ. નસીબવાદ, પ્રારબ્ધવાદ, ભાગ્યવાદ, કે કિસ્મત કે તગદીરવાદ એ બધામાં મુખ્ય વાત એ છે કે ઈશ્વરે અગર કોઈ ઈશ્વરી શક્તિએ માણસના તેમ જ વિશ્વના સર્વ પ્રસંગો અને તેમનાં પરિણામ અગાઉથી ઠરાવી મૂક્યાં છે કે, નિર્મિત કર્યાં છે. અને એ જ પ્રમાણે બધું બની રહ્યું છે. આ માન્યતા પ્રમાણે માણસને પોતાનો માર્ગ નક્કી કરવાની સ્વતંત્ર ઈચ્છાશક્તિ નથી, અને તે માત્ર યંત્ર જેવો યા પશુસમાન છે.

રોમન ૯ નો આખો અધ્યાય વાંચતાં ઉપરછલે એમ લાગે છે કે ઈશ્વર અગાઉથી આપખુદ સત્તાથી બધું નિર્માણ કરી રાખે છે અથવા ઠરાવી રાખે છે, અને એ જ પ્રમાણે બધું બન્યે જાય છે. એટલે એ ઉપરથી એવો ભાસ ઊભો થાય છે કે પોતાના વર્તન માટે માણસ જવાબદાર નથી. આપણે જરા ઝીણવટથી આખો પ્રશ્ન જોઈએ.

ઈશ્વર ત્રિકાળજ્ઞાની છે, એટલે કે તેઓ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની તમામ બાબતો જાણે છે. તેમની આગળ ભૂત કે

ભવિષ્યકાળ છે જ નહિ; બધું વર્તમાનકાળ તરીકે જ છે. યશાયા ૪૬:૯-૧૦ માં એ જ વાત લખી છે : 'પુરાતનકાળની બીનાઓનું સ્મરણ કરો...આરંભથી પરિણામ જાહેર કરનાર, તથા જે થયું નથી તેની પુરાતનકાળથી ખબર આપનાર હું છું. મારો સંકલ્પ દૃઢ રહેશે, ને મારા સર્વ મનોરથો હું પૂરા કરીશ.'' એનો અર્થ એ થયો કે ઈશ્વર પોતાના 'પૂર્વજ્ઞાન' યા 'પૂર્વદૃષ્ટિ'થી સઘળું અગાઉથી જાણે છે.

ઈશ્વર અગાઉથી બધું જાણે છે એ ખરું, પણ સાથે સાથે પરમ કૃપાળુ પરમેશ્વરે જ માણસને પોતાના માર્ગો પસંદ કરવાની સ્વતંત્ર ઈચ્છા યા 'મુક્તેચ્છા' બક્ષી છે. માણસ પોતે જ આ 'મુક્તેચ્છા' દ્વારા પોતાની પસંદગી પ્રમાણે પોતાના માર્ગો પસંદ કરે છે. ઈશ્વર એમાં માણસને રોકતો નથી, બળજબરીથી કે કોઈ અકલ્પ્ય એવી ઈશ્વરી શક્તિ વાપરીને માણસ પાસે માણસની પોતાની પસંદગીથી ઊલટું પસંદ કરાવતો નથી. ઈશ્વર માણસની 'મુક્તેચ્છા'ને સંપૂર્ણ માન આપે છે.

બ. ઈશ્વર અગાઉથી ઠરાવો કરે છે, સંકલ્પો કરે છે, પસંદગીઓ કરે છે, એથી માણસની મુક્તેચ્છા જરાયે કુંઠિત બનતી નથી કે, રુંધાયેલી બનતી નથી, કે અટકતી પણ નથી. ઈશ્વર પોતાના પૂર્વજ્ઞાનથી કે પૂર્વદૃષ્ટિથી બધી બાબતો, બધા પ્રસંગો અને બધા બનાવો અગાઉથી જુએ છે. અને એ જોયેલા પ્રમાણે તે ઠરાવો કરે છે, યા (બાઈબલની ભાષામાં) સંકલ્પ કરે છે. ઈશ્વરે પોતાના પૂર્વજ્ઞાન યા પૂર્વદૃષ્ટિથી જોયું કે જયાનંદ આઈ. ચૌહાન ઈ.સ. ૧૯૮૦ના નવેમ્બરના **ખ્રિસ્તીબંધુમાં** આ લેખ છપાવશે. એ એમણે અગાઉથી જોયું તેથી એમણે એમ ઠરાવ્યું કે હું જયાનંદ આઈ. ચૌહાન આ લેખ આ અંકમાં છપાવું. પણ આ લેખ લખવાની ઈચ્છા-પસંદગીની પૂરેપૂરી જવાબદારી મારે શિરે જ રહે છે. મારે લખવો હોય તો લખું, અને છપાવવો હોય તો છપાવું. મારી મુક્તેચ્છા પ્રમાણેની આ મારી પોતાની જ પસંદગી છે, અને એનાં પરિણામની સંપૂર્ણ જવાબદારી મારે શિરે જ રહે છે. વ્યક્તિની મુક્તેચ્છા

પ્રમાણેની પસંદગીનાં કાર્યોના પરિણામ વિષેનું અગમજ્ઞાન એટલે જ ઈશ્વરનું પૂર્વજ્ઞાન યા પૂર્વદૃષ્ટિ. પૂર્વજ્ઞાનથી જાણીને ઈશ્વર એ પ્રમાણે ઠરાવ યા સંકલ્પ કરે છે.

क. પ્રભુ ઈસુને પકડાવનાર યહૂદા પકડાવવાનું કાવતરું પોતાની મુક્તેચ્છા દ્વારા જ કરે છે. એટલે જ એ ગોઝારા કૃત્યના ગોઝારા પરિણામની પૂરેપૂરી જવાબદારી એને શિરે જ રહે છે. કેટલાક જણ એમ પૂછ્યા કરે છે કે, માણસોનાં પાપનું બલિદાન બનવા માટે પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવામાં આવે માટે ઈશ્વરે યહૂદાને નિર્મિત નહોતો બનાવ્યો શું ? ના, ઈશ્વરે આપખુદ સત્તાધીશ બનીને, અને યહૂદાની મુક્તેચ્છાની ઉપરવટ જઈને તેને આ કૃત્ય માટે નિર્મિત નહોતો કર્યો. હા, ઈશ્વરે ત્રિકાળજ્ઞાની તરીકે પૂર્વજ્ઞાનથી જોયું કે યહૂદા આ પ્રમાણે જ વર્તવાનું પસંદ કરવાનો છે, અને આવો જ નિર્ણય લેવાનો છે. માટે ઈશ્વરે એ જોઈને એ પ્રમાણે ઠરાવ કર્યો. પોતાની પસંદગીની બધી હા, સો ટકા જવાબદારી યહૂદાની જ રહે છે. એટલે પ્રભુ ઈસુએ કહ્યું કે તે જન્મ્યો ન હોત તો સારું, જેથી એ પસંદગી અને એ પાપ તે ન કરત.

જો યહૂદાએ પાપ કર્યા પછી પણ ક્રૂસ આગળ દોડી આવીને મૃત્યુ પામતા પ્રભુ ઈસુની માફી માગી હોત તો પ્રભુ ઈસુ જરૂર એને માફ કરત, અને એને વધાવવાને માટે આખુંયે સ્વર્ગ ઊમટત. પણ એ પસંદગી એણે કરી નહિ.

બાઈબલમાં ઈશ્વરનું પૂર્વજ્ઞાન (પૂર્વદૃષ્ટિ, અગમદૃષ્ટિ) અને પૂર્વસંકલ્પ સાથે સાથે જ જાય છે. નસીબવાદ કે કિસ્મતવાદમાં પૂર્વજ્ઞાનની વાત હોતી જ નથી. માત્ર બાઈબલમાં જ ઈશ્વરનું પૂર્વજ્ઞાન અને એનો પૂર્વસંકલ્પ સાથે સાથે જાય છે. પ્રેરિતોનાં કૃત્ય ૨:૨૩ માં એ બતાવ્યું છે : "દેવના **સંકલ્પ** તથા **પૂર્વજ્ઞાન** પ્રમાણે તેને (પ્રભુ ઈસુને) પરસ્વાધીન કરવામાં આવ્યો, તેને તમે પકડીને દુષ્ટોની હસ્તક વધસ્તંભે જડાવીને મારી નાખ્યો." રોમ. ૮:૨૮-૨૯ માં એ જ વાત આપેલી છે : "વળી આપણે

જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે. કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો (પૂર્વજ્ઞાન) તેઓને વિષે તેણે અગાઉથી ઠરાવ્યું (પૂર્વસંકલ્પ) પણ હતું.''

''કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાત્તાપ કરે, એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે (સર્વને વિષે) ધીરજ રાખે છે'' ૨ પિતર ૩:૯. એટલે પ્રત્યેક માણસ પોતાની મુક્તેચ્છાથી સારી જ પસંદગીઓ કરે એવું ઈશ્વર ઈચ્છે છે, અને તે માટે માણસને અનેક રીતે પ્રેરણા અને ઉત્તેજન આપ્યા કરતો હોય છે. ઈશ્વર પોતે પૂર્વજ્ઞાનથી જાણે છે કે આ અમુક માણસ આ પ્રમાણે જ વર્તશે, છતાં શુભ પસંદગી કરવા માટે ઈશ્વર એ માણસને પ્રેરણા તથા ઉત્તેજન આપ્યા કરે છે. યહૂદાનો જ દાખલો લઈએ.

યહૂદા પોતાના મનની પસંદગીમાંથી ફરે એ માટે પ્રભુ ઈસુએ કેટલા પ્રેમથી છલકાતા પ્રસંગો તેની આગળ મૂક્યા ! પોતે ગુરુ થઈને યહૂદાના પણ પગ ધોયા ! કોળિયો બોળીને પ્રેમીજનને આપી શકાય, તે કોળિયો યહૂદાને આપ્યો ! પણ પ્રેમની એવી વિનવણીઓની કોઈ અસર યહૂદાને થઈ નહિ; પોતાની પસંદગીમાં તે અડગ રહ્યો.

કોઈ પણ માણસનો વિનાશ થાય તો ઈશ્વરે અગાઉથી એમ ઠરાવ્યું હતું માટે એમ થયું, એવું તો નહિ જ; પણ માણસની પોતાની સ્વતંત્ર પસંદગી દ્વારા તેણે પોતે કરેલી પસંદગીઓનું જ એ પરિણામ આવ્યું છે, એમ જાણવું. ઈશ્વર માણસ પર અનહદ પ્રેમ તો રાખે છે, પણ માણસની મુક્તેચ્છાની ઉપરવટ તે કદી જતો નથી, કે બળજબરીથી કંઈ કરાવતો નથી. માણસની મુક્તેચ્છાને ઈશ્વર સંપૂર્ણ માન આપે છે.

ડ. ઈશ્વરને ત્યાં પક્ષપાત છે એવું કેટલાંકનું કહેવું છે. તેઓ કહે છે કે 'પસંદગી'નો સિદ્ધાંત (ડોક્ટ્રીન ઓફ ઈલેકશન) એ જ બતાવે છે કે ઈશ્વરે કેટલાકને 'મુક્તિ'ને માટે અગાઉથી પસંદ કર્યા છે, એટલે તેઓ જ માત્ર મુક્તિ પામશે, અને સ્વર્ગના ભાગીદાર બનશે. અને જેઓને

ઈશ્વરે પસંદ કર્યા નથી તેઓ લાખ પ્રયત્નો છતાં મુક્તિ મેળવી શકશે નહિ, અને સ્વર્ગે જશે નહિ. આ માન્યતા ધરાવનારા રોમન ૯:૧૮ ની કલમને અન્ય શાસ્ત્રભાગોથી અલગ પાડીને પુરાવા તરીકે રજૂ કરે છે. એમાં આમ આપ્યું છે : ''માટે ચાહે તેના પર તે દયા કરે છે, અને ચાહે તેને હઠીલો કરે છે.''

આ દલીલનો જવાબ અંદરથી જ મળી રહે છે. કલમ ૩૨ તેમ જ કલમ ૩૩માં એનો જવાબ મળી રહે છે. આ છેલ્લી કલમમાં છે : "જે કોઈ તેના ઉપર વિશ્વાસ કરશે તે શરમાશે નહિ.'' "જે કોઈ'' શબ્દો વિશ્વવ્યાપી આમંત્રણ છે : એમાં આપખુદ પસંદગી કે પક્ષપાતીપણાનો છાંટો પણ નથી દેખાતો. યોહાન ૩:૧૬ માં પણ એ જ વિશ્વવ્યાપી આમંત્રણ છે, અને દરેક મુક્તેચ્છાવાળી વ્યક્તિને પસંદગી કરી લેવા જાહેર આમંત્રણ મળે છે : "જે કોઈ તેના પર (ઈસુ ખ્રિસ્ત પર) વિશ્વાસ કરશે, તેનો નાશ નહિ થાય, પણ તે અનંતજીવન પામશે.''

આમ, સૌકોઈને આમંત્રણ છે. છતાં કેટલાયે એવા છે જેઓ એ પ્રેમ અને કરુણાસભર આમંત્રણને ઠોકરે ચઢાવે છે, તેનો સ્વીકાર કરતાં નથી. ઈશ્વરે પોતાના પૂર્વજ્ઞાન યા પૂર્વદૃષ્ટિથી એ અગાઉથી જોયું એટલે ઈશ્વરે એ પ્રમાણે ઠરાવ્યું (યા પૂર્વસંકલ્પ કર્યો). એમાં જવાબદારી માર્ગ પસંદગી કરનાર વ્યક્તિને શિરે જ રહે છે, નહિ કે ઈશ્વરને શિરે. અને ૧ પિતર ૧:૨ માં એ સ્પષ્ટ કર્યું છે : ''દેવ બાપના "પૂર્વજ્ઞાન પ્રમાણે આત્માના પવિત્રીકરણથી આજ્ઞાંક્તિ થવા સારુ અને ઈસુ ખ્રિસ્તના રક્તથી છાંટવા સારુ, **પસંદ કરવામાં આવેલા...**" આમ ઈશ્વર અગાઉથી આપણ સર્વ વિષે બધું જાણતો હતો, અને એ પ્રમાણે જ એણે સંકલ્પ યા ઠરાવ યા પસંદગી કરી.

આગળના ફકરામાં જણાવ્યું તેમ બાઈબલ દરેક વ્યક્તિને વિશ્વવ્યાપી આમંત્રણ આપે છે. અને એમાં જ સર્વ દલીલનો પ્રત્યુત્તર આવી જાય છે. વધુ કલમો જોઈએ : યોહાન ૬:૪૦ 'કેમ કે મારા બાપની ઇચ્છા

એ છે કે, જે કોઈ દીકરાને જોઈને તેના પર વિશ્વાસ કરશે તેને અનંત જીવન મળશે, અને છેલ્લે દહાડે હું તેને પાછો ઉઠાડીશ.'' રોમ. ૨:૫-૬ ''તું તો **તારા કઠણ તથા પશ્ચાત્તાપ રહિત અંતઃકરણ પ્રમાણે તારે પોતાને** સારુ કોપના તથા દેવના યથાર્થ ન્યાયના પ્રકટીકરણને દિવસે થનાર કોપનો સંગ્રહ કરે છે. તે દરેકને પોતપોતાની કરણી પ્રમાણે ફળ આપશે.'' (વળી ૭મી કલમ પણ જોઈ લો.) વળી રોમન ૧૦:૩ ''કેમ કે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે.'' પણ આપણે એ વિનંતી કરીએ, એ હાંક મારીએ, તે પૂર્વે પ્રભુ તો ક્યારનોયે એ જાણે છે. એટલે જ યશાયા ૬૫ : ૨૪માં તે કહે છે : ''તેઓ હાંક મારે ત્યાર પહેલાં હું તેઓને ઉત્તર આપીશ અને હજી તો બોલતા હશે, એટલામાં હું તેઓનું સાંભળીશ.''

ઇ. કેટલાક લોકો બાઈબલની અમુક કલમો આગળ ધરીને એમ બતાવે છે કે, માણસ ખરો માર્ગ ન પકડે માટે ઈશ્વર પોતે જ એ લોકોનાં મન કઠણ કરે છે. આંખો ન દેખી શકે અને કાનો ન સાંભળી શકે તેવું કરે છે. દાખલા તરીકે :

૧. પ્રેરિતોનાં કૃત્યો ૨૮:૨૫,૨૭. ''પવિત્ર આત્માએ યશાયા પ્રબોધક દ્વારા તમારા પૂર્વજોને વાજબી કહ્યું કે, તું એ લોકની પાસે જઈને કહે કે, તમે સાંભળ્યા કરશો પણ સમજશો નહિ; અને જોયા કરશો પણ તમને સૂઝશે નહિ; કેમ કે એ લોકોનાં મન જડ થઈ ગયાં છે, તેઓના કાન બહેર મારી ગયા છે, તેઓએ પોતાની આંખો મીંચેલી છે; રખે ને કદાચ તેઓને આંખે સૂઝે અને તેઓ કાને સાંભળે, અને મનથી સમજે, અને ફરે અને હું તેઓને સાજા કરું.''

૨. યોહાન ૧૨:૩૯, ૪૦. યશાયા પ્રબોધકનું એ વચન પૂરું થાય, માટે તેઓ વિશ્વાસ કરી શક્યા નહિ. કેમ કે યશાયાએ વળી કહ્યું હતું કે, તેઓ આંખોથી ન દેખે, અને અંતઃકરણથી ન સમજે, અને પાછા ન ફરે, અને હું તેઓને સારા ન કરું; માટે તેણે તેઓની આંખો આંધળી કરી છે, અને તેઓનાં મન જડ કર્યાં છે.''

૩. નિર્ગમન ૧૦ : ૧ " ...કેમ કે મેં તેનું હૃદય તથા તેના સેવકોનાં હૃદય હઠીલાં કર્યાં છે, એ સારુ કે હું મારાં ચિહ્નો તેઓની મધ્યે દેખાડું."

૪. નિર્ગમન ૧૧:૧૩ "અને યહોવાએ ફારુનનું હૃદય હઠીલું કર્યું, ને તેણે તેના દેશમાંથી ઈઝરાયલપુત્રોને જવા દીધા નહિ."

ખરી વાત તો એ છે કે ઈશ્વર તો માણસોને અનેક તકો આપ્યે જાય છે, અને ખરા માર્ગે ચાલવા જુદાં જુદા પ્રસંગો દ્વારા વિનવણીઓ કરે છે. પરંતુ માણસ જ્યારે એ બધાંનો તુચ્છકાર જ કરે છે, અને ઊલટી દિશામાં ચાલ્યા જ કરે છે, ત્યારે પોતાની સતત એવી પસંદગીઓને કારણે એ માણસના મનના ઢાળિયા એ તરફ જ વળી જાય છે, અને તે બીજું પસંદ કરવાની ઇચ્છાવૃત્તિ ખોઈ બેસે છે. એમ એનું હૃદય કઠણ બને છે. જે માણસ સતત પ્રકાશની સામે આંખો બંધ કરી રાખે છે, તેને માટે આખરે આત્મિક અંધાપો અને આત્મિક રાત આવી પડે છે. ઉપર આપેલી કલમોમાં યોહાન ૧૨:૩૯,૪૦ની વાત જ પ્રેરિતોનાં કૃત્યો ૨૮:૨૫,૨૭માં સહેજ ફેરફાર સાથે આપી છે, પણ મુદ્દાનો અર્થ એમાં સ્પષ્ટ થઈ ગયો છે કે, "એ લોકોનાં મન જડ થઈ ગયાં છે...તેઓએ પોતાની આંખો મીંચેલી છે." એનું પરિણામ આત્મિક અંધાપા સિવાય બીજું શું આવે ? એટલે પછી ઈશ્વર માણસને પોતાની ઇચ્છા પ્રમાણે જ ચાલવા દે છે. અને એનો અર્થ એ જ કે "ઈશ્વરે તેમનાં મન જડ કર્યાં છે." જે જન ઈશ્વરને કહેતો નથી કે, "તારી ઇચ્છા પૂરી થાઓ", તેને છેવટે ઈશ્વર કહે છે : "તારી ઇચ્છા પૂરી થાઓ."

નિર્ગમનના પુસ્તકમાં ફારૂન રાજા પ્રથમ તો છ વાર પોતાના હૃદયને હઠીલું કરે છે, અને એ પછી જ ઈશ્વર તેને એની ઇચ્છા પ્રમાણે જ ચાલવા દે છે. એમ હઠીલા હૃદયને ઈશ્વર હઠીલાઈ કરવા છોડી દે છે. એનો જ અર્થ એ કે "ઈશ્વરે ફારૂનનું હૃદય હઠીલું કર્યું." તકનું દ્વાર બંધ થાય છે.

ઈશ્વર તો 'કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાત્તાપ કરે, એવું ઇચ્છીને ધીરજ રાખે છે'' (૨ પિતર ૩ : ૯). ''સઘળાં માણસો તારણ પામે, ને તેમને સત્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય એવી તેની (પ્રભુની) ઇચ્છા છે'' (૧ તિમોથી ૨:૪). હા યહૂદા માટે પણ, અને ફારૂનને માટે પણ પ્રભુની એ જ ઇચ્છા હતી. પ્રભુનું વિશ્વવ્યાપી આમંત્રણ સૌને માટે ખુલ્લું અને સ્પષ્ટ છે : ''આત્મા તથા કન્યા બંને કહે છે કે, આવ. જે સાંભળે છે તે એમ કહે છે કે આવ. અને જે તરસ્યો હોય તે આવે; જે ચાહે તે જીવનનું પાણી મફત લે'' પ્રકટીકરણ ૨૨:૧૭.

બાઈબલનું પાનેપાનું એ વિશ્વવ્યાપી આમંત્રણને ફરી અને ફરી દોહરાવે છે; પણ જે આવવા જ માગતો નથી, એને કોણ બળજબરીથી પકડીને લાવે ?

## ૨૨. પ્રભુ ઈસુની વંશાવળી

**પ્રશ્ન :** પ્રભુ ઈસુની વંશાવળી માત્ર માથ્થી અને લૂકમાં જ આપવામાં આવી છે, જ્યારે બાકીની બેમાં આપવામાં આવી નથી. અને માર્કમાં તો ઈસુના જાહેરજીવનથી જ આપવામાં આવ્યું છે. યોહાનની રજૂઆત તદ્દન જુદા જ પ્રકારની છે. વળી માથ્થી અને લૂકમાં આપેલી વંશાવળીઓમાં નામોનો ઘણો બધો ફરક છે. એમ કેમ ?

**જવાબ :** લેખકના ''બાઇબલ અભ્યાસ'' નામના પુસ્તકના પહેલા ભાગમાં પાંચમી બાબત તરીકે આ પ્રશ્નની સહેજ જુદી રીતે છણાવટ કરી છે, એ જોઈ લેવા વિનંતી છે. એમાં પ્રશ્ન એ આપ્યો છે કે, **"યોસેફ યાકોબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે ?"** ત્યાં જવાબમાં આપવામાં આવ્યું છે કે, માથ્થીએ યોસેફની વંશાવળી આપી છે, એટલે દાવિદના દીકરા શલોમોનથી તે ઊતરી આવ્યો છે એમ વંશાવળીમાં દર્શાવ્યું છે (માથ્થી ૧:૧-૧૭).

લૂકમાં મરિયમની વંશાવળી આપવામાં આવી છે, અને એમાં એ વંશ દાવિદના બીજા પુત્ર નાથાનથી આવેલો જણાવ્યું છે (લૂક ૩:૨૩-૩૮). લૂકની વંશાવળીમાં આમ આપ્યું છે : ''અને (ધાર્યા પ્રમાણે) તે'' (એટલે કે પ્રભુ ઈસુ) ''યોસેફનો દીકરો હતો, જે હેલીનો (દીકરો).'' અહીં કૌંસમાં આપવામાં આવેલો શબ્દ ''દીકરો'' મૂળ ભાષામાં નથી; અહીં અર્થ સમજાવવા એ વધારાનો શબ્દ ઉમેર્યો છે. જમાઈ તરીકે યોસેફ હેલીના દીકરા સમાન જ ગણાય. મરિયમના પિતાનું નામ હેલી હતું, અને યોસેફ હેલીનો જમાઈ હતો.

હવે એ આપણે આગળ જોઈએ. આ આખો પ્રશ્ન વધુ સ્પષ્ટ રીતે જોવા માટે આપણે ચારેય સુવાર્તા ક્યા ક્યા હેતુથી લખવામાં આવી તે પ્રથમ જોઈ લેવું લાભદાયી બનશે.

બાઇબલનાં બધાં જ પુસ્તકનો અસલ લેખક પવિત્રાત્મા જ છે. પવિત્ર આત્માએ જુદા જુદા માનવી – લેખકોને પ્રેરણા આપી અને પુસ્તકો લખાવ્યાં. આ બધાં ૬૬ પુસ્તકો લખાવવાનો પવિત્ર આત્માનો હેતુ જુદો જુદો હતો. પવિત્ર આત્માએ ઈચ્છ્યું હોત તો ચાર સુવાર્તાને બદલે પ્રભુ ઈસુનું એક જ જીવનચરિત્ર નવા કરારમાં આપ્યું હોંત અને એમના જીવનની, બોધની અને ચમત્કારો તથા અન્ય કાર્યોની ઝીણી ઝીણી બધી વિગતો એ એક પુસ્તકમાં આપી હોત. પણ પવિત્ર આત્માએ એમ ન કરતાં ચાર સુવાર્તાઓ એટલે કે ચાર પુસ્તકોમાં એ જીવનચરિત્ર આપ્યું ; કારણ, પ્રત્યેક સુવાર્તામાં પ્રભુ ઈસુની છબી જુદાજુદા દૃષ્ટિબિંદુથી આપવાનો પવિત્ર આત્માનો હેતુ હતો. એ ચાર જુદા જુદા હેતુઓ પ્રમાણે ચારેય સુવાર્તા અલગ અલગ તરી આવે છે. આપણે એ જોઈએ :

માથ્થીની સુવાર્તામાં પ્રભુ ઈસુને ''યહૂદીઓના રાજા'' તરીકે બતાવવામાં આવ્યા છે. માર્કમાં ''દેવના સેવક'' તરીકે, લૂકમાં 'માનવપુત્ર'' તરીકે અને યોહાનમાં તેમને ''ઈશ્વર'' અથવા ''ઈશ્વરપુત્ર''

તરીકે બતાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે, આ ચારેય સુવાર્તિકોએ પવિત્ર આત્માની પ્રેરણા દ્વારા નોખી નોખી રજૂઆત કરી, અને એમાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ હતાં. કેટલીક બાબતો તેમણે જાતે જોઈ – સાંભળી નહોતી, પણ પવિત્રાત્માએ તેમને જણાવી. દાખલા તરીકે પ્રભુ ઈસુએ ગેથસેમાનેમાં કરેલી પ્રાર્થના. અને અલગ અલગ દૃષ્ટિબિંદુ પ્રમાણે જ પવિત્ર આત્માએ ચાર જુદી જુદી સુવાર્તા લખાવી હતી.

માથ્થીની સુવાર્તા પ્રભુ ઈસુને **"યહૂદીઓના રાજા"** તરીકે દર્શાવવા લખવામાં આવી. એટલે **"યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે..."** એ પ્રસંગ (માથ્થી ૨:૨) ફક્ત આ જ સુવાર્તામાં છે. માગીઓ આવીને જન્મેલા રાજાનાં દર્શન કરે છે, તથા નજરાણાં ધરે છે. **"આકાશના રાજ્યનાં દૃષ્ટાંતો"** (માથ્થી ૧૩) ફક્ત આ જ સુવાર્તામાં આપવામાં આવ્યાં છે. પ્રભુ ઈસુ ''યહૂદીઓના રાજા'' તરીકે રાજ્ય કરવા આવ્યા હતા. એ આખો જ ''આકાશના રાજ્ય''નો વિષય અન્ય સુવાર્તાઓમાં આપવામાં આવ્યો નથી; હોય તો અછડતો ઉલ્લેખ જ હશે. માથ્થીમાં વારેવારે ''આકાશનું રાજ્ય પાસે આવ્યું છે'' વાક્ય વપરાયું છે (૩ : ૨, ૪ : ૧૭). ''આકાશના રાજ્ય''ની નીતિરીતિ અહીં જ આપવામાં આવી છે (પહાડ પરનું ભાષણ ૫:૧૯-૨૦). ''આકાશના રાજ્ય''ના બીજા અનેક ઉલ્લેખ આ સુવાર્તામાં જ છે (૬:૩૩; ૮ : ૧૧; ૯ : ૩૫; ૧૧:૧૨, ૧૩:૧૧, ૨૪, ૩૧, ૩૩, ૪૪, ૪૫, ૪૭, ૫૨; ૧૬:૧૯; ૧૮:૧, ૩, ૪, ૨૩; ૧૯ : ૧૨, ૧૪, ૨૩; ૨૦ : ૧, ૨૧; ૨૧ : ૫; ૨૨ : ૨; ૨૪ : ૧૪; ૨૫ : ૧, ૩૧, ૩૪). પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો, એટલે જ પ્રભુ ઈસુ કહે છે : ''કેમ કે આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી'' (યોહાન ૧૪:૩૦). અહીં પ્રભુ ઈસુ **'જગતનો અધિકારી'** એટલે કે **શેતાન** વિષે ઉલ્લેખ કરે છે. રાજા નકારાયો, રાજ્ય મોકુફ (મર્મોમાં) રખાયું અને શેતાન જગતનો અધિકાર ચલાવે છે.

આમ માથ્થીની સુવાર્તા પ્રભુ ઈસુને ''યહૂદીઓના રાજા'' તરીકે ઓળખાવે છે. એટલે માથ્થી ઝીણવટથી યોસેફની વંશાવળી રજૂ કરે છે, કારણ યોસેફ દાવિદ રાજાના કુટુંબનો અને કુળનો હતો. તે એ બતાવવા માગે છે કે પ્રભુ ઈસુ કાયદાની દૃષ્ટિએ ઈઝરાયલની ગાદીના કાયદેસરના વારસદાર હતા. વંશાવળીની શરૂઆતમાં જ માથ્થી એ વાત જણાવી દે છે. : ''ઈસુ ખ્રિસ્ત જે દાવિદનો દીકરો, જે અબ્રાહામનો દીકરો, તેની વંશાવળી'' (માથ્થી ૧:૧).

આ વંશાવળી ફક્ત અબ્રાહામ સુધી જ લંબાવાઈ છે. કારણ આ સુવાર્તા મુખ્યત્વે મસિહના ઈઝરાયલ સાથેના સંબંધ વિષે વધુ રસ લે છે, અને અબ્રાહામ ઈઝરાયલ પ્રજાનો ગોત્રપતિ હતો.

માર્કની સુવાર્તામાં તો પ્રભુ ઈસુની વંશાવળીયે નથી આપવામાં આવી કે તેમના જન્મ વિષે પણ કંઈ નથી આપવામાં આવ્યું. આ સુવાર્તા તો પ્રભુ ઈસુના જાહેર સેવાકાળથી જ શરૂઆત કરે છે. એમના શરૂઆતના જીવનનાં ૩૦ વર્ષો વિષે કંઈ જ ઉલ્લેખ આ સુવાર્તામાં નથી, કારણ, માર્કની સુવાર્તા, આપણે અગાઉ જોયું તેમ, પ્રભુ ઈસુ ખ્રિસ્તને **"ઈશ્વરના સાચા સેવક"** તરીકે ભારપૂર્વક રજૂ કરે છે, એટલે વંશાવળી, જન્મનો ઉલ્લેખ, કે પ્રભુ ઈસુનાં શરૂઆતનાં વર્ષોનો ઉલ્લેખ આ સુવાર્તામાં બિનજરૂરી કે અસ્થાને લાગે. 'સેવક' માટે વંશાવળી નહિ, પણ વ્યક્તિત્વની જરૂર છે. એટલે આ સુવાર્તામાં વિશ્વાસુ તથા આજ્ઞાધીન સેવકનાં લક્ષણ મુજબ ''તરત,'' ''તરત જ'', વગેરે શબ્દો આપ્યા છે. (માત્ર પહેલા અધ્યાયમાં જ જુઓ કલમો ૧૦, ૧૨, ૧૮, ૨૦, ૨૧, ૨૮, ૨૯, ૩૦, ૪૨.)

લૂકમાં આપેલી વંશાવળીમાં (૩:૨૩-૩૮) માથ્થીની વંશાવળી કરતાં કેટલાંક નામોનો ફરક દેખાય છે. એટલું જ નહિ પણ લૂકની વંશાવળી અબ્રાહામથીયે આગળ, છેક આદમ સુધી આપવામાં આવી છે. એનું


કારણ એ જ કે પવિત્ર આત્મા લૂકની સુવાર્તા દ્વારા ઈસુને **"માણસના દીકરા"** તરીકે રજૂ કરે છે. એટલે જ આ વંશાવળીમાં મરિયમની વંશાવળી આપી છે (માથ્થીમાં યોસેફની હતી). પ્રભુ ઈસુની 'માનવી મા'ની વંશાવળી રજૂ કરીને પ્રભુ ઈસુનું માનવપણું અહીં આગળ ધર્યું છે. હેલી મરિયમનો પિતા અને યોસેફનો સસરો હતો. યોસેફ તો યાકોબનો દીકરો હતો એ આપણે માથ્થી ૧ : ૧૬ માં જોયું.

વળી આ સુવાર્તામાં પ્રભુ ઈસુને એમના ઈઝરાયલ સાથેના સંબંધમાં દર્શાવવાના નથી. પણ આખી માનવજાત માટે 'માણસનો દીકરો' આવ્યો છે એ આ સુવાર્તામાં આપ્યું છે. તેથી આ વંશાવળી ફક્ત ઈઝરાયલના ગોત્રપતિ અબ્રાહામ સુધી જ નહિ, પણ માનવવંશના આદિપિતા આદમ સુધી લંબાવાઈ છે. કારણ, પ્રભુ ઈસુ આ સુવાર્તામાં ''માણસના દીકરા'' (માનવપુત્ર) તરીકે રજૂ કરાયા છે. એનું એક કારણ છે : 'સ્ત્રીના સંતાન' સંબંધી જે વચન આપવામાં આવ્યું હતું (ઉત્પત્તિ ૩:૧૫) તે આખું પૂરું થતું બતાવ્યું છે. પ્રભુ ઈસુ ખરો ''માણસનો દીકરો'' હતો.

યોહાનની સુવાર્તામાં, માર્કની પેઠે વંશાવળી આપવામાં આવી નથી.પણ કારણ જુદું છે. પવિત્ર આત્મા યોહાનની સુવાર્તામાં પ્રભુ ઈસુના **"દૈવીપણા"**ની રજૂઆત કરે છે અને એ ધ્યેય માટે માનવીવંશોની નામાવળી કે વંશાવળી રજૂ કરવાની જરૂર ઊભી થતી નથી. ઊલટું, પ્રભુ ઈસુનો ''ઈશ્વરી (દૈવી) પૂર્વાપર સંબંધ'' રજૂ કરવામાં આવ્યો છે : ''આદિએ શબ્દ હતો, અને એ શબ્દ દેવની સંઘાતે હતો. અને શબ્દ દેવ હતો. તે જ આદિએ દેવની સંઘાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયું'' ...અને એ જ **"શબ્દ સદેહ થઈને** આપણામાં વસ્યો'' (યોહાન ૧ : ૧-૩, ૧૪). એમ યોહાનની સુવાર્તામાં પ્રભુ ઈસુના મૂળ 'ઈશ્વરી સંબંધ' વિષેનું પાસું આપવાનું હોઈ એમનો સંબંધ છેક આદિથી ઈશ્વરની સંઘાતેનો બતાવવામાં આવ્યો છે.

પરમ પરમેશ્વર પિતા પવિત્ર આત્મા દ્વારા પોતાના પરમપ્રિય પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનનાં જુદાં જુદાં પાસાં જુદી જુદી ચાર સુવાર્તા

## યોહાન ૧:૧ પ્રમાણે




દ્વારા રજૂ કરે છે : પહેલીમાં **રાજા**, બીજીમાં **સેવક**, ત્રીજીમાં **માણસ**, અને ચોથીમાં **ઈશ્વર.** એટલે જ વંશાવળીઓ જુદી જુદી રીતે આપવામાં આવી છે. વંશાવળીનો ઉપર આપેલો ત્રિકોણ કદાચ વધારે સ્પષ્ટતા કરશે :

**ખાસ નોંધ :** પ્રભુ ઈસુની શલોમોન તરફની વંશાવળીમાં યખોન્યા (કોન્યા) આવે છે. યહૂદિયાના રાજ્યનો એ છેલ્લો રાજા હતો, અને બંદિવાસમાં લઈ જવાયો હતો. પણ એના વિષે પરમેશ્વરે એમ કહ્યું હતું કે, "તેના વંશમાંનો કોઈ પુરુષ દાવિદના રાજ્યાસન પર બેસીને તથા યહૂદિયામાં અધિકાર ચલાવીને આબાદ થશે નહિ" (યર્મિ. ૨૨ : ૩૦).

એ ભવિષ્યકથન સાચું પડે છે. પ્રભુ ઈસુ યખોન્યા વંશના યોસેફના માત્ર પાલકપુત્ર હતા. કાયદેસર તે કાનૂની વંશવેલા દ્વારા દાવિદવંશી મરિયમના પુત્ર હતા.

## ૨૩. મનુષ્યજાત પૃથ્વી પર કેટલાં વર્ષોથી છે ?

**પ્રશ્ન :** ગયા અંકમાં આપે ખુલાસો આપ્યો કે જળપ્રલય પછી નૂહના ત્રણ દીકરાઓથી પૃથ્વીની આજની બધી વસતી થઈ. વળી આદમ – હવાની ઉત્પત્તિ આજથી લગભગ ૬૦૦૦ વર્ષ પર થઈ. પરંતુ મોટા ભાગના વિજ્ઞાનીઓ માને છે કે આ પૃથ્વી કરોડો વર્ષ જૂની છે. અને માણસજાતની હયાતી પણ પૃથ્વી પર લાખો વર્ષથી છે. વિજ્ઞાનીઓ કહે છે કે માણસજાતના લાખો વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે. વળી પૃથ્વીના પેટાળમાંના કોલસાનાં પડો બંધાવા માટે, અને ભૂગર્ભમાં પેટ્રોલનો જથ્થો તૈયાર થવા માટે કરોડો વર્ષોની જરૂર છે. તો પછી પૃથ્વી આજથી છ હજાર વર્ષ ઉપર ઉત્પન્ન કરવામાં આવી, અને માણસજાતને પણ એ જ સમયે બનાવવામાં આવ્યું, તે કેવી રીતે માની શકાય !

**જવાબ :** વિજ્ઞાનીઓ ભલે કહેતા હોય કે પૃથ્વી કરોડો વર્ષ જૂની છે, અને માણસજાતની હયાતી પૃથ્વી પર લાખો વર્ષોથી છે. પરંતુ બાઈબલની વાત સાચી છે. અને બાઈબલના કાલમાનની ગણતરી પણ સાચી છે કે પૃથ્વી તેમ જ માણસજાત ૬૦૦૦ વર્ષથી વધુ જૂનાં નથી. વિજ્ઞાનીઓ ''કાર્બન ૧૪'' અને એવાં બીજાં માપ દ્વારા માપીને, અને સમુદ્રો આજના જેટલા ખારા કેટલા સમયમાં બન્યા તેની ગણતરી કાઢીને પૃથ્વીની હયાતીનાં કરોડો વર્ષ આંકે છે. પણ એ બધી માપણીઓ ખામી ભરેલી છે, અને ભ્રામક સિદ્ધાંતો પર રચાયેલી છે. આ ભૂલભરેલો અને ભ્રામક સિદ્ધાંત આ છે : પૃથ્વી કરોડોનાં કરોડો વર્ષોથી એક જ ધારી રીતે ચાલતી આવી છે, અને એની કાર્ય-કારણની બધી પ્રક્રિયાઓ કરોડો વર્ષ પર ચાલતી હતી એમ જ – એ ગતિએ અને ઢબે – ચાલ્યા જ કરે છે.

દાખલા તરીકે, વિજ્ઞાનીઓ માને છે કે, પૃથ્વીના તમામ મહાસાગરોનાં પાણીમાં કુલ નમકનો કેટલો જથ્થો હાલ છે, અને પ્રતિ વર્ષે નદીઓ નમકનો કેટલો જથ્થો સમુદ્રમાં ઠાલવે છે એના ભાગાકાર દ્વારા જાણી શકાય કે એ મહાસાગરોને આજના જેટલા ખારા બનતાં કેટલાં વર્ષ લાગ્યાં હશે. હવે નદીઓ દર એકસો વર્ષે મહાસાગરોની ખારાશમાં એના કુલ જથ્થાનો $\frac{૧}{૧૦,૦૦,૦૦૦}$ ટકાનો (એક ટકાનો દશ લાખમો ભાગનો ઉમેરો કરે છે. અને એ દર મુજબ મહાસાગરોને અત્યારના જેટલા ખારા બનતાં ૩૦૦ કરોડ વર્ષ થયાં હોવાં જોઈએ, એટલે કે પૃથ્વીની હયાતી ૩૦૦ કરોડ વર્ષ જૂની છે એવું ઉત્ક્રાંતિવાદીઓ માને છે. પરંતુ બાઈબલનું કથન સત્ય છે કે ઈશ્વરે સૃજનકાળે (આજથી ૬૦૦૦ વર્ષ ઉપર) સાગરો બનાવ્યા ત્યારથી જ તેમને આ પ્રમાણે ખારા બનાવ્યા છે.

ઈશ્વરે આદમને બનાવ્યો, ત્યારે તેને કાંઈ એક દિવસનો કિકલો કે એક દિવસનો બાળક નહોતો બનાવ્યો, પણ પચ્ચીસ-ત્રીસ વર્ષનો ભરજુવાન બનાવ્યો હશે. એટલે જ આ જુવાન આદમ પ્રાણીઓનાં નામ પાડી શક્યો (ઉત્પત્તિ ૨ ૧૯), અને હવા સાથે દાંપત્યજીવન ગાળી શક્યો. આમ તો ઈશ્વરે તેને એક જ દિવસમાં બનાવ્યો, છતાં પચ્ચીસ-ત્રીસ વર્ષનો બનાવ્યો. એનો અર્થ એ થયો કે આદમ પૃથ્વી પર પહેલા જ સાબ્બાથવારે (સાતમે દિવસે) માત્ર એક જ દિવસ જેટલો જૂનો થયો હતો, પણ તેના શરીરની ખીલવટ ૨૫-૩૦ વર્ષની હતી. જાણે કે ગર્ભાધાનથી માંડીને જન્મ પછી ૨૫-૩૦ વર્ષ વટાવ્યાં હોય એવો પુખ્ત વયનો તેને એક જ દિવસમાં બનાવ્યો.

એ જ પ્રમાણે આખી પૃથ્વી, એની વનસ્પતિ, ખનિજો, પ્રાણીઓ, અને બધું છ દિવસમાં બનાવ્યું, છતાં જાણે કે કરોડો વર્ષો વટાવીને એ બધું આવ્યું હોય તેવું તૈયાર છ જ દિવસમાં બનાવ્યું. પૃથ્વીના પેટાળનો કોલસો લો. જાણે કે કરોડો વર્ષથી ઝાડોનાં જંગલો દટાયાં, અને કાળાંતરે

એમનો કોલસો બન્યો, એવું એ કોલસાને જોઈને લાગે. પણ ઈશ્વરે તો જાણે કે એ કોલસો હજારો વર્ષોની પ્રક્રિયામાંથી પસાર થઈને આવ્યો હોય તેવો, એક જ દિવસમાં બનાવ્યો ! તેવું જ પેટ્રોલનું, અને તમામ ચીજોનું.

બિશપ અશરે અને બીજા કેટલાકે બાઈબલના કાળમાનની કેટલીક ગણતરીઓ આપી છે, અને એ ગણતરીઓ સાચી છે. તેઓએ બાઈબલનાં મનુષ્યકુળોની બાઈબલમાં આપવામાં આવેલી ઉંમર અને તેમના પુત્રના જન્મ વખતે આપેલી ઉંમર કેટલી હતી. (જેમ કે ઉત્પત્તિ ૫ મો અધ્યાય) એ બધું ગણીને કાળમાનની ગણતરી ગણી હતી. બિશપ અશરની ગણતરી આદમની ઉત્પત્તિ ઈ. પૂર્વે ૪૦૦૪માં થઈ એટલે કે માણસજાત છેલ્લાં ૬૦૦૦ વર્ષથી પૃથ્વી પર છે (પ્રભુ ઈસુથી માંડીને આજ સુધીનાં ૨૦૦૦ વર્ષ, અને તે પૂર્વેનાં ૪૦૦૦ વર્ષ મળીને ૬,૦૦૦ વર્ષ થાય.)

વળી બિશપ અશરની ગણતરી પ્રમાણે, હારાનમાં લાબાનને ત્યાં યાકોબનું લગ્ન થયું તે ઈ.પૂર્વે ૧૭૬૦ની સાલ હતી. ત્યારથી યહૂદીઓની વસતીની શરૂઆત થઈ ગણાય. યાકોબના બાર દીકરાઓ યહૂદીઓના ગોત્રપતિઓ થયા ત્યારથી યહૂદીઓની વસતીની શરૂઆત થઈ ગણાય. હિટલરે સાઠ લાખ યહૂદીઓનો એક સામટો સંહાર કર્યો ત્યાર પહેલાં ઈ.સ. ૧૯૩૦માં દુનિયાભરના યહૂદીઓની કુલ વસતી એક કરોડ અને સાઠ લાખની હતી. એટલે કે યાકોબના બાર દીકરાઓથી માંડીને ઈ.સ. ૧૯૩૦ સુધીમાં તેઓથી એક કરોડ અને સાઠ લાખની યહૂદીઓની કુલ વસતી થઈ. એની ગણતરી કરીએ તો ઈ.પૂર્વે ૧૭૬૦ થી (યાકોબના સમયથી) ઈ.સ. ૧૯૩૦ સુધીમાં યહૂદી લોકોની વસતી ૨૪ વખત બેવડાતી ગઈ ($૨^{૨૪}$). અને એમ ૨૪ વખત બેવડાતાં ઈ.સ. ૧૯૩૦માં એમની વસતી એક કરોડ સાઠ લાખ થઈ. એમની વસતી કેટલાં વર્ષે બેવડાઈ એનો દર કાઢવા માટે નીચે પ્રમાણે કંઈક દાખલો ગણવો પડે :

ઈ. પૂર્વે ૧૭૬૦ (યાકોબના લગ્નનું વર્ષ)

ઈ. સ. ૧૯૩૦ (હિટલરે યહૂદીઓનો સંહાર કર્યો તે પૂર્વે)

૩૬૯૦ વર્ષો થયાં. એને ૨૪ વડે ભાગો તો ૧૫૪ જવાબ આવે, એટલે કે પ્રત્યેક ૧૫૪ વર્ષે યહૂદીઓની વસતી બેવડાતી ગઈ, અને કુલ ૨૪ વખત બેવડાઈ.

આપણે યહૂદીઓની વસતીની એ ગણતરી કરી તે પ્રમાણે જ આખી દુનિયાની આજની કુલ વસતી ગણી જોઈએ, અને તેનો બેવડાવાનો આંક તથા ગતિ કેટલાં આવે તે ગણી કાઢીએ. રેન્ડ મેક્નેલી વર્લ્ડ એટલાસની ૧૯૭૯માં બહાર પાડેલી ૧૫મી 'રીવાઈઝડ' આવૃત્તિ પ્રમાણે દુનિયાની કુલ વસતી ૧૯૭૯ માં ૪ અબજ, ૭ કરોડની (૪,૦૭,૦૦,૦૦,૦૦૦) હતી. જળપ્રલય ઈ.પૂર્વે ૨૩૫૦ માં થયો. ત્યારથી માંડીને આજ સુધી (જળપ્રલયથી પ્રભુ ઈસુ સુધીમાં ૨૩૫૦ વર્ષો + આજની ઈ.સ. ૧૯૮૦ નાં ૧૯૮૦ વર્ષ) ૪૩૩૦ વર્ષ થયાં. જળપ્રલય પછી આઠ માણસો (એટલે કે ચાર જોડાં) બચ્યાં હતાં, – નૂહ અને તેની પત્ની, અને તેમના દીકરા શેમ, હામ, યાફેત અને તેમની પત્નીઓ, તેઓ દ્વારા જળપ્રલય પછીની આજ સુધીની વસતી થઈ. આમ આઠ જણમાંથી આટલી બધી સંખ્યા થતાં વસતી લગભગ ૨૯ વાર બેવડાઈ. (સાયન્ટીફીક ઈલેક્ટ્રોનિક કેલ્ક્યુલેટર દ્વારા આ ગણતરીની મેં પાકી ચકાસણી અનેક વાર કરી છે, અને આ ગણતરી નિઃશંક સત્ય ઠરી છે.) ઉપર જણાવેલા જળપ્રલયથી આજ સુધીમાં ૪૩૩૦ વર્ષને ૨૯ વડે ભાગો તો ૧૫૦ આવે. એનો ઉપર પ્રમાણે જ અર્થ થયો કે દર ૧૫૦ વર્ષે માનવી – વસતી બેવડાતી ગઈ ! ત્યારે જ આજની કુલ વસતીની સંખ્યા અદલ આવી શકી : ૪ અબજ અને ૭ કરોડ.

યહૂદીઓની ગણતરીમાં દર ૧૫૪ વર્ષે વસતી બેવડાયેલી આપણે જોઈ. જ્યારે આ પૃથ્વીની વસતીની ગણતરીમાં દર ૧૫૦ વર્ષે બેવડાતી જોઈ. એ તફાવત માત્ર આભાસ છે, સાચો નથી. કારણ, છેલ્લાં ૪૦ વર્ષથી પૃથ્વીની

વસતીમાં અગાઉ કદી ન થયો હોય તેવો ભયંકર ઝડપી વધારો થઈ રહ્યો છે. અને હાલમાં તો પૃથ્વીની વસતીમાં દરરોજનો બે લાખનો વધારો થઈ રહ્યો છે. એ બધાંને લઈને આ સાધારણ તફાવત દેખાય છે. (યહૂદીઓની વસતીની ગણતરી તો આપણે ૧૯૩૦ સુધીની જ લીધી હતી, જ્યારે પૃથ્વીની વસતીની ગણતરી ૧૯૭૯ સુધીની લીધી છે).

બાઈબલમાં જણાવેલા માનવ ઈતિહાસ પ્રમાણે ગણતરી કરતાં આજની વસતીના આંકડા કેટલા બધા ચોક્કસ પુરવાર થાય છે ! અને બતાવે છે કે પૃથ્વી પર માણસની હયાતી આદમથી માંડીને આજ ૬૦૦૦ વર્ષ કરતાં વધુ ન હોઈ શકે. અથવા જળપ્રલયથી આજ સુધી આશરે ૪૫૦૦ (લગભગ ૪૩૩૦) વર્ષ થયાં છે.

પરંતુ વિજ્ઞાનીઓના ઉત્ક્રાંતિવાદ પ્રમાણે માણસ પૃથ્વી પર લાખો વર્ષોથી હયાત છે એમ માની લઈએ, તો ત્યારથી માંડીને આજ સુધી માણસની વસતી હજારો વાર બેવડાઈ હોત, અને હાલની વસતી અબજો ગુણ્યા અબજોની થઈ હોત ! પણ આજની દુનિયાની વસતી ઉત્ક્રાંતિવાદી વિજ્ઞાનીઓની વાતને તોડી પાડે છે, અને બાઈબલના ઈતિહાસને પ્રમાણભૂત બનાવે છે. અરે, ઉત્ક્રાંતિવાદીઓની માન્યતાની સહાનુભૂતિ દર્શાવવા પૂરતુંયે આપણે માનવીની વસતીની હયાતીને માત્ર ૫૦,૦૦૦ વર્ષથી જ છે એમ માની લઈએ, તોપણ એટલાં વર્ષો પ્રમાણે આજ સુધીમાં માનવી – વસતી ૨૯૪ વાર બેવડાઈ હોત, અને એટલી બધી વસતી પૃથ્વી પર થઈ હોત કે, અવકાશમાં માઈલો સુધી માણસોના ખડકલા ખડકાયેલા હોત. આ પરથી સમજી શકાય છે કે માનવ – હયાતીનાં એટલાં બધાં, એટલે કે ૫૦,૦૦૦ વર્ષ, સંભવી શકે જ નહિ, – અરે, ૧૦,૦૦૦ પણ નહિ.

આંગળીનાં વેઢે ગણી શકાય એવા દુનિયાના મહા વિજ્ઞાનીઓમાં સર આઈઝેક ન્યુટનનું નામ મોખરે આવે છે. એ મહાવિજ્ઞાનીએ બાઈબલની કાલમાનની ગણતરીઓ પોતાની આગવી રીતે ગણી કાઢી હતી, અને

બિશપ અશરની ગણતરીને અનુમોદન આપ્યું હતું. અને ખગોળશાસ્ત્રની ગણતરીઓ કોઈ રીતે એની વિરુદ્ધ નથી એમ પણ દર્શાવ્યું હતું. એ પછીની ત્રણ સદીઓની કોઈ પણ શોધખોળ આ હકીકતમાં ફેરફાર કરી શકી નથી.

## ૨૪. જળપ્રલયનો વિસ્તાર કેટલો ?

**પ્રશ્ન : જળપ્રલય આખી પૃથ્વી પર આવ્યો હતો કે માત્ર થોડાક વિસ્તારમાં ? આખી પૃથ્વીના બધા જ ઊંચામાં ઊંચા પહાડો ડૂબી જાય એટલું પાણી ક્યાંથી આવી શકે ? ઘણા અભ્યાસીઓનું માનવું છે કે એ તો સ્થાનિક પૂર હતું.**

**જવાબ :** બાઈબલમાં બહુ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે આખી પૃથ્વીનો જળપ્રલયથી નાશ થયો, જળપ્રલય ફક્ત કોઈ સ્થાનિક વિસ્તારમાં નહિ, પણ આખી પૃથ્વી પર આવ્યો. બાઈબલના જ શબ્દો લઈએ : (૧) ''પૃથ્વી પર ચાળીસ દહાડા લગી જળપ્રલય હતો'' (ઉત્પત્તિ ૭ : ૧૭). (૨) ''અને પૃથ્વી પર પાણી ઘણું ચઢ્યું ; અને **આખા આકાશ તળેના સર્વ ઊંચા પર્વત ઢંકાઈ ગયા.** [પર્વતો પર] પંદર હાથ સુધી પાણી ચઢ્યું, અને પહાડો ઢંકાઈ ગયા'' (ઉત્પ. ૭:૧૯,૨૦). (૩) ''અને **પૃથ્વી પર** ફરનારાં પ્રાણીઓ, એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ, તથા જીવજંતુ જેઓ પૃથ્વી પર છે, તેઓ તથા **સર્વ માણસ મરી ગયાં.** કોરી જમીન પર **સર્વ રહેનાર** જેઓનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ હતો, તેઓ મરી ગયાં. અને **પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા,** એટલે માણસ તથા પશુ તથા પેટે ચાલનારાં તથા આકાશનાં પક્ષી પૃથ્વી પરથી નષ્ટ થયાં; અને નૂહ તથા તેની સાથે જે વહાણમાં હતાં એકલાં તેઓ બચ્યાં'' (ઉત્પ. ૭ : ૨૧-૨૩). આ તમામ વાક્યો અને તેની ભાષા સ્પષ્ટ આખી પૃથ્વી પરના જળપ્રલય વિષે બોલે છે. એમાં સ્થાનિક પૂરનું કોઈ સૂચન નથી.

વળી, ૬ઠ્ઠા અધ્યાયમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે (૭મી કલમ) : "અને યહોવાએ કહ્યું કે, જે માણસને મેં ઉત્પન્ન કર્યું તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ; હા, માણસ તથા પશુ, પેટે ચાલનારાં પ્રાણી તથા આકાશનાં પક્ષીઓ સુધ્ધાં [તે સર્વનો સંહાર કરીશ]. વળી, (૧૩મી કલમ) : અને દેવે નૂહને કહ્યું કે, મારી આગળ **સર્વ જીવનો અંત આવ્યો** છે. ... હું તેઓનો પૃથ્વી સુધ્ધાં સંહાર કરીશ." વળી, ૧૭મી કલમ : "અને જુઓ, **સર્વ જીવ જેમાં જીવનનો શ્વાસ છે**, તેઓનો સંહાર આકાશ તળેથી કરવા સારુ હું પૃથ્વી પર જળપ્રલય લાવીશઃ અને પૃથ્વીમાં જે સર્વ છે તે મરશે." વળી જુઓ ૭:૪ **"જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યાં છે, તેઓનો નાશ પૃથ્વી પરથી હું કરીશ."** હા, ૭ : ૨૧, ૨૨ માં જણાવ્યું છે તેમ, પાણીમાં વસનારા જીવ, એટલે કે માછલાં, વહેલ, વગેરે સિવાયના પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા.

આ ઉપરાંત પ્રભુ ઈસુ પણ આ વાતને માન્ય રાખે છે. જુઓ માથ્થી ૨૪:૩૯. "અને જળપ્રલય આવીને **સહુને** તાણી લઈ ગયો..." વળી જુઓ ૨ પિતર ૩:૬, ૭. "તેથી તે વેળાનું **જગત** પાણીમાં ડૂબીને નાશ પામ્યું ; પણ હમણાંનાં આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ સુધી અધર્મી માણસના નાશના દિવસ સુખી રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે."

હવે વિજ્ઞાનની તેમ જ વ્યવહારુ દલીલો આપણે જોઈએ : (૧) વિજ્ઞાનનો એક પ્રમાણિત નિયમ છે કે પાણી હમેશાં પોતાનું લેવલ શોધે છે. તળાવમાં નીચે ખાડાટેકરા હોય, પણ તળાવની ઉપલી સપાટી ઉપર પાણીનું લેવલ યા સપાટી એકસરખી જ રહે છે. એવું જ સાગરમાં પણ. એટલે મેસોપોટેમિયા પ્રદેશના જ પહાડો માત્ર જળપ્રલયમાં ડૂબી જાય અને બીજા દેશોમાં પાણી ન પહોંચે એ વિજ્ઞાનના ઉપર જણાવેલા નિયમની વિરુદ્ધની વાત થઈ. મતલબ કે, ડૂબે તો દુનિયાના બધા પહાડ ડૂબે. આની એક નિશાની છે; પૃથ્વી પર લાવારસના બનેલા પહાડો

સિવાયના બધા જ પહાડો પર છેક ટોચના ભાગો પર પણ છીપલાં, શંખલાં અને પાણીના જીવોના અવશેષો જોવા મળે છે. એ બતાવે છે કે પહાડોની ટોચો પણ કોઈ એક સમયે પાણીની નીચે હતી.

બીજી એક વ્યવહારુ વાત જોઈ લઈએ. નૂહે ૧૨૦ વર્ષ સુધી બોધ કર્યો અને જંગી વહાણ બાંધ્યું. જો માત્ર સ્થાનિક પૂર હોત તો આવું જંગી વહાણ નૂહ શા માટે બાંધે ? વ્યવહારુ વાત તો એ કહેવાય કે નૂહ પોતાના કુટુંબકબિલાને લઈને બીજા દેશમાં જ્યાં પૂર આવવાનું ન હોય ત્યાં ચાલ્યો જાય. એ જ બતાવે છે કે આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો.

આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો એવી વાતો દુનિયાના બધા દેશોમાં ચાલતી આવે છે. ભારત, અમેરિકન ઇન્ડિયન, ઇજિપ્ત (મિસર), ફીજી ટાપુઓ, કોરિયા, ચીન, પેરુપ્રદેશ, ફિનલેન્ડ, બ્રહ્મદેશ, ફિલિપાઈન, એસ્કિમોનો પ્રદેશ, કુર્દિસ્થાન, આર્મિનિયા, બાબિલોન, ઈરાન, પોલેનિશયન પ્રદેશ, વેલ્સ, ઓસ્ટ્રેલિયા, તાહિતી, ક્યૂબા, ફ્રૂગિયા, ફીજીટાપુઓ, બ્રાઝીલ, ચિલી, મુસ્લિમ દેશો, અને બીજા અનેક દેશો, અનેક લોકોમાં આ જળપ્રલયની વાત સાંભળવા મળે છે. એ બધી વાતોમાં અમુક મુદ્દા એકસરખા છે, જેમ કે (૧) આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો; (૨) વહાણ યા હોડી દ્વારા બચાવ થયો; (૩) એ વહાણ યા હોડીમાં આઠ જણ હતાં. ભારતની વાતમાં મનુ અને સાત ઋષિ, બાબિલોનની વાતમાં આઠ જણ; કોરિયાની વાતમાં ફોહી તથા બીજા સાત જણ, ઇત્યાદિ; (૪) વહાણ યા હોડીમાં જે આઠ માણસો અને બીજાં પશુપંખીઓ હતાં તે સિવાયના પૃથ્વી પરના સર્વ જીવ નાશ પામ્યા. તો પૃથ્વી પરના સર્વ દેશો અને સર્વ પ્રજાઓમાં આવી એકસરખી વિગતોવાળી વાત કેવી રીતે પ્રચલિત હોઈ શકે; એ બતાવે છે કે વિશ્વવ્યાપી જળપ્રલય આવ્યો હતો.

આજથી લગભગ સાઠેક વર્ષ અગાઉ ઈંગ્લેંડના પ્રખ્યાત પુરાવિદ્યાવિશારદ પ્રો. લેનર્ડ વૂલીએ યુફ્રેતિસ નદીના ઉરપ્રદેશના વિસ્તારમાં

કેટલેક ઠેકાણે ખોદકામ કરાવ્યું હતું, એમાં ભૂસ્તરોમાં અનેક સંસ્કૃતિઓના અવશેષો (ઘરેણાં, ઓજારો, વાસણો, શબો, ઇત્યાદિ) મળી આવ્યાં હતાં. છેલ્લામાં છેલ્લા ઐતિહાસિક અવશેષો પ્રાગ સમયમાં સુમેરી લોકોની થયેલી વસાહતના મળી આવ્યા હતા. એના પછી સુકાયેલા કાદવનું ૮-૧૦ ફૂટનું પડ આવ્યું હતું. એ કાદવના પડમાં મનુષ્ય વસાહતના કોઈ અવશેષ નહોતા, અને એમનું કોઈ નામનિશાન નહોતું. એ પરથી સર વૂલીએ એમ માની લીધું કે એ પડ અગાઉ કોઈ મનુષ્ય વસાહત હયાતીમાં નહોતી આવી. પણ એથીયે ઊંડું ખોદકામ ચલાવતાં ફરીથી મનુષ્ય-વસાહતના અવશેષો મળી આવ્યા. જ્યાં જ્યાં ખોદકામ કરવામાં આવ્યું ત્યાં એ જ પ્રમાણે નીકળ્યું. એનો અર્થ એ થયો કે જળપ્રલય આવ્યો હશે અને બધાં મનુષ્યો નાશ પામ્યાં હશે, એટલે માનવી વસાહતના અવશેષો એ કાદવના પડમાં ન મળ્યા. વળી એ વિદિત થાય છે કે એ જળપ્રલયને કારણે જ આ ૮-૧૦ ફૂટનું કાદવનું જંગી પડ બનવા પામ્યું.

આખી પૃથ્વી પર જળપ્રલય થયો એની બીજી એક સાબિતી પણ છે. સાઈબિરિયા, ગ્રીનલેન્ડ વગેરે અતિ ઠંડા અને બરફનાં જંગી પડોથી સદા આચ્છાદિત એવા એ પ્રદેશોમાં બરફમાં હજારો વર્ષો પૂર્વે ધરબાયેલાં મહાકાય પ્રાણીઓનાં મૃત શરીરો હજારોના પ્રમાણમાં મળી આવ્યાં છે. એ ઉષ્ણ પ્રદેશનો લીલો તાજો ચારો મળી આવ્યો છે. વળી કેટલાંકનાં મોંમાં ચવાતો ચારો પણ આજેય એવો ને એવો જ જોવા મળે છે. વળી એમાંનાં કેટલાંક પ્રાણીઓનું 'પોસ્ટમોર્ટમ' કરવામાં આવતાં તેમને પાણીમાં ગૂંગળાઈને મરણ પામેલાં જાહેર કરવામાં આવ્યાં છે. એ બધા પરથી એક જ બાબત સાબિત થાય છે કે જળપ્રલય આવ્યો, અને ચારો ચરતાં આ મહાકાય પ્રાણીઓને તાણી લઈ ગયો, અને કાયમને માટે તેમને બરફમાં ધરબી દીધાં. બરફમાં રાખેલું મુડદું યા ચીજ સડતી નથી. એટલે આ પ્રાણીઓનાં મૃત શરીરો તેમ જ તેમનાં પેટ તથા મોંમાંનો ચારો સડો લાગ્યા વગર આજ લગી સચવાઈ રહ્યાં છે.

વળી પૃથ્વી પર અમુક અમુક સ્થળે ખૂબ ઊંડા ખાડા આવેલા છે, અને આ ખાડાઓમાં પૃથ્વીના લગભગ બધા જ ખંડોનાં પ્રાણીઓનાં હાડકાં ચૂના સ્વરૂપમાં હજારોના પ્રમાણમાં જોવા મળે છે. આ હાડકાં અનેક ખંડોમાંથી એકસામટાં અહીં ક્યાંથી આવ્યાં ? એ પ્રશ્નનો જવાબ વિજ્ઞાન પાસે નથી. એનો ફક્ત એક જ ખુલાસો અપાય કે જળપ્રલયનાં પાણી બધા ખંડોનાં પ્રાણીઓને તાણી લઈ ગયાં, અને પાણી સુકાતાં એ બધાં પ્રાણીઓનાં શબો આવા ઊંડા ખાડાઓમાં હજારોના પ્રમાણમાં ધરબાઈ ગયાં. અને કાળાંતરે એ શબોનું માંસ ગળી ગયું – સડી ગયું, અને હાડકાં સૂકાંખંખ અને આખરે ચૂનારૂપ બની ગયાં.

ઘણાં બધાંને પ્રશ્ન થાય કે પૃથ્વીના ઊંચામાં ઊંચા બધા જ પહાડો ડૂબી જાય એટલું પાણી આવ્યું ક્યાંથી ? આપણે જોઈએ. ઉત્પત્તિ ૭:૧૦-૧૩ માં આ પ્રમાણે આપ્યું છે : અને એમ થયું કે સાત દહાડા પછી પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના આયુષ્યના છસેંમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દહાડે, તે જ દહાડે **મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં.** અને ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો.''

"**આકાશાનાં દ્વારો** ઊઘડી ગયાં,'' એ વાક્ય ઘણું બધું જણાવે છે. સામાન્ય રીતે પૃથ્વી પર આવતો વરસાદ ફોરાં યા ટીપાંના સ્વરૂપે આવે છે, – નહિ કે પાણીના રેલા યા પ્રવાહરૂપે. એટલે જ વનસ્પતિ, ઝાડો, ઘરો અને સર્વ જીવો સલામત રહે છે, નહિ તો બંદૂકની ગોળીના વેગથી રેલા આવતા હોત અને સર્વનો નાશ થાત. પણ ઉપરના વાક્યમાં એમ બતાવવામાં આવ્યું છે કે અંતરિક્ષમાં પાણીનાં દ્વારો ખૂલી ગયાં. જેમ કોઈ પાણીના બંધના (ડેમ) બંધ રાખેલા દરવાજા (દ્વારો) ખોલી નાખવામાં આવે અને પાણી પ્રચંડ ધસારાબંધ વહી નીકળે, એમ જ આકાશમાં (અંતરિક્ષમાં) બંધ રખાયેલાં પાણીનાં 'દ્વારો' ઈશ્વરના હુકમથી ખોલી નાખવામાં આવ્યાં અને અંતરિક્ષનાં બંધ પાણી પ્રચંડ પ્રવાહરૂપે પૃથ્વી ઉપર ધસી પડ્યાં.

"આકાશમાં" યા અંતરિક્ષમાં પાણી હોઈ શકે ? જુઓ ઉત્પત્તિ ૧:૬-૮. "અને દેવે કહ્યું કે, **પાણી વચ્ચે** અંતરિક્ષ થાઓ, ને પાણીને પાણીથી **જુદાં કરો.** અને દેવે અંતરિક્ષ બનાવ્યું, ને અંતરિક્ષની તળેનાં પાણીને **અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં.** અને તેવું થયું. અને દેવે તે અંતરિક્ષને આકાશ કહ્યું." જેમ પૃથ્વી ઉપર સાગરોમાં અગાધ પાણી સંગ્રાહેલું છે, તેમ જ અધર અંતરિક્ષમાં અગાધ સમુદ્રો સંગ્રાહેલા છે. ૨ પિતર ૩:૫ એ હકીકતને અનુમોદન આપે છે : "...દેવના શબ્દે કરીને આકાશો પ્રથમથી હતાં, અને પૃથ્વી **પાણીથી** તથા **પાણીમાં** બાંધેલી હતી." વળી જુઓ ઉત્પત્તિ ૧:૯, ૧૦. એમાં અંતરિક્ષની નીચેનાં પાણીની વાત આપી છે. ત્યાં લખ્યું છે : "અને દેવે કહ્યું કે, આકાશ તળેનાં પાણી એક જગામાં એકઠાં થાઓ, ને કોરી ભૂમિ દેખાઓ, અને તેવું થયું. અને દેવે તે કોરી ભૂમિને પૃથ્વી કહી, ને એકઠાં થયેલાં પાણીને સમુદ્રો કહ્યા." એમ, અંતરિક્ષમાં તેમ જ પૃથ્વી પર પાણીના સાગરો આવેલા છે.

કૂવા ખોદનારા અને બોરીંગ કરનારાના અનુભવ પ્રમાણે ભૂમિ નીચે ખડકોના પેટાળમાં પાણીના જંગી ભંડારો ભરેલા છે, અને નદીઓ તેમ જ અનેક વહેણ આવેલાં છે. જળપ્રલય સમયે ઓચિંતા ફૂટી નીકળતા ઝરાઓના રૂપમાં પૃથ્વીના પેટાળનાં પાણીનાં જંગી ભંડારિયાં ઊભરી ઊઠ્યાં.

માત્ર વાદળાંમાં પણ આ ઉપરનાં પાણી કેટલાં બધાં સમાયેલાં છે ! અભ્યાસીઓના જણાવ્યા પ્રમાણે વાદળાંમાં પાણીનો બહુ મોટો જથ્થો સમાયેલો છે. અમેરિકાની મારી એક વિમાની મુસાફરી દરમિયાન અમે બોઈંગ વિમાનમાં કલાકના ૭૫૦ માઈલની ઝડપે ઊડતાં હતાં. એવામાં પ્રગાઢ ઘેરાં-વાદળાં દોઢ કલાક સુધી અમે જોયાં. વિમાનની ગતિની ઝડપ ધ્યાનમાં લેતાં એ વાદળાંનો વિસ્તાર લગભગ ૧૧૦૦ માઈલની લંબાઈનો થયો. અને એની અંદાજી પહોળાઈ લગભગ ૭૦૦ માઈલ જેટલી હશે. આ પાણીનો કેટલો મોટો જથ્થો થયો ! અને આ તો પૃથ્વીના અમુક

ભાગ ઉપરનાં જ વાદળાંની વાત આપણે કરી ! આખી પૃથ્વી પરનાં બધાં વાદળાં લઈએ તો પાણીનો કેટલો મોટો જથ્થો થાય !

'કુમાર' મેગેઝિનના એપ્રિલ ૧૯૭૧ ના અંકમાં આ પ્રમાણે આપવામાં આવ્યું હતું : "પૃથ્વીની સપાટી પર જેટલું પાણી છે તે બધું ભેગું કરીને તેનો એક થાંભલો સૂર્ય સુધી પહોંચે તેવડો (૯ કરોડ ૩૦ લાખ માઈલ લાંબો) રચવામાં આવે તો એ થાંભલો અઢી માઈલના વ્યાસની જાડાઈનો થાય. (પૃ. ૧૫૪) ! રેવ. ક્લેરેન્સ લાર્કીન્સ પોતાના પુસ્તક 'ડીસ્પેન્સેશનલ ટૃથ'માં લખે છે કે, પૃથ્વીના પડ ઉપરનું પાણી પૃથ્વીના પદાર્થ-દ્રવ્યના $\frac{૧}{૪૯૫૦}$ મા ભાગ જેટલું છે. જો પૃથ્વીની જમીનની સપાટી બધે જ એકસરખી સપાટ હોત તો પૃથ્વીની સપાટીથી પાણી અગિયાર માઈલ ઊંચે ચઢત.

## ૨૫. શાઉલ રાજાનું મૃત્યુ

**પ્રશ્ન :** શાઉલ રાજાનું મૃત્યુ કેવી રીતે થયું ? એ લડાઈમાં મરાયો, કે જાતે આપઘાત કર્યો, કે એનું ખૂન કરવામાં આવ્યું ? બાઈબલમાં આ ત્રણે બાબતો આપવામાં આવી છે. તો એમાં સાચું શું ? આ ત્રણે બાબતો રજૂ કરતી કલમો આ પ્રમાણે છે;

(૧) ૨ શમુએલ ૨૧:૧૨. "અને દાવિદે જઈને શાઉલનાં હાડકાં તથા તેના દીકરા યોનાથાનનાં હાડકાં યાબેશ-ગિલઆદના માણસો પાસેથી લીધાં. તેઓ તે બેથ-શાનના ચકલામાંથી ચોરી લાવ્યા હતા. **જે દિવસે પલિસ્તીઓએ શાઉલને ગિલ્બોઆમાં મારી નાખ્યો હતો તે દિવસે પલિસ્તીઓએ તે ત્યાં ટાંગ્યાં હતાં."** (પલિસ્તીઓએ લડાઈમાં શાઉલને મારી નાખ્યો.)

(૨) ૧ શમુએલ ૩૧:૪,૫,૬. "ત્યારે શાઉલે પોતાના શસ્ત્રવાહકને કહ્યું કે, તારી તરવાર તાણીને મને વીંધી નાખ, રખે ને આ બેસુન્નતીઓ

આવીને મને વીંધી નાખીને મારું અપમાન કરે. પણ તેના શસ્ત્રવાહકે એમ કરવાની ના પાડી, કેમ કે તે ઘણો બીધો. ત્યારે શાઉલ પોતાની તરવાર લઈને તે પર પડ્યો. શાઉલને મુએલો જોઈને તેનો શસ્ત્રવાહક પણ પોતાની તરવાર પર પડીને તેની સાથે મરણ પામ્યો. એ રીતે શાઉલ તેના ત્રણ દીકરા, તેનો શસ્ત્રવાહક, તથા તેના સર્વ માણસો તે જ દિવસે સાથે મરણ પામ્યા. (શાઉલે આપઘાત કર્યો.)

(૩) ૨ શમુએલ ૧:૧૦. "માટે તેની (શાઉલની) પાસે ઊભા રહીને મેં (અમાલેકીએ) તેને (શાઉલને) મારી નાખ્યો, કેમ કે હું નક્કી જાણતો હતો કે પડી ગયા પછી તે જીવવાનો નથી.'' (અમાલેકીએ શાઉલનું ખૂન કર્યું.)

તો આમાંથી સાચું શું ? શાઉલનું મૃત્યુ કેવી રીતે થયું ?

**જવાબ :** હા, શમુએલનાં બંને પુસ્તકોની ઉપરની વિગતો વાંચવાથી વાંચનારને મૂંઝવણ થવા સંભવ રહે કે શાઉલનું મૃત્યુ કેવી રીતે થયું. પલિસ્તીઓએ લડાઈમાં એને મારી નાખ્યો કે, શાઉલે પોતે પોતાની તરવાર ઉપર પડીને આપઘાત કર્યો કે, કોઈ એક અમાલેકીએ શાઉલનું ખૂન કર્યું ?

પણ જો આ ત્રણે પ્રસંગોને ઝીણવટથી વાંચીએ તો એક બાબત સ્પષ્ટ થાય છે કે શાઉલના મૃત્યુમાં આ ત્રણે બાબતો સામેલ હતી, યા કારણભૂત બની હતી. શાઉલનું મૃત્યુ આ ત્રણે બાબતો દ્વારા થયું હતું. પલિસ્તીઓ સાથેના યુદ્ધમાં શાઉલ હારવાની અણી પર હતો, તેવામાં પલિસ્તી ધનુર્ધારીઓએ શાઉલને સંકડામણમાં આણ્યો, અને શાઉલને તીરોના ઘા કર્યા. પણ શાઉલ ઘવાયો છતાં મૃત્યુશૈયામાં પડ્યો નહોતો. આ સમયે શાઉલના મનમાં શાહી ખુમારી સવાર થઈ. તેને થયું કે ઘવાયેલી સ્થિતિમાં પલિસ્તીઓના હાથમાં પકડાવું અને અપમાન સહન કરવું તેના કરતાં જાતે મરી જવું સારું, જેથી જીવતા પકડાઈ જવાય નહિ. એટલે તેણે પોતાના શસ્ત્રવાહકને આજ્ઞા આપી કે તે પોતાને

(શાઉલને) તલવારથી મારી નાખે. પણ શસ્ત્રવાહકે તેમ કરવા ના પાડી, એટલે શાઉલ પોતે પોતાની તરવાર ખેંચીને તે પર પડ્યો.

એથી શાઉલ મરણતોલ ઘવાયો ખરો, પણ તેનું મૃત્યુ નીપજ્યું નહિ. અસહ્ય પીડા પામતા શાઉલે આખરે ત્યાં થઈને પસાર થતા અમાલેકીને કહ્યું, ''કૃપા કરીને મારી પડખે ઊભો રહીને મને મારી નાખ, કેમ કે મને ભારે વેદના થાય છે. કેમ કે હજી મારો જીવ મારા ખોળિયામાં સાબૂત છે.'' એટલે પેલા અમાલેકીએ શાઉલને મારી નાખ્યો. એ પછી અમાલેકીએ દાવિદ પાસે જલદી જઈને શાઉલના મૃત્યુના સમાચાર આપ્યા.

આમ બાઈબલમાં આપેલી ત્રણે વિગતો સાચી. શાઉલનું મૃત્યુ નિપજાવવામાં આ ત્રણે બાબતો કારણભૂત બની હતી.

## ૨૬. અયૂબ માણસના પુનરુત્થાનનો નકાર કરે છે કે, પુનરુત્થાનમાં માને છે ?

**પ્રશ્ન :** અયૂબના પુસ્તકમાં અયૂબના મુખમાંથી નીકળતાં બે પ્રકારનાં વચનો આપવામાં આવ્યાં છે : એકમાં તે માણસના પુનરુત્થાનનો નકાર કરે છે, અને બીજામાં પુનરુત્થાનને તે માન્ય રાખે છે. તો એ પરથી શું ધારવું ?

**જવાબ :** બાઈબલના વિરોધીઓ એમ માને છે કે અયૂબ ૧૯ મા અધ્યાયમાં પુનરુત્થાનને જેટલા ભારપૂર્વક માન્ય રાખે છે, એટલા જ ભારપૂર્વક તે ૧૪ મા અધ્યાયમાં પુનરુત્થાનને નકારી કાઢે છે. આપણે પ્રથમ તો એ બંને ફકરાઓ જોઈએ.

**અયૂબ ૧૪:૧૦-૧૨.** પણ માણસ મરે છે અને ક્ષય પામે છે; હા, માણસ પ્રાણ છોડે છે, અને તે ક્યાં છે ? જેમ સમુદ્રમાંથી પાણી ઊડે

જાય છે, અને નદી ક્ષીણ થઈને સુકાઈ જાય છે, એમ માણસ સૂઈ જઈને પાછો ઊઠતો નથી; આકાશો નષ્ટ થશે ત્યાં સુધી તે જાગશે નહિ, અને તેને ઊંઘમાંથી ઉઠાડવામાં આવશે નહિ.'' (વળી ૧૪મી કલમ પણ જોઈએ) ''શું મૂએલો માણસ સજીવન થાય ?''

**અયૂબ ૧૯:૨૫-૨૭ :** ''પણ હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે. આખરે તે પૃથ્વી પર ઊભો રહેશે; મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ વગર શરીરે હું દેવને જોઈશ; તેને હું પોતાની મેળે જોઈશ, મારી આંખો તેને જોશે, બીજાની નહિ.''

બાઈબલ વિરોધીઓ, ઉપર જોયું તેમ, કહે છે કે અયૂબ પહેલા ફકરામાં માણસના પુનરુત્થાનને નકારી કાઢે છે, અને કહે છે કે ''શું મૂએલો માણસ સજીવન થાય ?'' અને બીજા ફકરામાં અયૂબ પુનરુત્થાન થશે એવી ખાતરી બતાવે છે.

કેટલાક વિશ્વાસ ધરાવનાર ખ્રિસ્તીઓને પણ મૂંઝવણ થાય છે કે પહેલો ફકરો અયૂબે ઈશ્વરની પ્રેરણા વગર લખ્યો કે શું ? તેમને એમ પણ શંકા થાય છે કે બાઈબલનાં આવાં બધાં વચનો ઈશ્વરપ્રેરિત હોઈ શકે કે કેમ ? તેઓ એમ માની લે છે કે ૧૪ મા અધ્યાયમાં હજી અયૂબને ઈશ્વરની પ્રેરણા મળી નહોતી.

કેટલાક એમ માને છે કે અયૂબ અતિ દુઃખને લઈને ખૂબ નિરાશ થઈ ગયો હતો, એટલે એ શ્રદ્ધા ખોઈ બેઠો હતો. એટલે જ મૂએલાંના પુનરુત્થાનને તે નકારી કાઢે છે. જ્યારે બીજા કેટલાકનું માનવું એવું છે કે ઈશ્વર સંબંધી અને પુનરુત્થાન સંબંધીનું પ્રકટીકરણ અયૂબને ક્રમશઃ ક્રમશઃ થયું. એટલે ૧૪મા અધ્યાયમાં હજી મૂએલાંના પુનરુત્થાન સંબંધી અયૂબને પ્રકટીકરણ યા ઈશ્વરી જ્ઞાન પ્રાપ્ત થયું નહોતું, જ્યારે ૧૯મા અધ્યાય સુધીમાં અયૂબને માણસના પુનરુત્થાન સંબંધી સ્પષ્ટ પ્રકટીકરણ યા ઈશ્વરી જ્ઞાન થયું.

પણ ઉપર જણાવેલા બધા મતો ગેરસમજૂતીવાળા છે, કારણ કે ૧૪મા અધ્યાયમાં આપેલાં અયૂબનાં વચનોનો તેઓ ખોટો અર્થ કરે છે.

બાઈબલનાં વચન બરાબર ન સમજવાને લીધે આવી ગેરસમજૂતીઓ પ્રવેશવા પામે છે. બાઈબલ ચોક્કસપણે ક્યા શબ્દો વાપરે છે તે બરાબર સમજી લેવું જોઈએ. અયૂબના ૧૪ મા અધ્યાયમાં બહુ સ્પષ્ટ રીતે પુનરુત્થાનની ખાતરી દર્શાવી છે. અયૂબ કહે છે કે **"આકાશો નષ્ટ થશે ત્યાં સુધી તે (મૂએલાં માણસ) જાગશે નહિ."** એટલે કે આકાશો ટકશે ત્યાં સુધી મૂએલાંનું પુનરુત્થાન નહિ થાય. પણ 'આકાશ તથા પૃથ્વી ટળી ગયા પછી' પુનરુત્થાન થશે.

બાઈબલનું આ શિક્ષણ એક – બે જગાએ નહિ, પણ બાઈબલમાં અનેક ઠેકાણે આપવામાં આવ્યું છે. જૂનાં આકાશ તથા જૂની પૃથ્વી ટળી જશે, અને એની જગાએ નવું આકાશ અને નવી પૃથ્વી અસ્તિત્વમાં આવશે. જુઓ દાવિદ ભક્તનું શિક્ષણ ગીતશાસ્ત્ર ૧૦૨:૨૫, ૨૬. ''પૂર્વે તેં પૃથ્વીનો પાયો નાખ્યો છે; અને આકાશો તારા હાથનું કામ છે. તેઓ નાશ પામશે, પણ તું ટકી રહેશે; વસ્ત્રની પેઠે તેઓ સર્વ જીર્ણ થઈ જશે. લૂગડાની પેઠે તું તેઓને બદલશે, અને તેઓ બદલાઈ જશે.'' યશાયા પણ એવું જ શીખવે છે. યશાયા ૫૧;૫. ''તમે તમારી દૃષ્ટિ આકાશ ભણી ઊંચી કરો ને નીચું જોઈને પૃથ્વીને નિહાળો. કેમ કે આકાશ ધુમાડાની પેઠે જતું રહેશે ને પૃથ્વી વસ્ત્રની પેઠે જીર્ણ થઈ જશે......'' વળી પ્રકટીકરણમાં ૨૧:૧માં એમ જ લખેલું છે; ''પછી મેં નવું આકાશ તથા નવી પૃથ્વી જોયાં: કેમ કે પહેલું આકાશ તથા પહેલી પૃથ્વી જતાં રહેલાં છે.'' સંત પિતર બહુ સ્પષ્ટ લખે છે (૨ પિતર ૩:૭, ૧૦): ''પણ હમણાંનાં આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના દિવસ સુધી રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે...પણ જેમ ચોર આવે છે તેમ પ્રભુનો દિવસ આવશે. તે વેળાએ આકાશો મોટી ગર્જનાસહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે...''

૨ પિતર ૩:૭માં જણાવેલો ન્યાયકાળ ક્યારે આવશે ? જવાબ માટે જુઓ પ્રકટીકરણ ૨૦:૧૧,૧૨. "પછી મેં મોટું શ્વેત રાજ્યાસન જોયું, અને તેના પર બેઠેલા પુરુષને જોયો તેની સંમુખથી પૃથ્વી તથા આકાશ જતાં રહ્યાં; અને તેઓને સારુ કોઈ સ્થાન મળ્યું નહિ. પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં... ...તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો." જૂનાં આકાશ તથા જૂની પૃથ્વીના વિનાશ વખતે આ મૂએલાં ઊઠશે અને તેઓનો ન્યાય થશે. અયૂબના ૧૪મા અધ્યાયમાં આ જ ન્યાયકાળ (વિનાશના ન્યાયકાળ) વિષે અયૂબ કહે છે. તે કહે છે : "આકાશો નષ્ટ થશે ત્યાં સુધી તે જાગશે નહિ, અને તેને ઊંઘમાંથી ઉઠાડવામાં આવશે નહિ'' (૧૪ : ૧૨). એમ,. ઊલટું, અયૂબનાં આ વચનો પુનરુત્થાનની ખાતરી આપનારાં છે. અહીં સ્પષ્ટ છે કે અયૂબ પુનરુત્થાનમાં માને છે. તેરમી કલમ આ ખાતરીને વધુ સ્પષ્ટ કરે છે.

હા, અયૂબ ૧૪:૧૦-૧૨માં બીજા પુનરુત્થાન વિષે, એટલે કે પાપીઓના પુનરુત્થાન વિષે બોલે છે; અને ૧૯ : ૨૫-૨૭માં ન્યાયીઓના પુનરુત્થાન વિષે બોલે છે. ઈશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર વ્યક્તિ તરીકે અયૂબ ખાતરીપૂર્વક માને છે કે પોતે મરી ગયા પછી પણ ન્યાયીઓના પુનરુત્થાનમાં પાછો ઊઠશે. "પણ હું જાણું છું કે મારો ઉદ્ધારનાર જીવે છે. આખરે તે પૃથ્વી પર ઊભો રહેશે; મારી ચામડીનો આવી રીતે નાશ થયા પછી પણ વગર શરીરે હું દેવને જોઈશ; તેને હું પોતાની મેળે જોઈશ. મારી આંખો તેને જોશે, બીજાની નહિ'' (અયૂબ ૧૯ : ૧૨). આમાં અયૂબ બે બાબતો સ્પષ્ટ માને છે અને જણાવે છે : (૧) "હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે. અને આખરે તે પૃથ્વી ઉપર ઊભો રહેશે." એટલે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે મારો ઉદ્ધારનાર છે તે આકાશમાંથી પૃથ્વી ઉપર પાછો ઊતરશે, – તેનું પુનરાગમન થશે. આને

(૨) હું પણ પાછો ઊઠીશ, અને એ મારા ધન્ય ઉદ્ધારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને નજરોનજર જોઈશ, હા, ભેટીશ. ''તેને હું પોતાની મેળે જોઈશ, મારી (પોતાની) આંખો તેને જોશે, બીજાની નહિ.'' પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ન્યાયીઓનું જે પુનરુત્થાન થનારું છે તેમાં પોતે ઊઠશે એની અયૂબને કેટલી બધી ખાતરી છે !

દુઃખની વાત છે કે ૨૬ મી કલમના ખોટા ગુજરાતી તરજુમાને લઈને ગુજરાતીમાં આ કલમ વાંચનારને ઊલટો અને ખોટો અર્થ મળે છે. મૂળ હિબ્રૂ પાઠનો અંગ્રેજીનો કોઈ પણ જૂનો કે નવો તરજુમો જુઓ (સિવાય આર. એસ. વી.) તો ત્યાં સ્પષ્ટ આપેલું છે કે, **"મારા પોતાના શરીરે હું જોઈશ,"** જ્યારે ગુજરાતીમાં ઊલટું જ આપ્યું છે : **"વગર શરીરે હું દેવને જોઈશ.''**

અંગ્રેજી તરજુમાકારોએ આ કલમના તેમના તરજુમા માટે 'મારજીનલ રીડિંગ' (હાસિયામાં આપેલો પાઠ) ન લેતાં મુખ્ય પાઠ લીધો છે, જ્યારે આર. એસ. વી. અને ગુજરાતીએ 'હાસિયામાંનો પાઠ લીધો છે. જુઓ N. E. B. : And I Shall discern my Witness standing at my side, and see my defending counsel, even God himself, whom I shall see with my own eyes, I myself and no other. વળી જુઓ : New International Version : ''And after my skin has been destroyed, Yet in my flesh I will see God.'' વળી જુઓ ગુડ ન્યુઝ બાઈબલ : ''Even after my skin is eaten by disease, while still in this body I will see God.'' એ બધાએ નીચેના ગુજરાતીના જેવો નીકળતો અર્થ હાસિયામાં આપ્યો છે. રીવાઈઝ સ્ટાન્ડર્ડ વર્ઝને (આર. એસ. વી.એ) ઊલટું કર્યું છે.

## ૨૭. ઈસુ ખ્રિસ્ત પિતાની સમકક્ષ કે ઊતરતા ?

**પ્રશ્ન :** આપણે વિશ્વાસનામામાં કબૂલ કરીએ છીએ કે ત્રૈએક ઈશ્વરમાંની ત્રણ વ્યક્તિ સમકક્ષ એટલે કે સરખી છે. પણ નવા કરારની કેટલીક કલમો પ્રભુ ઈસુને પિતાથી ઊતરતા દર્શાવે છે. દા.ત. યોહાન ૧૪:૨૮માં પ્રભુ ઈસુ પોતે જ કહે છે : ''મારા કરતાં બાપ મોટો છે.''

**જવાબ :** પ્રભુ ઈસુ દેહધારી થઈને પૃથ્વી પર આવ્યા ત્યારે તેમણે પોતાના દેવત્વમાંથી યા ઈશ્વરીપણામાંથી કંઈ પણ ત્યજ્યું નહોતું કે ઓછું કર્યું નહોતું. તે સંપૂર્ણ માણસ બન્યા, પણ સાથે સાથે સંપૂર્ણ ઈશ્વર પણ રહ્યા. પ્રભુ ઈસુમાં સો ટકા ઈશ્વરપણું અને સો ટકા માનવીપણું અજાયબ રીતે એકાકાર બનેલાં હતાં. પણ પ્રભુ ઈસુ જ્યારે કહે છે કે, ''મારા કરતાં બાપ મોટો છે.'' ત્યારે એનો અર્થ એટલો જ કે માનવ દેહધારીપણા દરમિયાન તેમણે પોતાનો મહિમા યા ગૌરવ માનવદેહમાં ઢાંકીઢબૂરી દીધાં. પોતાનો સ્વર્ગીય મહિમા તેમણે ઊતારી મૂક્યો. એમણે પોતાનો દૈવી સ્વભાવ ત્યજ્યો કે ઉતારી મૂક્યો નહોતો, પણ પોતાનો સ્વર્ગીય મહિમા થોડા સમય માટે જાણે કે ઉતારી મૂક્યો હતો. ''મારા કરતાં બાપ મોટો છે,'' એમ કહેવામાં પ્રભુ ઈસુ આમ કહેવા માગે છે કે 'દીન બનેલો ઈશ્વર મહિમામાં બિરાજિત ઈશ્વર કરતાં ગૌણ છે.' પણ પોતાના દીનપણામાં પ્રભુ ઈસુ ઈશ્વરના કરતાં ઓછા હતા એવું પ્રભુ ઈસુ કહેવા માગતા નથી.

આ કલમનો ઉપયોગ કરીને ઘણા બિન-ખ્રિસ્તી વિરોધી તેમ જ ખ્રિસ્તી 'મોડર્નિસ્ટો' (નવતરવાદીઓ) એમ ભાર મૂકે છે કે પ્રભુ ઈસુ - માત્ર માણસ હતા, અને એમનામાં દૈવીપણું માત્ર જૂજ અંશમાં હતું. પણ આપણે જોયું તેમ આ કલમ એવું કંઈ જ કહેતી નથી. પ્રભુ ઈસુ આવી ગેરસમજૂતીઓ વિષે સદા સજાગ હતા. એટલે જ તેમણે વારંવાર એ સ્પષ્ટ કર્યું કે ગુણ, સત્ત્વ અને સ્વભાવમાં ઈશ્વર પિતાની સાથે તે સમાન

હતા (યોહાન ૧૦:૩૩). માત્ર તેમણે પોતાનું ગૌરવ થોડા સમય માટે માંસ અને ચામડીના શરીરમાં ઢાંકી દીધું હતું, – ઢબૂરી દીધું હતું. રૂપાંતરના પહાડ ઉપર એ ગૌરવ યા રૂપ તેમણે પાછું થોડી પળો માટે ધારણ કર્યું પણ હતું.

ત્રૈએક ઈશ્વર પોતાની ત્રણેય વ્યક્તિમાં, એટલે કે પિતા, પુત્ર, અને પવિત્ર આત્મામાં સમકક્ષ હતા. એ ત્રણ મળીને એક હતા. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દેવત્વ કદીયે ઊણું બન્યું નહોતું. ખુદ શ્રાપિત ક્રૂસ ઉપર આરૂઢ ખ્રિસ્તમાં પણ ઈશ્વર હતા, અને જગતનું પોતાની સાથે સમાધાન કરાવી રહ્યા હતા (૨ કોરિંથી ૫:૧૯).

પ્રભુ ઈસુએ માનવી દેહધારીપણાના પૃથ્વી પરના પોતાના સમય પૂરતું સ્વર્ગીય મહિમા ઉતારી મૂક્યો હતો, પણ ઉત્થાન બાદ તે પાછો ધારણ કરવાના હતા એ વિષે પ્રભુ ઈસુના જ શબ્દો જુઓ : ''હે બાપ, સમય આવ્યો છે; તું તારા દીકરાને મહિમાવાન કર...હવે, હે બાપ, જગત ઉત્પન્ન થયા અગાઉ તારી સાથે જે મહિમા હું ભોગવતો હતો તે વડે તું હમણાં પોતાની સાથે મને મહિમાવાન કર'' (યોહાન ૧૭:૨,૫). [આ વિષે વધુ જાણવા વાંચો : 'બાઈબલ અભ્યાસ,' રેવ. જયાનંદ આઈ. ચૌહાન કૃત, ભાગ ૧ લો. પૃષ્ઠ ૧૫-૧૮].

## ૨૮. ગિરિપ્રવચનનાં બે વૃત્તાંતમાં તફાવત કેમ ?

**પ્રશ્ન** : 'પહાડ પરના ભાષણ'નું એક વૃત્તાંત માથ્થી ૫ થી ૭ અધ્યાયોમાં આપવામાં આવ્યું છે, અને બીજું વૃત્તાંત લૂક ૬:૨૦-૪૯માં આપ્યું છે. પણ એ બંનેમાં ઠીક ઠીક ફરક દેખાય છે. એમ કેમ ? દાખલા તરીકે માથ્થીમાં આપ્યું છે : ''આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે'' (માથ્થી ૫:૩). જ્યારે લૂકમાં શિષ્યોને સંબોધીને પ્રભુ ઈસુ કહે છે : ''ઓ દરિદ્રીઓ તમને ધન્ય છે'' (લૂક ૬:૨૦). એમ જ માથ્થીમાં આપ્યું

છે : ''એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળે છે...'' (માથ્થી ૭:૨૪), જ્યારે લૂકમાં છે : ''હરેક જે મારી પાસે આવે છે, અને મારી વાતો સાંભળે છે...'' (લૂક ૬:૪૭). આવા તફાવતો કેમ ?

**જવાબ :** જો જરાક કાળજીપૂર્વક બંને વૃત્તાંત વાંચીએ તો માલૂમ પડશે કે આ એક જ ભાષણનાં બે પરસ્પર ફેરફારવાળાં વૃત્તાંતો નથી, પણ બે અલગ અલગ ભાષણોનાં વિશ્વાસપૂર્ણ રજૂ કરેલાં વૃત્તાંત છે. માથ્થી ૫:૧માં જણાવ્યું છે કે પ્રભુ ઈસુએ **પહાડ ઉપર જઈને ત્યાં ભાષણ આપ્યું : ''ત્યારે ઘણા લોકોને જોઈને તે પહાડ પર ચડી ગયો.''** વળી તે એકલા જ પહાડ પર ચઢ્યા, કારણ, અંદર આપ્યું છે : ''અને તેના બેઠા પછી તેના શિષ્યો તેની પાસે આવ્યા'' (માથ્થી ૫:૧).

પણ લૂકના વૃત્તાંતમાં આમ લખ્યું છે : ''તે દિવસોમાં તે ઘેરથી નીકળીને કોઈ એક પહાડ પર પ્રાર્થના કરવા ગયો, અને તેણે દેવની પ્રાર્થનામાં આખી રાત કાઢી. દહાડો ઊગ્યો ત્યારે તેણે પોતાના શિષ્યોને બોલાવીને તેઓમાંથી બારને પસંદ કર્યા,...**તે તેઓની સાથે પહાડ પરથી ઊતરીને મેદાનમાં ઊભો રહ્યો,...** તેણે પોતાના શિષ્યો તરફ આંખ ઊંચી કરીને કહ્યું કે,...'' (લૂક ૬:૧૨,૧૩,૧૭,૨૦). માથ્થીથી ઊલટું અહીં લૂકમાં તે પહાડ ઉપર ચઢીને નહિ, પણ પહાડ પરથી ઊતર્યા પછી મેદાનમાં ભાષણ કરે છે. એને 'ગિરિપ્રવચન' કહી શકાય જ નહિ. હા, માથ્થીમાં આપેલા 'ગિરિપ્રવચન'માં અને લૂકમાં આપેલા 'મેદાનના પ્રવચન'માં સામ્ય જોવા મળે છે એ ખરું; પણ એ બંને એક જ ભાષણ છે એમ તો ન જ કહી શકાય.

બીજી વાત કે, માથ્થીમાં આપેલું ભાષણ માથ્થી નામના શિષ્યની પસંદગી કર્યા પહેલાં આપવામાં આવ્યું લાગે છે, કારણ, માથ્થીને પસંદ કરવામાં આવ્યો એ વાત તો છેક માથ્થી ૯:૯માં આપવામાં આવી છે; જ્યારે 'ગિરિપ્રવચન' માથ્થી ૫ થી ૭ અધ્યાયોમાં આપવામાં આવ્યું છે. લૂકમાં 'મેદાનમાંના ભાષણ' વખતે તો બીજા શિષ્યોની સાથે માથ્થી પણ હાજર હતો (લૂક ૬:૧૫).

આમ, આ ભાષણો અલગ અલગ સમયે અને અલગ અલગ સ્થળે આપવામાં આવેલાં ભાષણો છે, અને નહિ કે એક જ ભાષણનાં બે વૃત્તાંત.

## ૨૯. ઈશ્વર એક જ છે, કે ત્રણ મળીને ત્રૈએક છે ?

**પ્રશ્ન :** ખ્રિસ્તી મંડળીના વિશ્વાસનામામાં બાઈબલને આધારે શિખવવામાં આવે છે કે, ઈશ્વર ત્રૈએક છે, એટલે કે પિતા, પુત્ર, તથા પવિત્ર આત્મા એ ત્રણે મળીને એક ઈશ્વર છે. પરંતુ પુનર્નિયમ ૬:૪ માં તો સ્પષ્ટ રીતે આમ આપ્યું છે : **''હે ઈઝરાયલ સાંભળ, યહોવા આપણો દેવ તે એકલો જ યહોવા છે.''**

**જવાબ :** હા, યહૂદીઓ અને ઈશ્વરના ત્રૈએકપણામાં નહિ માનનાર કેટલાક ખ્રિસ્તીઓ (યુનિટેરિયન લોકો) આ કલમને ટાંકીને કહે છે કે ઈશ્વરનું ત્રૈએકપણું એ ખોટો સિદ્ધાંત છે. આપણે એ વિષે જરા ઝીણવટથી જોઈએ.

આ કલમ મૂળ હિબ્રૂ ભાષામાં આ પ્રમાણે લખાયેલી છે : **"શેમા, યીઝરાયલ, અદોનાય એલોહિનુ અદોનાય એખાદ."** પ્રત્યેક ધાર્મિક યહૂદીએ દિવસમાં એકાદ વખત પણ આ વાક્ય ઉચ્ચારવું જ જોઈએ એવું ફરમાન છે. શેમા=સાંભળ; અદોનાય=યહોવા; એલોહિનુ=દેવ યા ઈશ્વર; એખાદ=એક જ (અહીં ગુજરાતીમાં એનો તરજુમો 'એકલો જ' કર્યો છે. અંગ્રેજી તરજુમાઓમાં (Only) ઓન્લી નહિ, પણ (one) 'વન' કર્યો છે). 'અદોનાય'નું 'યહોવા' કર્યુ છે, એનું કારણ જોઈએ. 'યહોવા શબ્દ બહુ પવિત્ર મનાતો. એટલે એ શબ્દ યહૂદીઓ કદી વાપરતા નહિ, પણ તેને બદલે 'અદોનાય' વાપરતા. મૂળ હિબ્રૂમાં તો 'યહોવા' નહિ, પણ 'યહવહ' હતું. સ્વરો પાછળથી આવ્યા. અને યહોવામાંના સ્વરો 'ઓ' અને 'આ' 'અદોનાય'માં મૂકવામાં આવ્યા. એમ યહૂદીને મન અતિ

પવિત્ર અને અનઉચ્ચારણીય નામ 'યહોવા'ને બદલે 'અદોનાય' વપરાવા લાગ્યું. હિબ્રૂમાં પાછળનો 'હ' લખાય છે ખરો (યહોવાહ), પણ ઉચ્ચારવામાં પડતો મુકાયો છે. એમ અરબીમાં પણ છેલ્લો 'હ' લખાય છે ખરો (અલ્લાહ), પણ ઉચ્ચારવામાં પડતો મુકાય છે. પરંતુ ગુજરાતી ભાષા 'ફોનેટીક' (ધ્વનિસમ લખાણવાળી) હોવાથી બોલાય તેટલું જ અને તેવું જ લખાય, અને લખાય તેવું જ બોલાય. એટલે ગુજરાતીમાં 'હ'કાર પડતો મુકાય છે, અલ્લા, યહોવા. 'અદોનાય' એટલે શેઠ, માલિક, પ્રભુ, ધણી, વગેરે.

પણ આ કલમમાંનો 'એલોહિનુ' શબ્દ બહુ અભ્યાસ માગી લે છે. 'એલોહિનુ' એટલે ''આપણો દેવ'' યા ''આપણો ઈશ્વર.'' 'એલોહિમ' એટલે ઈશ્વર. અને એને પ્રત્યય લગાવાથી 'એલોહિનુ' બન્યો, એટલે કે 'આપણો ઈશ્વર'. હવે આ 'એલોહિમ' નામ એ સંયુક્ત બહુવચનમાં એકવચન છે. 'સરાફ'નું બહુવચન 'સરાફિમ'; 'કરુબ'નું બહુવચન 'કરુબિમ'; અને 'શમા' (=આકાશ)નું બહુવચન 'શમાઈમ'. એ જ પ્રમાણે 'એલોહ' (=દેવ)નું બહુવચન 'એલોહિમ' (=દેવો) થાય. એ બહુવચન 'એલોહિમ'ને પ્રત્યય લાગીને આ કલમમાં 'એલોહિનુ' (આપણો દેવ) બન્યું. પણ નામ સંયુક્ત બહુવચનમાં એકવચન છે. અહીં એની પાછળ પહેલા પુરુષના બહુવચનનું સંબંધી રૂપ લગાડવામાં આવ્યું હોવાથી એનો અર્થ કંઈક આવો થાયઃ હે ઈઝરાયલ, સાંભળ, યહોવા આપણા દેવો તે એકલો જ (=એક જ) યહોવા છે. અથવા નવા કરારના તરજુમા પ્રમાણે એ વાક્ય આમ મુકાય : 'પ્રભુ આપણા દેવો તે એક જ ઈશ્વર છે.' પણ એ 'એલોહિમ' 'યુની-પ્લુરલ' યા બહુવચનમાં એકવચન છે. અથવા સંયુક્ત રૂપમાં એકવચન છે. ઈશ્વરપ્રેરિત બાઈબલ-વચનોમાં ઈશ્વરનું ત્રૈએકપણું દર્શાવવાને માટે આ કેવી અજાયબ વ્યવસ્થા ! સંયુક્ત વચનમાં એકવચનવાળું નામ ! એમ, યહૂદીઓ અને યુનિટેરિયનો ઈશ્વરના ત્રૈએકપણાના વિરોધના પુરાવા તરીકે જે કલમનો ઉપયોગ કરે છે, એ

જ કલમ એના બબ્બે શબ્દો દ્વારા ત્રૈએકપણાની હકીકતને છતી કરે છે. પહેલો શબ્દ તે આ 'એલોહિનુ' અને બીજો શબ્દ 'એખાદ'.

'એખાદ' એટલે 'એક' અથવા 'એક જ' અથવા 'એકમાત્ર' થાય છે. આ 'એખાદ' એ પણ બહુવચનના ભાવાર્થમાં એકવચન છે. અસલ એ સામૂહવાચક કે સમુદાયવાચક કે જથ્થાવાચક એકવચન છે. જેમ કે "ટોળું" એ એકવચન છતાં સમૂહ યા જથ્થો દર્શાવે છે. એવા બીજા શબ્દો "સંઘ", "ઝૂડો', 'જથ્થો', 'મંડળી', ઈત્યાદિ છે. એવું જ આ 'એખાદ' વિષે પણ છે. ત્રૈએક ઈશ્વર એ એકવચન હોઈ એમાં ત્રિવ્યક્તિનું સૂચન સમાયેલું છે : પિતા, પુત્ર, અને પવિત્ર આત્મા. એ સંયુક્ત બહુવચનમાં એકવચન છે.

પણ હિબ્રૂ ભાષામાં સંપૂર્ણ યા વિશિષ્ટ 'એક' દર્શાવવા બીજો જ એટલે કે "યાખીદ' શબ્દ છે. આ 'યાખીદ'માં બહુવચન આ સંયુક્તતાની રજમાત્ર ભાવના નથી. તદ્દન અને સંપૂર્ણ 'એકડે એક' દર્શાવવા હિબ્રૂમાં આ "યાખીદ' શબ્દ વપરાય છે. એ 'યાખીદ' આ વાક્યમાં (પુનર્નિયમ ૬:૪માં) વપરાયો નથી, પણ આગળ જોયું તેમ, સમૂહવાચક એકવચન દર્શાવતો 'એખાદ' વાપર્યો છે. અને એ 'ત્રૈએકપણું' સૂચવવા ઈશ્વરી પ્રેરણા દ્વારા વાપરવામાં આવ્યો એ કેટલું બધું અર્થપૂર્ણ છે !

એ પ્રમાણે, આ કલમના જુદા જુદા શબ્દોના ભાવાર્થ લઈને મુક્ત અનુવાદ કરીએ તો કંઈક આવો અર્થ નીકળે : "પ્રભુ આપણો ત્રૈએક ઈશ્વર એ જ એકમાત્ર ત્રૈએક પ્રભુ છે."

હિબ્રૂ શબ્દો જોવા જ આપણે બેઠા છીએ તો બીજી એકબે જગાએ જોઈ લઈએ. ઉત્પત્તિ ૧:૧માં 'દેવ' શબ્દ વપરાયો છે : "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં." આ 'દેવ' શબ્દને માટે હિબ્રૂમાં અહીં "એલોહિમ" શબ્દ વાપર્યો છે. આપણે ઉપર જોઈ ગયા તેમ, આ "એલોહિમ' શબ્દ બહુવચનમાં છે, પણ જ્યારે સત્ય ઈશ્વર માટે વપરાય ત્યારે એનો અર્થ એકવચનમાં લેવાનો હોય છે. ઉત્પત્તિ ૧:૨૬ માં "અને

દેવે કહ્યું કે આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ,'' એમાં આ 'એલોહિમ'માં (દેવમાં) જે ત્રૈએકતા છે તે દર્શાવાયું છે : 'આપણે' 'બનાવીએ'. અને ૧:૨૭માં દેવપણાની સત્ત્વની જે 'એકતા' સમાયેલી છે તે દર્શાવાયું છે : ''એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું, તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં.''

એમ જ ઉત્પત્તિ ૩:૨૨ માં એ જ અર્થમાં ત્રૈએકપણાની નિશાની દર્શાવાઈ છે : ''અને યહોવા દેવે (એલોહિમે) કહ્યું કે, જુઓ, તે માણસ **આપણામાંના એકના સરખો** ભલુંભૂડું જાણનાર થયો છે.'' એમ જ ઉત્પત્તિ ૧૧:૬:૭માં પણ વપરાયું છે : ''અને યહોવાએ કહ્યું કે, જુઓ, આ લોકો એક છે,...**ચાલો, આપણે** ત્યાં ઊતરીએ, ને તેઓની ભાષા ઉલટાવી **નાખીએ,...**'' આમાં પણ ત્રૈએકપણું જ દર્શાવવામાં આવ્યું છે.

## ૩૦. પાસ્ખા એટલે શું ?

**પ્રશ્ન :** પાસ્ખા એટલે શું ? પાસ્ખા પાળવામાં હલવાન કાપવું જરૂરી છે ? તો હાલમાં યહૂદી લોકો કેમ પાસ્ખા પાળતી વખતે હલવાન કાપતા નથી ?

**જવાબ :** 'પાસ્ખા' એટલે 'પડતું મૂકવું.' હિબ્રૂમાં 'પેસેખ', ગ્રીકમાં 'પાસ્ખા', અરામી ભાષામાં લખાતા 'પાસ્ખા' શબ્દના ઉચ્ચાર પ્રમાણેની જોડણી ગ્રીકમાં અપનાવી છે. અંગ્રેજીમાં 'પાસ્સોવર'; અને ગુજરાતીમાં ગ્રીક અથવા અરામી 'પાસ્ખા' વપરાય છે. મિસરની ગુલામગીરીમાંથી ઈશ્વરે ઇઝરાયલ પ્રજાને મોશેની મારફતે છોડાવવા માટે મિસરી ઘરોમાંથી પ્રથમજનિતને મારી નાખ્યા તે રાત્રે ઇઝરાયલી કુટુંબોને ઈશ્વર તરફથી ફરમાન હતું કે તેઓ તેમના ઘરના બારણા ઉપર લોહીનો છંટકાવ કરે, જેથી મૃત્યુ તેમના ઘરોમાં પ્રવેશે નહિ.

આ વિધિ માટે પ્રત્યેક કુટુંબે એક ખોડખાંપણ વગરનું હલવાન લઈને કાપવાનું હતું, અને કાપેલા હલવાનને અગ્નિમાં શેકીને ઓતરંગ ઉપર છાંટવાનું હતું. એની સાથે બેખમીર રોટલી અને કડવી ભાજી ખાવાની હતી. વર્ષના પ્રથમ માસ 'નિસાન' માસની ૧૪મીની રાત્રે તેઓ મિસરથી નીકળ્યા, તેની યાદગીરી તરીકે વર્ષોવર્ષ આ પાસ્ખાનું પર્વ (પેસેખ) તેઓએ પાળવાનું હતું.

પણ એ પર્વની ઉજવણી પાછળ ઈશ્વરનું ઊંડું રહસ્ય તથા યોજના સમાયેલાં હતાં. જગતની અને પાપની ગુલામગીરીમાં સૌ મનુષ્યોને મુક્ત કરવા માટે ઈશ્વરનો હલવાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર આવવાનો હતો, અને ક્રૂસ પર બલિ બની જવાનો હતો. એની પૂર્વછાયા તરીકે આ પેસેખ પર્વ ઈશ્વરે સ્થાપ્યું હતું. બાઈબલ વારંવાર જણાવે છે કે, ''લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી'' (હિબ્રૂ ૯:૨૨).

આદમ અને હવાના પાપને કારણે તેમની ઉઘાડી પડેલી લાજ ઢાંકવા ઈશ્વરે હલવાન કાપી, તેના ચામડાનાં વસ્ત્ર બનાવીને તેમને પહેરાવ્યાં. પાછળથી વેદી પર ચઢાવવામાં આવતાં યજ્ઞો અને બલિદાનો પણ પાપીને માટે નિર્દોષનું લોહી વહેવડાવવાના પ્રતીકરૂપ હતાં. ભવિષ્યમાં ક્રૂસ પર સાચો બલિ બનનાર પ્રભુ ઈસુની એ પૂર્વછાયાઓ હતી.

''હલવાન એબ (ખોડખાંપણ) રહિત તથા પહેલા (એક) વર્ષનો નર હોવો જોઈએ'' (નિર્ગમન ૧૨:૫). પ્રભુ ઈસુ પરમ પવિત્ર પરમેશ્વર હતા; તેમનામાં કોઈ પાપ નહોતું, એટલે જ પ્રભુ ઈસુની પૂર્વછાયા સમું હલવાન ખોડખાંપણ રહિત હોવું જોઈએ. ''આ (નિસાન) માસને દશમે દિવસે... હલવાન લેવું...અને તે જ માસના ચૌદમા દિવસ સુધી તમારે તે રાખી મૂકવો; અને ઈઝરાયલની આખી મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો'' (નિર્ગમન ૧૨:૩,૬). દશમા દિવસે હલવાન લઈને રાખી મૂકવાનો હતો, અને ચૌદમા દિવસની સાંજે કાપવાનો હતો. એ બધી વિગત પ્રભુ ઈસુના પ્રતીકરૂપ હતી. જેમ વેદી ઉપર મુકાયેલા ઈસહાકને

બદલે વધ કરાનાર હલવાન ક્યારનોયે ઝાડીમાં ઈશ્વરે રાખ્યો હતો. એમ ઈશ્વરનો ખરો હલવાન પ્રભુ ઈસુ બલિદાન બનવા માટે જગતના મંડાણની અગાઉ રાખી મૂકવામાં આવ્યો હતો. **"સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના"** (પ્રકટી. ૧૩:૮). **"તે તો જગતના મંડાણ અગાઉ નિર્માણ થયેલો હતો ખરો, પણ તમારે સારુ આ છેલ્લા કાળમાં તે પ્રગટ થયો"** (૧ પિતર ૧:૨૦). એમ, પાપી માનવને માટે બલિ બની જવા પ્રભુ ઈસુ, પેલા હલવાનની જેમ, અગાઉથી તૈયાર રાખવામાં આવ્યા હતા, પણ સમયની સંપૂર્ણતાએ તે પૃથ્વી પર જન્મ્યા અને ક્રૂસ પર વધેરાયા.

નિસાન માસના ચૌદમા દિવસની સાંજે પાસ્ખાનો હલવાન કાપવાનું ફરમાન હતું. એ જ પ્રમાણે પ્રભુ ઈસુ નિસાન માસના ૧૪ મા દિવસની સાંજે મર્યા. એ નિસાન માસ હતો, અને પાસ્ખાનું પર્વટાણું આવ્યું હતું (યોહાન ૧૯:૧૪,૩૧). સવારના નવ વાગે તેમને ક્રૂસે જડવામાં આવ્યા, (''દિવસને ત્રીજે કલાકે'' માર્ક ૧૫:૨૫). અને યરુશાલેમના મંદિરમાં સાંજના અર્પણની વેળાએ, એટલે કે ઢળતી સાંજના ત્રણ વાગે (''નવમી હોરા'' માથ્થી ૨૭:૪૬, ૫૦. ''નવમા કલાકે,'' માર્ક ૧૫:૩૪. વળી જુઓ લૂક ૨૩:૪૪-૪૬.) તેમણે પ્રાણ છોડ્યા – યરુશાલેમના મંદિરમાં સાંજના અર્પણ માટે બલિ વધેરાતો હતો બરાબર તે જ સમયે. ૧ કોરિંથી ૫ : ૭ પ્રમાણે ''આપણા પાસ્ખાયજ્ઞ ખ્રિસ્તનું બલિદાન પણ આપણી વતી આપવામાં આવ્યું છે.''

''અને તેઓ તે જ રાતે તે માંસ અગ્નિમાં શેકીને **બેખમીર રોટલી સાથે ખાય,** (નિર્ગમન ૧૨ : ૮). આ પર્વમાં ફક્ત બેખમીર રોટલી જ વાપરવાનો હુકમ હતો. બાઇબલમાં બધે જ ખમીર ભૂંડાઈ તથા ભેળસેળની ઉપમા તરીકે વપરાયું છે. પ્રભુ ઈસુ તો સંપૂર્ણ પાપ રહિત છે, એ દર્શાવવા તેમના પ્રતીકરૂપ 'પાસ્ખાપર્વમાં' ખમીર બિલકુલ વાપરવાનું નહોતું, એટલું જ નહિ પણ એ દિવસો દરમિયાન એમનાં ઘરોમાંથી ખમીર દૂર કરવાનું હતું. નિર્ગમન ૧૨ : ૧૮-૨૦ જણાવે છે : ''પહેલા

(નિસાન) માસના ચૌદમા દિવસની સાંજથી માંડીને તે માસના એકવીસમા દિવસની સાંજ સુધી તમારે બેખમીર રોટલી ખાવી. સાત દિવસ તમારાં ઘરોમાં કંઈ પણ ખમીર રહેવું ન જોઈએ; કેમ કે જે કોઈ ખમીરી વસ્તુ ખાય તે માણસ ઈઝરાયલની જમાતમાંથી નાબૂદ કરાશે, પછી તે પરદેશી હોય કે એતદેશી હોય. કંઈ પણ ખમીરી વસ્તુ તમારે ખાવી નહિ; તમારાં સર્વ રહેઠાણોમાં તમારે બેખમીર રોટલી ખાવી.''

પાસ્ખાની સાંજ પછી સાંજે છ વાગે ૧૫ મો દિવસ શરૂ થતો. એ પંદરમાથી એકવીસમા દિવસ સુધી ઈઝરાયલીઓએ બેખમીરી રોટલીનું પર્વ" પાળવાનું હતું. 'બેખમીરી રોટલીનું પર્વ' વિશ્વાસી જનોની ખ્રિસ્ત સાથેની નિકટ સંગત સૂચવે છે. 'પાસ્ખા' એ પ્રભુ ઈસુનું મૃત્યુ, અને સાથે સાથે જગત સંબંધીનું આપણું મૃત્યુ પણ સૂચવે છે. નવા જીવનમાં પાપરહિત ખ્રિસ્તની સંગતમાં છીએ ત્યાં પાપ ન હોય, એટલે જ આ બેખમીરી પર્વના ટાણે ઈઝરાયલી ઘરો અને રહેઠાણોમાંથી ખમીર દૂર કરવાનું હતું.

''તેઓ તે કડવી ભાજી સાથે ખાય'' (નિર્ગમન ૧૨ : ૮). મિસરમાં ઈઝરાયલ પ્રજાને જે કપરી ગુલામી કરવી પડતી હતી, અને એની કપરી યાતના ભોગવવી પડતી હતી, તેની યાદગીરી તરીકે પાસ્ખાના છુટકારાના પર્વમાં કડવી ભાજી ખાવાની હતી.

''અને તેના (પાસ્ખાના કાપેલા હલવાનના) રક્તમાંથી લઈને જે ઘરોમાં તેઓ તે (હલવાનનું માંસ) ખાય તેમની બન્ને બારસાખો ઉપર તથા ઓતરંગ ઉપર તેઓ છાંટે'' (નિર્ગમન ૧૨:૭). ''તમે જે ઘરોમાં રહો છો તે ઉપરનું રક્ત તમારા લાભમાં ચિહ્નરૂપ થશે, અને જ્યારે હું મિસર દેશ પર મરો લાવીશ, ત્યારે હું તે રક્ત જોઈને તમને ટાળી મૂકીશ, ને તમારો વિનાશ કરવાને તમારા પર મરકી આવશે નહિ'' (નિર્ગ. ૧૨:૧૩. વળી વાંચો નિર્ગ. ૧૨ : ૨૨-૨૭).

ઘરમાં હલવાન કાપવામાં આવ્યું હોય, પણ જો ઘરના બારણાની બારસાખો ઉપર તથા ઓતરંગ ઉપર એનું લોહી છાંટવામાં ન આવ્યું હોય, તો એ કંઈ લાભદાયી બનતું નથી. બારણા પર લોહીનો છંટકાવ અતિ આવશ્યક હતો. એમ જ આપણા પાસ્ખાનો હલવાન ક્યારનોયે વધેરાયો છે, પણ જો વ્યક્તિ પોતે પોતાના હૃદયના દ્વાર પર એનો છંટકાવ ન પામે, એટલે કે પ્રભુ ઈસુના મૃત્યુ દ્વારા પ્રાપ્ત થતી 'મુક્તિ'નો વ્યક્તિ પોતે અંગત અનુભવ ન પામે, તો ખ્રિસ્તનું મૃત્યુ એ વ્યક્તિને અનંત મૃત્યુમાંથી કાઢીને અનંતજીવન પમાડી શકતું નથી.

ઝૂફાનો ઝૂડો લઈ, તેને લોહીમાં ઝબોળીને બારણાની બંને બારસાખો ઉપર તથા ઓતરંગ (બારણાના ઉપરના લાકડા) ઉપર લોહીના થાપા મારવામાં આવતા. જમણી તથા ડાબી તરફથી બંને બારસાખો ઉપર થાપા મારવાથી અને પછી ઉપરની ઓતરંગ ઉપર થાપો મારવાથી આપોઆપ ક્રૂસની નિશાની યા સંજ્ઞા બને છે (રોમન કેથોલિક ભાઈઓ જેમ છાતી ઉપર હાથ ફેરવીને ક્રૂસની નિશાની યા સંજ્ઞા કરે છે તેમ જ). ક્રૂસ પર વહેવડાવવામાં આવેલું પ્રભુ ઈસુનું લોહી જ માણસમાત્રને 'મુક્તિ' (ઉદ્ધાર, છુટકારો) બક્ષે છે. પ્રકટીકરણ ૭:૩ માં લખ્યું છે : ''જ્યાં સુધી અમે અમારા દેવના દાસોને તેઓનાં કપાળ પર **મુદ્રા** કરી ન રહીએ, ત્યાં સુધી તમે પૃથ્વીને અથવા સમુદ્રને અથવા ઝાડોને ઉપદ્રવ કરશો નહિ.'' એમાં આવેલા **'મુદ્રા'** શબ્દ માટે હિબ્રૂ કક્કાવારીનો છેલ્લો (૨૩મો) અક્ષર **'તાવ'** લખાતો હતો. હિબ્રૂમાં તાવ એટલે **'મુદ્રા'**. એ **'તાવ'** અક્ષરનો આકાર બિલકુલ ક્રૂસ (+) જેવો હતો. અયૂબ ૩૧:૩૫માં 'ચિહ્ન' માટે એ જ **'તાવ'** વપરાયો છે : ''જો, આ રહ્યું મારું **ચિહ્ન**, સર્વશક્તિમાન મને ઉત્તર આપે તો કેવું સારું !'' હઝકીએલ ૯:૪માં પણ આવેલા શબ્દ **'ચિહ્ન'** માટે એ જ હિબ્રૂ શબ્દ **'તાવ'** વપરાયો છે. અને આપણે જોયું તેમ એ **'તાવ'** ક્રૂસના આકાર જેવો જ લખાતો હતો. (હઝકી. ૯:૪ ''યહોવાએ તેને કહ્યું કે, નગરમાં, એટલે યરુશાલેમમાં...ધિક્કારપાત્ર

કૃત્યોને લીધે નિસાસા નાખતા હોય તથા રડતા હોય તેઓનાં કપાળ પર ચિહ્ન કર.'')

પાસ્ખા પર્વની ઉજવણીમાં સહુથી અગત્યનો ભાગ તો હલવાનને કાપવાનો તથા બારણા ઉપર તેનું લોહી છાંટવાનો હતો. નિર્ગમન ૧૨:૧૪ પ્રમાણે તેમણે (યહૂદીઓએ) વંશપરંપરા નિત્યના વિધિથી આ પર્વ પાળવાનું હતું. પણ યહૂદીઓ આજે લગભગ ૨૦૦૦ વર્ષથી (ઈ.સ. ૭૦ થી માંડીને) હલવાન કાપતા નથી. તેઓ પાસ્ખા પાળે છે ખરા, પણ હલવાન કાપતા નથી. ફક્ત પાસ્ખાના ભોજન વખતે જમણના મેજ ઉપર હલવાનના પગના નળાનું સૂકું હાડકું (હિબ્રૂ : ઝારોઆહ) રાખવામાં આવે છે. તેઓ બેખમીરી રોટલી ખાય છે; અને કડવી ભાજી પણ ખાય છે; પર્વ વખતે પુછાતા ચાર પ્રશ્નો પણ પુછાય છે; પણ હલવાન કાપતા નથી. યહૂદીઓ એના કારણ તરીકે લેવીય ૧૭ : ૩-૭, ૮, ૯ પ્રમાણે જણાવે છે કે દરેક અર્પણ યા બલિદાનને કાપ્યા પછી મુલાકાત મંડપના યા મંદિરના દ્વારા પાસે એને લાવવું જ પડે. ન લાવે તો એ વ્યક્તિ ઉપર ઈશ્વરનો શાપકોપ ઊતરે. હાલ લગભગ ૨૦૦૦ વર્ષથી મંદિર નથી, કે મુલાકાતમંડપેય નથી. તો પાસ્ખાનું હલવાન ન જ વધેરી શકાય.

ઉપરની દલીલ યહૂદીઓની નજરે વાજબી હશે ! પણ ખ્રિસ્ત આપણો પાસ્ખાનો હલવાન આજથી બે હજાર વર્ષ ઉપર સદાને માટે કપાઈ ચૂક્યો છે, એટલે પાસ્ખાનો હલવાન યહૂદીઓએ કે કોઈએ હવે કાપવાનો રહેતો નથી. કદાચ યહૂદીઓ મંદિરમાં આવાં બલિદાનો ન ચઢાવે માટેય પ્રભુએ મંદિરનો નાશ (તિતસ બાદશાહને હાથે (ઈ.સ. ૭૦માં) થવા દીધો હશે ?

પાસ્ખા પાળતી વખતે યહૂદીઓ બીજી અનેક ક્રિયાઓ કરતા હોય છે. દાખલા તરીકે કેટલીક ઉપર ઉપરથી જોઈ લઈએ. માલાખીના પુસ્તકમાં ૩:૧, ૨ માં મસીહની આગળ એનો દૂત આવશે એ વિષે લખ્યું છે, અને માલાખી ૪:૫ માં લખ્યું છે : ''જુઓ, યહોવાનો મહાન

તથા ભયંકર દિવસ આવે તે પહેલાં હું તમારી પાસે એલિયા પ્રબોધકને મોકલી દઈશ.'' એ ઉપરથી યહૂદીઓ પાસ્ખા પાળતી વખતે આખરના તબક્કામાં ઘરનું બારણું ખુલ્લું કરી આવે છે, જેથી આવાનાર એલિયા અંદર આવે. વળી તેઓ ભોજન વખતે એલિયા માટે ખાલી ખુરસી અને પ્લેટ પણ મૂકે છે. તેઓ આ સમેય સમૂહમાં બોલે છે યા ગાય છે : ''એલિયાહુ હા નવી (નબી), એલિયાહુ હા તિશ્બી, એલિયાહુ, એલિયાહુ, એલિયાહુ હા ગિલાદી'' (પ્રબોધક એલિયા, તિશ્બી એલિયા, ગિલિયાદી એલિયા, પ્રબોધક એલિયા, વહેલા આવો). પણ પછી કોઈ આવતું નથી, એટલે તેઓ બારણું બંધ કરે છે.

વળી પાસ્ખા વખતે દ્રાક્ષના રસ સાથે પાણીના મિશ્રણવાળા ચાર પ્યાલા પણ જુદે જુદે સમયે પીવે છે : પહેલો પ્યાલો 'આશીર્વાદનો પ્યાલો' કહેવાય છે (૧ કરિંથી ૧૦:૧૬. ''આશીર્વાદના જે પ્યાલા પર આપણે આશીર્વાદ માગીએ છીએ...''). એ પ્યાલો લેતી વખતે કુટુંબનો વડીલ બોલે છે : ''બારૂખ અતાહ અદોનાય એલોહીનુ મેલેખ હા ઓલામ, બોરાઈ પારી હાગાફેન'' (દ્રાક્ષવેલાનાં ફળ તમે જ ઉત્પન્ન કર્યાં છે એવા સૃષ્ટિના રાજા, ઓ અમારા પ્રભુ, તમને ધન્ય હો). બીજો પ્યાલો પીધા પછી કડવી ભાજી લેવામાં આવે છે. 'કડવી ભાજી' મિસરની કડવી ગુલામી દર્શાવે છે. એ પછી ખરેખરું પાસ્ખાનું ભોજન લેવામાં આવે છે. એ પછી ગીતશાસ્ત્રમાંથી કેટલાંક ગીત ગાયા બાદ ત્રીજો પ્યાલો લેવામાં આવે છે. એને ''ઉદ્ધારનો (તારણનો) પ્યાલો કહેવામાં આવે છે. (''હું તારણનો પ્યાલો લઈને યહોવાના નામને વિનંતી કરીશ.'' ગી.શા. ૧૧૬:૧૩). સરખાવો લૂક ૨૨:૨૦.

આખરે ચોથો પ્યાલો લીધા પછી ગીતશાસ્ત્રનાં 'હાલેલ' ગીતો ગવાય છે. અને એ પછી 'એલિયા' માટે બારણું ખોલવાની ક્રિયા થાય છે. પ્રત્યેક યહૂદી કુટુંબ એવી આશા રાખે છે કે હમણાં જ એલિયા અંદર આવશે, અને પાછળ આવનાર મસીહાની છડી પોકારશે, અને મસીહા

આવીને પોતાના લોકોને 'એરેત્ઝ યીઝરાઈલ' (ઇઝરાયલની ભૂમિ)માં લઈ જશે. પણ એલિયા આવતો નથી. એટલે તેઓ છેલ્લે ગાય છે : ''લ'શાના(હ)હા બાબ'યીરુશાલેઈમ'' (આવતે વર્ષે યરૂશાલેમમાં હોઈશું).

આ ઉપરાંત, બેખમીરી રોટલીના ત્રણ કકડા કરવા અને એમાંનો વચલો કકડો સંતાડવો (ઈસુનું દફન સૂચક ?), પછી એને બહાર કાઢવો (ઈસુનું ઉત્થાન સૂચક ?), (વચલો કકડો એટલે પિતા, પુત્ર અને પવિત્ર આત્મામાંથી વચલો 'પુત્ર' ? કે પછી ક્રૂસે લટકાયેલા ત્રણમાંથી વચલો ?); યહૂદીઓ તો ત્રણ કકડાનો અર્થ કરતાં એમાં આખી યહૂદી પ્રજાની એકતા જુએ છે. ત્રણ ભાગ એટલે (૧) સામાન્ય યહૂદી લોકો, (૨) યાજક વર્ગ, અને (૩) લેવી વર્ગ ; ખાધેલા કકડાને એક વર્ષ માટે અભરાઈ પર મૂકી રાખવો (સ્વર્ગગમનનું સૂચક ?) અને આવતા પાસ્ખા પર્વ વખતે એ ઉતારવો (પુનરાગમનનું સૂચક ?). વળી તેઓ સરકામાં ફળોને બોળીને ચૂના જેવું દ્રાવણ બનાવીને (મિસરની ગુલામીમાં બાંધકામમાં તેઓને જે ચૂનો વાપરવો પડતો તેની યાદમાં) પીએ છે. ઉપરની ઘણી બધી ક્ષુલ્લક ક્રિયાઓ નિયમશાસ્ત્રમાં ક્યાંયે આપેલી દેખાતી નથી. કેટલાક લેખકો એ બિનજરૂરી ક્રિયાઓમાં ખ્રિસ્તી અર્થ જુએ છે. એમાં કેટલું તથ્ય હોઈ શકે ?

■

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELP'
425 CENTRAL A
CHELTENHAM, PA 19012-2103